CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૩૧ ડિસેમ્બર ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ સુદ ૧ | અંક : ૧૮૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ૬થી વધુ લોકો ઘાયલ, ૭૧,૦૦૦ ઘરોમાં વીજળી ગૂલ

## ટેક્સાસ, મિસિસિપીમાં ટોર્નેડો ત્રાટકતાં બેનાં મોત, ભારે વિનાશ

### નેશનલ વેધર સર્વિસે જણાવ્યું હતું કે બુડે અને બ્રાન્ડોન શહેરની આસપાસ બે ટોર્નેડો ત્રાટક્યા હતાં, જેમાં ઘણી ઇમારતોની છતો ઉડી ગઈ હતી

। (એજન્સી) હ્યુસ્ટન, તા.૩૦ ।

અમેરિકાના ટેક્સાસ અને મિસિસિપી રાજ્યોમાં શનિવારે અનેક ટોર્નેડો ત્રાટકતા ઓછામાં ઓછા બે લોકોના મોત થયાં હતાં અને ભારે વિનાશ વેરાયો હતો. આ ચક્રવાતથી છથી વધુ લોકો ઘાયલ પણ થયાં હતાં. અનેક ઘરોને નુકસાન થયું હતું અને વાહનો પલટી ગયા હતાં. વાવાઝોડાને કારણે હ્યુસ્ટનના બે મુખ્ય એરપોર્ટ બુશ ઈન્ટરકોન્ટિનેન્ટલ અને હોબી પર શનિવારે બપોરે ફ્લાઈટો એક કલાકથી વધુ વિલંબિત થઈ હતી. મિસિસિપીમાં આશરે ૭૧,૦૦૦ યુટિલિટી ગ્રાહકોના ઘરોમાં વીજળી ગૂલ થઈ હતી અને આ સંખ્યામાં વધારો થવાની ધારણા છે. બ્રેઝોરિયા કાઉન્ટી શેરિફ ઓફિસના પ્રવક્તા મેડિસન પોલ્સ્ટને જણાવ્યું હતું કે હ્યુસ્ટનની દક્ષિણ સ્થિત લિવરપૂલ વિસ્તારમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને ચાર લોકોને ઈજાઓ પહોંચી હતી. લિવરપૂલ અને હિલક્રેસ્ટ વિલેજ અને એલ્વિન વચ્ચે કાઉન્ટીમાં સંખ્યાબંધ ટોર્નેડો ત્રાટક્યા હતાં. અત્યાર સુધી ૧૦ મકાનોને નુકસાનના અહેવાલ મળ્યા છે, પરંતુ સત્તાવાળા નુકસાનનો તાગ મેળવી રહ્યાં છે. મિસિસિપીમાં એડમ્સ કાઉન્ટીમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું અને લેન્કલિન કાઉન્ટીમાં બે લોકો ઘાયલ થયાં હતાં. નેશનલ વેધર સર્વિસે જણાવ્યું હતું કે બુડે અને બ્રાન્ડોન શહેરની આસપાસ બે ટોર્નેડો ત્રાટક્યા હતાં, જેમાં ઘણી ઈમારતોની છતો ઉડી ગઈ હતી. આ કુદરતી તોફાનો કદાચ સાંજે સુધીમાં વધુ વિનાશ વેરી શકે છે. પૂર્વ તરફ આગળ વધતી વખતે રાત્રે તે વધુ ખરાબ સ્થિતિ ઊભી કરી શકે છે. હ્યુસ્ટન વિસ્તારમાં ઓછામાં ઓછા છ ટોર્નેડો ત્રાટક્યાં હતાં. હ્યુસ્ટનના કેટી અને પોર્ટર હાઈટ્સમાં મોબાઈલ ઘરોને નુકસાન થયું હતું અથવા નાશ પામ્યા હતાં. ફાયર સ્ટેશનના દરવાજા હવામાં ઉડી ગયા હતાં.



### PSLV-C60 અંગે આપ્યું નવું અપડેટ

## ISROએ સ્પેડેક્સ મિશનના લોન્ચિંગનો સમય બદલ્યો

### ઈસરોએ ફેરફાર કરવા પાછળનું કારણ જણાવ્યું નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ISROએ તેના મહત્ત્વાકાંક્ષી સ્પેસ મિશન ‘SpaDeX’ના લોન્ચિંગને બે મિનિટ મોડું કર્યું છે. ISROનું આ મિશન તેના સ્પેસ પ્રોગ્રામમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. અગાઉ ઈસરો આજે સોમવારે રાત્રે ૯.૫૮ કલાકે તેનું સ્પેસ ડોકિંગ મિશન SpaDeX લોન્ચ કરવા જઈ રહ્યું હતું, પરંતુ હવે આ લોન્ચિંગ રાત્રે ૧૦ વાગ્યે બે મિનિટ મોડું થશે. જો કે ઈસરોએ લોન્ચના સમયમાં આ ફેરફારનું કારણ જણાવ્યું નથી. ઈસરોએ ટ્વિટ કરીને લખ્યું કે, ‘લોન્ચિંગનો દિવસ આવી ગયો છે. આજે સોમવારે રાત્રે ૧૦ PM પર SpaDeX અને નવા પેલોડ સાથે PSLV-C60 ઉડાન ભરવા માટે તૈયાર છે. અવકાશ એજન્સીએ કહ્યું કે, ‘અવકાશ ડોકિંગ પ્રયોગ એ પૃથ્વીની ભ્રમણકક્ષામાં ડોક કરવાની ભારતની ક્ષમતા સ્થાપિત કરવા માટેનું એક મહત્ત્વપૂર્ણ મિશન છે, જે ભવિષ્યના માનવ અવકાશ મિશન અને સેટેલાઈટ સેવા મિશન માટે મહત્ત્વપૂર્ણ તકનીક છે.’ ઈસરોના એક અધિકારીએ કહ્યું કે, રવિવારે રાત્રે ૯ વાગ્યાથી શરૂ થયેલ ૨૫ કલાકનું કાઉન્ટડાઉન ચાલુ છે. ભારત પહેલા માત્ર ચીન, રશિયા અને અમેરિકાએ જ સ્પેસ ડોકિંગનું સફળ પરીક્ષણ કર્યું છે. ભારતના ચંદ્રયાન-૪ મિશનની સફળતા પણ SpaDeX મિશન પર નિર્ભર છે. આ મિશન હેઠળ ISRO પૃથ્વીની નીચલી કક્ષામાં બે અવકાશયાનને જોડશે. આ ઉપરાંત સ્પેસક્રાફ્ટને કનેક્ટ કર્યા બાદ તેમાં ઈલેક્ટ્રિક પાવર ટ્રાન્સફર કરવાની ટેક્નોલોજીનું પણ પરીક્ષણ કરવામાં આવશે. આ મિશન કેટલું પડકારજનક છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ISRO PSLV રોકેટમાં બે અવકાશયાન – સ્પેસક્રાફ્ટ A (SDX01) અને સ્પેસક્રાફ્ટ B (SDX02) એક ભ્રમણકક્ષામાં મુકશે જે તેમને એકબીજાથી ૫ કિમી દૂર રાખશે, દૂર પૃથ્વીની ભ્રમણકક્ષામાં પહોંચ્યા પછી અવકાશયાનની ગતિ લગભગ ૨૮,૮૦૦ કિલોમીટર પ્રતિ કલાક હશે. આ સ્પીડ કોમર્શિયલ એરક્રાફ્ટની સ્પીડ કરતાં ૩૬ ગણી અને બુલેટની સ્પીડ કરતાં ૧૦ ગણી વધુ હશે. આ સ્પીડમાં બંને સ્પેસક્રાફ્ટની સ્પીડને પહેલા જમીન પરથી કંટ્રોલ કરવામાં આવશે અને તેને ૦.૨૫ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડ પર લાવવામાં આવશે.

### સ્થાનીકોએ કહ્યું “સરસ્વતી નદી પ્રગટ થઈ”

## બોરવેલ દરમિયાન અચાનક ફૂટેલી જળધારાએ આખી દુનિયાને ચોંકવી દીધી

। (એજન્સી) જેસલમેર, તા.૩૦ ।

રાજસ્થાનના જેસલમેર જિલ્લાના મોહનગઢમાં બોરવેલ દરમિયાન અચાનક ફૂટેલી જળધારાએ આખી દુનિયાને ચોંકવી દીધી છે. દેશ-દુનિયાના વૈજ્ઞાનિકો આ ઘટના પર અભ્યાસ કરી રહ્યા છે.

ગત ૩૬ કલાકથી સતત અકધારા પ્રેશર સાથે નીકળી રહેલા મીઠા પાણીની જળધારા સરસ્વતી નદીની પણ હોઈ શકે છે. આ હકીકત અને થિયરી પર પણ કામ થઈ રહ્યું છે. વિશ્વ હિન્દુ પરિષદના નેતા વિનોદ બંસલે સોશિયલ મીડિયા પર પોસ્ટમાં આ વિશે ઘણાં તથ્યો જણાવ્યા છે. તેમનું કહેવું છે કે, કેટલાક વૈજ્ઞાનિકોએ આવી સંભાવના વ્યક્ત કરવા પોતપોતાનો વિચાર વ્યક્ત કર્યા છે.

વિશ્વ હિન્દુ પરિષદના નેતા વિનોદ બંસલનું કહેવું છે કે સ્થાનિક લોકો તેને દેવી સરસ્વતીની કૃપા પણ કહી રહ્યા છે, તેઓ કહે છે કે હવે દેવી સરસ્વતી સ્વયં પ્રગટ થયા છે. કેટલાક ભૂગર્ભજળ વૈજ્ઞાનિકો એવું પણ માની રહ્યા છે કે બોરવેલ ખોદકામ દરમિયાન આટલા મોટા પ્રમાણમાં પાણીનો પ્રવાહ અચાનક છૂટવો એ સામાન્ય ભૂગર્ભજળ રિસાવ હોઈ શકે નહીં.

આ ઘટનાની સંપૂર્ણ ભૂસ્તરશાસ્ત્રીય તપાસ કરવાની જરૂર છે જેથી લોકોની માન્યતાની પુષ્ટિ થાય કે હવે માતા સરસ્વતીએ તેમનો અજ્ઞાતવાસ પૂર્ણ કર્યો છે અને હાજર થવાનું નક્કી કર્યું છે. સ્થાનિક સરકારના વહીવટીતંત્રે પણ આ કુદરતી ઘટનાથી સ્થાનિક લોકોના પાક અને અન્ય મિલકતોને બચાવવા અને વળતર આપવાની વ્યવસ્થા કરવી જોઈએ. સ્થાનિક લોકોએ જણાવ્યું કે જેસલમેરના મોહનગઢ કેનાલ વિસ્તારમાં ચક ૨૭ બીડીના ત્રણ જોરા માઈનોરમાં એક બોરવેલ કરવામાં આવી રહ્યો હતો. અહીં મશીનો કામ કરી રહ્યા હતા, તે જ સમયે અચાનક પાણીનો પ્રવાહ ફૂટ્યો, પાણી જમીનથી ૩ થી ૪ ફૂટ ઉપર ફુવારો થયો. અહીં પ્રચંડ પ્રવાહથી પાણી નીકળ્યું અને બોરવેલ ખોદવાનું મશીન પણ જમીનમાં ધસી ગયું.

પાણીના પ્રવાહના કારણે આસપાસના ખેતરોમાં પણ પાણી ભરાઈ ગયા છે. વહીવટી અધિકારીઓ આ વિસ્તારમાં પહોંચી ગયા છે. નાયબ તહસીલદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ મોહનગઢ લલિત ચારણે લોકોને આ પાણીના પ્રવાહથી દૂર રહેવા કહ્યું છે. આ પાણી મીઠું છે. આ ઘટના લોકો માટે ભારે આશ્ચર્યનો વિષય બની છે. આ અંગે અનેક ચર્ચાઓ થઈ રહી છે.

### મસ્કે પણ ઉઠાવ્યા સવાલ

## અમેરિકામાં મૂળ ભારતીય એન્જિનિયરના મોત પર એફબીઆઈ તપાસની માંગ કરી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૩૦ ।

ChatGPT બનાવનાર કંપની OpenAI ના એક પૂર્વ કર્મચારી સુચિર બાલાજીના મોત પર સતત સવાલ ઉઠી રહ્યાં છે. સુચિરના માતા પૂર્ણિમા રામારાવે આ મોતની તપાસ અમેરિકન તપાસ એજન્સી FBI પાસે કરાવવાની માગ કરી છે. તેમની આ માગ પર એક્સ અને સ્પેસએક્સના માલિક ઈલોન મસ્કની પણ પ્રતિક્રિયા આવી છે. તેમણે સુચિર બાલાજીના મોતને આત્મહત્યા ગણાવવા પર મોટો સવાલ ઊભો કર્યો છે.

સુચિરના માતા પૂર્ણિમા રામારાવે કહ્યું છે કે અધિકારીઓએ ભલે મોતનું કારણ આત્મહત્યા ગણાવ્યું છે પરંતુ આ એક ક્રૂર હત્યા છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને ઘટનાની FBI તપાસની માગ કરી અને લખ્યુ કે, ‘અમે એક પ્રાઈવેટ ઈન્વેસ્ટિગેટરને કામ પર રાખ્યા. મોતનું કારણ શું છે. આ માટે તેનાથી મૃતદેહ બીજી વખત પરીક્ષણ કરાવાયું. પ્રાઈવેટ ઈન્વેસ્ટિગેટરનું કહેવું છે કે મોતનું કારણ તે નથી જે પોલીસે ગણાવ્યું છે.’ પોલીસે શરૂઆતી તપાસમાં મોતનું કારણ આત્મહત્યા ગણાવ્યું હતું. તે બાદથી જ સુચિરના માતા આને લઈને સવાલ ઉઠાવી રહ્યાં છે. તેમણે પોતાની પોસ્ટમાં આગળ લખ્યું, સુચિરના એપાર્ટમેન્ટમાં તોડફોડ કરવામાં આવી અને બાથરુમમાં સંઘર્ષના નિશાન છે. ખૂનના ડાઘના આધારે એવું લાગી રહ્યું છે કે કોઈએ તેને બાથરૂમમાં માર્યો છે. અમને ન્યાય મેળવવાથી રોકી શકાશે નહીં. આ પોસ્ટમાં પૂર્ણિમા રામારાવે ઈલોન મસ્ક અને વિવેક રામાસ્વામીને પણ ટેગ કર્યા. આ પોસ્ટ પર ઈલોન મસ્કની પણ કમેન્ટ આવી. તેમણે પોસ્ટને શેર કરતાં લખ્યું, સુચિર બાલાજી ChatGPT બનાવનારી કંપની OpenAIમાં કામ કરી ચૂક્યા છે. તેઓ ભારતીય-અમેરિકન મૂળના એન્જિનિયર હતા. OpenAI કંપનીમાં લગભગ ૪ વર્ષ વિતાવ્યા બાદ ઓક્ટોબર ૨૦૨૩માં કંપની છોડી દીધી. OpenAI માં સુચિરે કંપનીની ખાસ પ્રોડક્ટ ChatGPT માટે ડેટા કલેક્ટ કરવામાં યોગદાન આપ્યું. તેઓ લોઅર હાઈટ જિલ્લાના બુકાનન સ્ટ્રીટ એપાર્ટમેન્ટમાં રહેતા હતા.’ ૨૬ નવેમ્બરે એન્જિનિયરનો મૃતદેહ મળ્યો હતો પરંતુ મીડિયામાં આ જાણકારી ઘણાં દિવસો બાદ આવી. પોલીસે જણાવ્યું કે શરૂઆતી તપાસમાં તેમને ગરબડના કોઈ પુરાવા મળ્યા નહીં. પોલીસે આશંકા વ્યક્ત કરી છે કે આ આત્મહત્યાનો કેસ હોઈ શકે છે.

### ૪૦ વર્ષ બાદ ભોપાલ ગેસ કાંડનો ઝેરીલો કચરો ઉઠાવવાનું શરૂ

। (એજન્સી) ભોપાલ, તા.૩૦ ।

૪૦ વર્ષ પહેલાં ભોપાલમાં ગેસ દુર્ઘટના સર્જાઈ હતી. ત્યારે હવે ૪૦ વર્ષ બાદ યુનિયન કાર્બાઈડ ફેક્ટરીમાં દબાયેલા ઝેરીલા કચરાને ખતમ કરવાની પ્રક્રિયા શરુ થઈ ગઈ છે. ૩૭૭ મેટ્રિક ટન કચરો મધ્યપ્રદેશના ભોપાલથી ૨૫૦ કિલોમીટર દૂર બાળવાની તૈયારીઓ ચાલી રહી છે. પ્લાન પ્રમાણે ઈન્દોરના પીથમપુરામાં તેને ડિસ્પોઝ કરવામાં આવશે. મધ્ય પ્રદેશ સરકારે હાઈકોર્ટની ફટકાર બાદ આ કાર્યવાહી હાથ ધરી છે. એક અઠવાડિયા પહેલાં જ મધ્ય પ્રદેશ હાઈકોર્ટે સરકારને ફટકારને લગાવી હતી. હાઈકોર્ટે ભોપાલમાં ફેક્ટરી સાઈડથી કચરો ન હટાવવા પર સવાલ ઉઠાવ્યા હતા. કોર્ટે સરકારને પૂછ્યું હતું કે, સતત નિર્દેશ આપવા છતાં પણ કચરાનો નિકાલ કેમ કરવામાં નથી આવી રહ્યો? જ્યારે આ અંગે સુપ્રીમ કોર્ટની સાથે-સાથે હાઈકોર્ટે પણ નિર્દેશ જારી કર્યો છે. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે કહ્યું હતું કે, ‘નિષ્ક્રિયતાની સ્થિતિ’ વધુ એક દુર્ઘટનાનું કારણ બની શકે છે.

### ભારતનું WTC ફાઇનલમાં પહોંચવું મુશ્કેલ

## ટીમ ઇન્ડિયાની હાર, ૧૮૪ રનોથી જીત્યું ઓસ્ટ્રેલિયા

। (એજન્સી) મેલબોર્ન, તા.૩૦ ।

ઓસ્ટ્રેલિયાએ મેલબૉર્નમાં રમાયેલી ચોથી ટેસ્ટ મેચ જીતી લીધી છે. બૉક્સિંગ ડે ટેસ્ટમાં કાંગારુઓએ ૧૮૪ રનથી જીત મેળવી હતી. આ સાથે ઓસ્ટ્રેલિયાએ પાંચ મેચની ટેસ્ટ સીરીઝમાં ૨-૧ની સરસાઈ મેળવી લીધી છે. હવે ભારત માટે ઉઝ ફાઈનલમાં પહોંચવું મુશ્કેલ બની ગયું છે. આ ટેસ્ટના પાંચમા દિવસે ભારતને ૩૪૦ રનનો ટાર્ગેટ મળ્યો હતો. જવાબમાં ટીમ ઈન્ડિયા ૧૫૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી બીજા દાવમાં યશસ્વી જયસ્વાલે સૌથી વધુ ૮૪ રન બનાવ્યા હતા. જ્યારે ઓસ્ટ્રેલિયા તરફથી પેટ કમિન્સ અને સ્કોટ બૉલેન્ડે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. નાથન લિયોનને પણ બે સફળતા મળી હતી. મેલબૉર્નમાં બૉક્સિંગ ડે ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને ૧૮૪ રનથી હરાવ્યું છે. જીતવા માટેના ૩૪૦ રનના લક્ષ્યનો પીછો કરતા ભારતનો બીજો દાવ ૧૫૫ રનમાં સમેટાઈ ગયો હતો. ભારતીય ટીમે આજે જ લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો, પરંતુ ટીમ ઈન્ડિયા ત્રણ સેશન પણ રમી શકી ન હતી અને ૧૧ બેટ્સમેન પેવેલિયન પરત ફર્યા હતા. ૧૩ વર્ષ બાદ મેલબૉર્નમાં ટીમ ઈન્ડિયાની આ ટેસ્ટ હાર છે. આ પહેલા ભારતીય ટીમ ૨૦૧૧માં હારી ગઈ હતી. આ જીત સાથે ઓસ્ટ્રેલિયાએ ચાર ટેસ્ટ બાદ પાંચ મેચની સીરીઝમાં ૨-૧ની લીડ મેળવી લીધી છે. હવે પાંચમી અને છેલ્લી ટેસ્ટ ૩ જાન્યુઆરીથી સિડનીમાં રમાશે. ઓસ્ટ્રેલિયાની બીજી ઈનિંગ ૨૩૪ રનમાં સમેટાઈ જતા ભારતને જીતવા માટે ૩૪૦ રનનો ટાર્ગેટ મળ્યો હતો. ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત એકદમ નિરાશાજનક રહી. રોહિત શર્મા, કે એલ રાહુલ અને વિરાટ કોહલી ફટાફટ આઉટ થઈ જતા ટીમ ઈન્ડિયા મુશ્કેલીમાં મુકાઈ હતી. જો કે પંત અને જયસ્વાલે પછી બાજી સંભાળી પરંતુ પંત લાંબો સમય ટકી શક્યો નહીં અને ૩૦ રન કરીને આઉટ થઈ ગયો. ત્યારબાદ નીતિશકુમાર રેડ્ડી, ઋષભ પંત, વોશિંગ્ટન સુંદર પણ ટકી શક્યા નહીં. બુમરાહ, આકાશદીપ, સિરાજની વિકેટો પડી જતા ભારતે આખરે આ મેચ ગુમાવવાનો વારો આવ્યો.



### ૨૦૨૪-૨૫માં ૬.૬ ટકાના દરે GDP ગ્રોથ નોંધાવવાની શક્યતા : RBI

। નવી દિલ્હી, તા.૩૦ ।

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ ૨૦૨૪-૨૫ માટે ભારતનો જીડીપી ગ્રોથ ૬.૬ ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. આરબીઆઈના જણાવ્યા પ્રમાણે, વૈશ્વિક સ્તરે આર્થિક પરિસ્થિતિઓ અને ઘરેલુ માગમાં સુધારાના કારણે દેશનો જીડીપી ગ્રોથ સ્થિર રહેવાની સંભાવના છે. ભારતીય અર્થવ્યવસ્થામાં ઝડપી સુધારાના અવકાશ સાથે આગામી નાણાકીય વર્ષમાં સકારાત્મક અસરો જોવા મળવાનો આશાવાદ પણ વ્યક્ત કર્યો છે.

### વિમાનોમાં અવર-જવર કેટલી હદે સુરક્ષિત?

## ૭ વર્ષમાં ૮૧૩ વિમાન દુર્ઘટનામાં ૧૪૭૩ લોકોના મોત થયા

### ૨૦૨૩માં દુનિયાભરમાં ૧૦૯ વિમાન દુર્ઘટના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

દક્ષિણ કોરિયા અને અઝરબૈજાનના પેસેન્જર પ્લેન ક્રેશ થવાની ઘટનાએ સમગ્ર વિશ્વને હચમચાવી મૂક્યું છે. દુનિયામાં ૨૪ કલાકમાં ત્રણ દેશોમાં વિમાન દુર્ઘટનાની ત્રણ ઘટના બની, જેમાં દક્ષિણ કોરિયામાં ૧૭૯ લોકોનાં મોત નીપજ્યાં જ્યારે કેનેડા અને નોર્વેમાં વિમાન અકસ્માતોમાં પ્રવાસીઓનો ચમત્કારિક બચાવ થયો હતો. દક્ષિણ કોરિયામાં રવિવારે સવારે ૧૮૧ લોકોને લઈને જઈ રહેલું જેજુ એરનું બોઈંગ ૭૩૭-૮૦૦ વિમાન મુઆન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર લેન્ડિંગ કરતી વખતે આગળના લેન્ડિંગ ગીયરમાં ખામીના કારણે રનવે પર લપસી જતાં એક દિવાલ સાથે અથડાતા અગનગોળામાં ફેરવાઈ ગયું હતું. આ દુર્ઘનામાં ૧૭૯ લોકોના મોત થઈ છે. ક્યારેક પક્ષીઓ ટકરાવાથી તો ક્યારેક ટેક્નિકલ ખામી અથવા તો ખરાબ હવામાનના કારણે વિશ્વભરમાં વિમાન દુર્ઘટના સર્જાતી રહે છે. ત્યારે એવિએશન સેફ્ટીના આકંડા પ્રમાણે ૭ વર્ષમાં ૮૧૩ વિમાન દુર્ઘટનામાં ૧૪૭૩ લોકોના મોત નિપજ્યા છે.

## સ્ટેડિયમની VIP ગેલેરીથી ૧૫ ફૂટ નીચે પડ્યા કોંગ્રેસ MLA

। (એજન્સી) થિરૂવનંતપૂરમ, તા.૩૦ ।

કેરળના થ્રીક્કાકરાના કોંગ્રેસના ધારાસભ્ય ઉમા થોમસ રવિવારે સાંજે જવાહરલાલ નહેરુ ઈન્ટરનેશનલ સ્ટેડિયમની ગેલેરીમાંથી પડી જતાં ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેને માથા અને કરોડરજ્જુમાં ઈજા થઈ છે અને તેની સારવાર ચાલી રહી છે. રક્તસ્ત્રાવની સ્થિતિમાં, ધારાસભ્યને સ્વયંસેવકો અને અન્ય લોકો દ્વારા સ્ટેડિયમ નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ઉમા થોમસ કોંગ્રેસના દિવંગત નેતા પી.ટી. થોમસના પત્ની છે. થોમસ અને થ્રીક્કાકારા વિધાનસભા મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે. ૨૦૨૧માં પી.ટી થોમસના મૃત્યુ બાદ કોંગ્રેસે ઉમાને ચૂંટણીમાં ઉતાર્યા હતા. હોસ્પિટલ દ્વારા જારી કરાયેલા મેડિકલ બુલેટિન મુજબ, તેને માથા અને કરોડરજ્જુમાં ઈજાઓ થઈ છે, તેમની પાંસળીમાં ફ્રેક્ચર અને તેના ફેફસામાં આંતરિક રક્તસ્ત્રાવ થયો છે. હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું કે ધારાસભ્યની હાલત હજુ પણ નાજુક છે અને તેમને ‘વેન્ટિલેટર સપોર્ટ’ પર રાખવામાં આવ્યા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સ્ટેડિયમની ‘વીઆઈપી ગેલેરી’માંથી લગભગ ૧૫ ફૂટની ઊંચાઈએથી પડીને તેનું માથું જમીન પર અથડાયું હતું.

## વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ: નીતિશ કુમારનું કરિયર સમાપ્ત : પ્રશાંત કિશોર

। (એજન્સી) પટણા, તા.૩૦ ।

બિહારની રાજધાની પટનામાં છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા BPSC ઉમેદવારોના વિરોધમાં હવે રાજકારણ શરુ થઈ ગયું છે. જેમાં અલગ અલગ પાર્ટીઓના નેતાઓ એકબીજા પર સતત આરોપ લગાવી રહ્યા છે. હાલ બિહારમાં આ મુદ્દે ભારે રાજનીતિ ચાલી રહી છે. જાણો કેવી રીતે વિદ્યાર્થીઓનું આ આંદોલન બિહારમાં રાજકીય લડાઈનું કેન્દ્ર બની રહ્યું છે. જન સૂરજના નેતા પ્રશાંત કિશોરે રવિવારે પટનાના ગાંધી મેદાનમાં વિદ્યાર્થી સંસદ બોલાવી હતી. આ પછી મોડી સાંજે પોલીસે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કર્યો હતો. હવે આ અંગે પ્રશાંત કિશોરે મોટું નિવેદન આપ્યું છે. તેઓ આજે પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. પીકેએ કહ્યું કે, નીતીશ કુમારની કારકિર્દી ખતમ થઈ ગઈ છે. તેઓ વધુ એક વર્ષ માટે મુખ્યમંત્રી તરીકે કામ કરશે. પોલીસને આડકરતી ધમકી આપતા કહ્યું કે જે પોલીસ અધિકારીઓને હીરો બનવાનો શોખ છે, તેમણે સમજી લેવું જોઈએ કે એક વર્ષમાં સિસ્ટમ બદલાઈ જશે. જ્યારે વિપક્ષના નેતા તેજસ્વી યાદવે તેમને ભાજપની બી ટીમ ગણાવ્યા તો પ્રશાંત કિશોરે કહ્યું કે, બાળકોના મુદ્દે રાજનીતિ ન કરો.

CMYK

ભારતીય ડાક સેવાના અધિકારી ઉપરાંત સાહિત્યકાર, વિચારક અને બ્લોગર શ્રી કૃષ્ણ કુમાર યાદવ

# ટોપ હિન્દી બ્લોગ્સમાં સામેલ થયું પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવનું બ્લોગ 'ડાકિયા ડાક લાયા'

। અમદાવાદ, તા.૩૦ ।

દેશ-વિદેશમાં ઈન્ટરનેટ પર હિન્દી ભાષાના વ્યાપક પ્રચાર-પ્રસાર અને બ્લોગિંગના માધ્યમથી પોતાની રચનાત્મકતાની વિસ્તૃત વિસ્તૃતિકરણ કરનાર ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવના બ્લોગ 'ડાકિયા ડાક લાયા' (http://dakbabu.blogspot.com/) ને ટોપ હિન્દી બ્લોગ્સમાં સ્થાન મળ્યું. ઈન્ડિયન ટોપ બ્લોગ્સ નામક સર્વે એજન્સી દ્વારા વિશ્વના હિન્દી બ્લોગ્સ પર કરાયેલા સર્વેના આધાર પર આ બ્લોગને શ્રેષ્ઠ હિન્દી બ્લોગ્સની ડિરેક્ટરીમાં શામિલ કરવામાં આવ્યું છે, જેમાં વર્ષ ૨૦૨૪માં ૧૦૪ હિન્દી બ્લોગોને સ્થાન મળ્યું છે. ૧૦૦થી વધુ દેશોમાં જોવાતો અને વંચાતો 'ડાકિયા ડાક લાયા' બ્લોગ હાલમાં ૧૬૦૦થી વધુ પોસ્ટ પ્રકાશિત છે. વર્ષ ૨૦૦૮થી બ્લોગિંગમાં સક્રિય અને 'દશકના શ્રેષ્ઠ હિન્દી બ્લોગર દંપતિ' તેમજ



સાર્ક દેશોના શ્રેષ્ઠ 'પરિકલ્પના બ્લોગિંગ સાર્ક શિખર સન્માન'થી સમ્માનિત શ્રી કૃષ્ણ કુમાર યાદવ હિન્દી બ્લોગિંગ ક્ષેત્રમાં એક જાણીતા નામ બન્યા છે. 'ડાકિયા ડાક લાયા' બ્લોગ તેની વિવિધ પોસ્ટ્સ દ્વારા ડાક સેવાઓની વિશાળતા, વિવિધતા અને આધુનિક સમયમાં તેમાં થયેલાં બધા બદલાવોને રેખાંકિત કરે છે. આ બ્લોગ દ્વારા ડાક સેવાઓ સાથે જોડાયેલા ઘણા જાણીતા – અજાણ પાસાંને પ્રકાશિત કરવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે.

ગૌરતલબ છે કે બહુમાત્રિક વ્યક્તિત્વ ધરાવતા શ્રી કૃષ્ણ કુમાર યાદવ ભારતીય ડાક સેવા ના ૨૦૦૧ બેચના વરિષ્ઠ અધિકારી છે, સાથે-સાથે સામાજિક, સાહિત્યિક અને સમકાલીન મુદ્દાઓ પર લેખન કરનારા સાહિત્યકાર, વિચારક અને બ્લોગર પણ છે. અત્યાર સુધી એમની ૭ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂકી છે - 'અભિલાષા' (કાવ્ય-સંગ્રહ), 'અભિવ્યક્તિઓના બહાના ' અને 'અનુભૂતિઓ અને વિમર્શ' (નિબંધ-સંગ્રહ), 'India Post : 150 Glorious Years' (૨૦૦૬), 'ક્રાંતિ-યજ્ઞ : ૧૮૫૭-૧૯૪૭ ની ગાથા', 'જંગલમાં ક્રિકેટ' (બાલ-ગીત સંગ્રહ) અને ' ૧૬ આને ૧૬ લોક' (નિબંધ-સંગ્રહ). વિભાગીય દાયિત્વ અને હિન્દી નાપ્રચારદરમિયાન, લંડન, ફ્રાંસ, જર્મની, નેદરલૅન્ડ, દક્ષિણ કોરિયા, ભૂટાન, શ્રીલંકા, નેપાલ જેવા દેશોની યાત્રા કરી છે. 'શબ્દ સર્જન કી ઓર' (http://kkyadav.blogspot.com) અને 'ડાકિયા ડાક લાયા' (http://dakbabu.blogspot.com) આપના પ્રખ્યાત બ્લોગ્સ છે. નેપાલ, ભૂટાન અને શ્રીલંકા સહિત અનેક દેશોમાં આયોજિત આંતરરાષ્ટ્રીય બ્લોગર્સ સંમેલનમાં આપને સન્માનિત કરવામાં આવ્યા છે. દેશના વિવિધ ભાગોમાં - સુરત (ગુજરાત), કાનપુર, અંદમાન-નિકોબાર દ્વીપસમૂહ, પ્રયાગરાજ, જોધપુર, લખનૌ, વારાણસીમાં વિવિધ પદો પર કાર્ય કરવા ઉપરાંત હાલમાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ તરીકે કાર્યરત છે.

જોખમી રીતે નદી પાર કરી કરવા પડ્યા દર્શન

## તંત્રની બેવડી નીતિના કારણે દ્વારકામાં મુસાફરોને હાલાકી

। (એજન્સી) દ્વારકા, તા.૩૦ ।

ગુજરાત સહિત દેશવિદેશમાં લોકો અત્યારે નાતાલના વેકેશનની મજા માણી રહ્યાં છે. એવામાં ગુજરાતીઓ ૨૦૨૪ના મીની વેકેશનમાં દ્વારકાની મુલાકાત લઈ રહ્યાં છે. દ્વારકામાં મોટી સંખ્યામાં મુસાફરો ઉમટ્યા છે. પરંતુ, સુદામા બ્રિજ બંધ હોવાના કારણે જાણે લોકોની મજા સજામાં ફેરવાઈ રહી છે. પ્રવાસીઓને ગોમતી ઘાટ પાસે દર્શન કરવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સિવાય ભક્તોએ દર્શન કરવા માટે બજારની બહાર સુધી લાંબી લાઈનમાં ઊભા રહેવું પડે છે. દર્શનાર્થે આવેલાં ભક્તોની એક કિમીથી પણ વધારે લાંબી લાઈન જોવા મળી રહી છે. હાલ દ્વારકા દર્શનાર્થે આવેલાં ગોમતી નદી સામે આવેલાં પૌરાણિક તીર્થ સ્થાનો પર જવા ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. કારણકે, ગોમતી ઘાટ પાસે આવેલા સુદામા સેતુ બ્રિજ છેલ્લાં કેટલાંક સમયથી બંધ છે. જેના કારણે લોકો નદીમાંથી પસાર થઈને સામે કાંઠે મંદિરે જઈ રહ્યાં છે. ઘણાં લોકો બાળકો સાથે જોખમી રીતે નદી પાર કરતાં હોવાના કારણે કોઈ મોટી દુર્ઘટના સર્જાવાની પણ સંભાવના છે. નોંધનીય છે કે, દ્વારકાના સ્થાનિક તંત્ર દ્વારા કોઈ મોટી દુર્ઘટના ન થાય તે માટે સુદામા સેતુ બ્રિજ લોકોની સુરક્ષા માટે બંધ કરાયો હતો.



આજે વર્ષ ૨૦૨૪ને વિદાય આપવા અને નવા વર્ષ એટલે કે ૨૦૨૫નું સ્વાગત કરવા માટે અમદાવાદમાં અનેક જગ્યાએ ઉજવણી થશે. ૩૧મી ડિસેમ્બરની ઉજવણી પહેલા અમદાવાદ પોલીસ સજ્જ થઈ ગઈ છે.

## બાંધકામ સાઇટના નવમાં માળેથી શ્રમિક નીચે પટકાતાં મૃત્યુ થયું

। (એજન્સી) રાજકોટ, તા.૩૦ ।

રાજકોટના ૧૫૦ ફૂટ રોડ પર એક જગ્યાએ બાંધકામ ચાલી રહ્યું હતું. જ્યાં કન્સ્ટ્રક્શન સાઈટ પર યુવાન નવમા માળેથી નીચે પટકાયો છે. યુવાન નીચે પટકાતા તેને ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં શ્રમિકનું મૃત્યુ નીપજ્યું છે. હાલ પોલીસે આ અંગે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. રાજકોટના ગોડાઉન રોડ પર અરિહંત નગર પાછળ ચાલતી તુલસીપાત્ર બાંધકામ સાઈટ પર કામ કરતાં અને ત્યાં જ રહેતાં જેનુભાઈ બચુભાઈ પલાસીયા આજે સવારે બાંધકામ સાઈટ પર નવમા માળે કામ કરતો હતો ત્યારે ત્યાંથી શરીરનું સંતુલન ગુમાવતાં તે નીચે પટકાયો હતો.

## રાજકોટના પ્રૌઢની અર્ધબળેલ હાલતમાં લાશ મળી આવી હતી

। (એજન્સી) રાજકોટ, તા.૩૦ ।

ગોંડલના મોટા મહિકા ગામે બે દિવસ પુર્વે રાજકોટના પ્રૌઢની અર્ધબળેલ હાલતમાં લાશ મળી આવી હતી. આ બનાવમાં પોલીસ તપાસમાં આ લાશ રાજકોટના પ્રૌઢની નહિ પણ તેના પાડોશીની હોવાની અને રાજકોટના પ્રૌઢે વિમો પકવવા માટે ખુની ખેલ ખેલી ખોફનાક કાવત્રુ રચી પડોશીને મોતને ઘાટ ઉતારી દીધાનું ઘટસ્ફોટ થતા ખળભળાટ મચી ગયો છે. રૂરલ એલસીબી અને ગોંડલ તાલુકા પોલીસે ફિલ્મી સ્ટોરીને પણ ટક્કર આપતી આ ઘટના ઉપરથી ફોરેન્સિક પીએમ રિપોર્ટના આધારે પડદો ઊંચક્યો છે. મળતી માહિતી મુજબ, ગોંડલ તાલુકાનાં મોટા મહીકા ગામે ખંઢેર બનેલા રહેણાંક મકાનમાંથી બે દિ' પુર્વે અર્ધ સળગેલી હાલતમાં પુરુષની લાશ મળી આવતા તાલુકા પોલીસ તથા એલસીબી મોટા મહીકા દોડી ગઈ હતી અને બનાવ શંકાસ?પદ હોય મૃતદેહને ફોરેન?સિક પીએમ માટે રાજકોટ ખસેડાયો હતો અને મૃતકની ભાળ મેળવતા પુછપરછ શરૂ કરતાં ગ્રામજનોનાં કહેવા મુજબ મૃતક રાજકોટમાં મોરબી રોડ ઉપર સદગુરૂ સોસાયટીમાં રહેતાં હસમુખભાઈ મુળશંકર વ્યાસ (ઉ.૪૬) હોવાનું જાણવા મળ્યું હતું.

૩૧ ડિસેમ્બરને લઈને પોલીસ એક્શનમાં

## ગુજરાતની બોર્ડર પર આવેલી ચેકપોસ્ટ ઉપર સઘન ચેકિંગ

। (એજન્સી) અમીરગઢ, તા.૩૦ ।

ગુજરાતની બોર્ડર પરના જિલ્લામાંથી ઘણી વખત દારૂ સહિતના કેફી પદાર્થોની ગુજરાતમાં ઘુસણખોરી ઝડપાઈ છે, ત્યારે રાજ્યની બોર્ડર પર આવેલા જિલ્લાઓની ચેકપોસ્ટ પર ૩૧ ડિસેમ્બરને લઈને પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં બનાસકાંઠા, અમરેલી સહિતના જિલ્લામાં પોલીસ એક્શનમાં આવીને સંવેદનશીલ ચેકપોસ્ટ પર સઘન ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ ચેકપોસ્ટ પર દારુ સહિતના કેફી પદાર્થો ઝડપાતા રહે છે. જ્યારે હવે ૩૧ ડિસેમ્બરને થોડા જ દિવસો બાકી છે, તેવામાં બનાસકાંઠા પોલીસ એલર્ટ મોડમાં આવી છે. પોલીસ દ્વારા અમીરગઢ ચેકપોસ્ટ પર સઘન ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, અમીરગઢ ચેકપોસ્ટ પર ૨૪ કલાક રાઉન્ડ ક્લોક પોલીસનું ચેકિંગ શરૂ છે. જેમાં રાજસ્થાનમાંથી આવતા વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન આશરે ૯૦ જેટલા શખસો નશાની હાલતમાં જોવા મળ્યા હતા. જ્યારે લાખો રૂપિયાના નશીલા પદાર્થો ઝડપાયા હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, અમરેલી જિલ્લામાં પણ ૩૧ ડિસેમ્બર પહેલા સઘન ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં જિલ્લાની ઉના, સોમનાથ હાઈવે રોડ પરની ખાંભા, રાજુલા, નાગેશ્રી, દીવ, સહિતના ૬૦ જેટલી ચેકપોસ્ટ પર વાહનોનું કડક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ સાથે હોટલ-રીસોર્ટમાં દારુ કે નશીલા પદાર્થોની કોઈ પ્રવૃત્તિની સામે અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાટે પોલીસને વિવિધ હોટલ-રીસોર્ટ પર પણ ચેકિંગની કામગીરી હાથ ધરવા સૂચના આપવામાં આવી છે.

## માહિતી ખાતાના વર્ગ-૩ કર્મચારી મંડળની દક્ષિણ ગુજરાત ઝોન/કારોબારી બેઠક ગિરિમથક સાપુતારા ખાતે યોજાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૩૦ ।

રાજ્ય સરકારના માહિતી ખાતાના અધિકારી અને કર્મચારીઓ વચ્ચે યોગ્ય તાલમેલ સાથે રોજિંદી કામગીરીમા ઉદભવતા નાના મોટા પ્રશ્નોના સાનુકૂળ નિરાકરણ અર્થે સતત પ્રયત્નશીલ, એવા માહિતી ખાતાના વર્ગ-૩ કર્મચારી મંડળની દક્ષિણ ગુજરાત ઝોન/કારોબારી બેઠક, તાજેતરમા ગિરિમથક સાપુતારા ખાતે યોજાઈ ગઈ. 'વિવાદ નહિ, સંવાદ' ના સૂત્રને સાર્થક કરતા આ કર્મચારી મંડળ દ્વારા ભૂતકાળમા પણ, કર્મચારી અને અધિકારીઓને એક મંચ પ્રદાન કરી, પરસ્પર સંવાદના માધ્યમથી ઉદભવતી સમસ્યાઓ કે પ્રશ્નોનુ નિરાકરણ લાવવાના સ્તુત્ય પ્રયાસો કરાયા હતા.



જે શૃંખલાને આગળ ધપાવતા આ વખતે દક્ષિણ ગુજરાત ઝોનના કર્મચારીઓ અને રાજ્ય સ્તરના કારોબારી મંડળના હોદ્દેદારોએ એકઠા થઈ, પરસ્પર વિશ્વાસ અને પારિવારિક ભાવના સાથે, ફરજની સાથે ઉદભવતા પ્રશ્નોના નિરાકરણ માટે સામુહિક ચિંતન કર્યું હતુ. મંડળના પ્રમુખ શ્રી કિરીટ બેંકરે સૌને દોરવણી આપતા માહિતી ખાતાની રોજબરોજની કામગીરી, ટિમ ભાવના સાથે હાથ ધરી પોતાની કારકિર્દીને આગળ ધપાવવા સાથે, જો નાની મોટી સમસ્યા કે પ્રશ્નો ઉદભવે તો તેને મંડળના માધ્યમથી યોગ્ય સ્તરે પહોંચાડવામા આવી રહ્યા છે તેમ જણાવ્યુ હતુ. શ્રી બેંકરે વર્ષો જુના વહીવટી પ્રશ્નોનુ સુખદ નિરાકરણ લાવવામા મંડળને સફળતા મળી છે તેમ સદ્રસ્ટાન્ત જણાવ્યુ હતુ. પ્રમુખશ્રીએ આ માટે વિભાગ/ખાતાના ઉચ્ચાધિકારીઓ પ્રત્યે પણ આભારની લાગણી વ્યક્ત કરી હતી. માહિતી વિભાગ હસ્તકના કાયમી પ્રદર્શન કેન્દ્ર-સાપુતારા ખાતે આયોજિત કર્મચારી મંડળની આ બેઠકમા, સ્વાગત વક્તવ્ય દક્ષિણ ગુજરાત ઝોનના સંગઠન મંત્રી એવા સુરતના ટેકનિકલ આસિસ્ટન્ટ શ્રી નરેશ પટેલે આપ્યુ હતુ. જ્યારે અંતે આભારવિધિ વલસાડના કચેરી અધિક્ષક એવા કારોબારી સભ્ય શ્રી અક્ષય દેસાઈએ આટોપી હતી. દક્ષિણ ગુજરાત ઝોનની આ કારોબારી બેઠકમા ડાંગ, તાપી, નર્મદા, ભરૂચ, સુરત, નવસારી, અને વલસાડ જિલ્લાના કર્મચારીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. જેમને રાજ્ય કક્ષાએથી પધારેલા પ્રમુખ શ્રી કિરીટ બેંકર, ઉપ પ્રમુખ સુશ્રી ફોરમ રાઠોડ, સર્વશ્રી વિપુલ ચૌહાણ, અને સી.એમ.વાઘેલા તથા કારોબારી સભ્યો એવા સુશ્રી ધર્મિસ્ઠા સોની, ઋચા રાવલ, અને ચૈતાલી પટેલ, ઉપરાંત સર્વશ્રી ઉમંગ બારોટ દિપક જાદવ, હર્ષદ રૂપાપરા, અને વિકટર ડામોર સહિતના હોદ્દેદારોએ માર્ગદર્શિત કર્યા હતા. મંડળે યજમાન એવા જિલ્લા માહિતી કચેરી, આહવાના તમામ કર્મયોગીઓનો પણ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

વરસાદની કોઇપણ પ્રકારની સંભાવના નથી

## આગામી સપ્તાહ દરમિયાન મોટાભાગે વાતાવરણ સૂકું રહેશે

। (એજન્સી) અમદાવાદ, તા.૩૦ ।

ભરશિયાળે રાજ્યના હવામાનમાં પલટો જોવા મળ્યો હતો. જે બાદ હવે ફરી એક વખત ઠંડીનો માહોલ જામ્યો છે. સાથે જ ઘણી જગ્યાએ વાદળછાયું વાતાવરણ અને ધુમ્મસ જોવા મળી રહ્યું છે. આવામાં હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે આગામી સપ્તાહ દરમિયાન રાજ્યનું વાતાવરણ કેવું રહેશે, તે અંગે માહિતી આપી હતી. તેમણે રાજ્યમાં વરસાદની સંભાવના, તાપમાનમાં થનારા ફેરફાર અને કોલ્ડવેવની સંભાવના વગેરે મુદ્દે અપડેટ આપી હતી. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું કે, આગામી સપ્તાહ દરમિયાન મોટાભાગે વાતાવરણ સૂકું રહેશે. હાલ આ દરમિયાન વરસાદની કોઈપણ પ્રકારની સંભાવના નથી.

આ સાથે જ તેમણે તાપમાન વિશે માહિતી આપતાં કહ્યું કે, ગત ૨૪ કલાકમાં કોઈપણ જગ્યાએ વરસાદ નોંધાયો નથી. જ્યારે રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં ૫.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં ૧૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. સાથે જ જણાવ્યું કે, હાલ કોલ્ડવેવની સંભાવના દેખાતી નથી. આગામી પાંચ દિવસ દરમિયાન પણ કોલ્ડવેવની કોઈ ચેતવણી આપવામાં આવી નથી.

આગામી દિવસોમાં તાપમાનની માહિતી આપતાં અભિમન્યુ ચૌહાણે જણાવ્યું કે, આગામી પાંચ દિવસ દરમિયાન વાતાવરણમાં કોઈ ફેરફાર જોવા મળશે નહીં. આગામી પાંચ દિવસ દરમિયાન મોટાભાગની જગ્યાઓએ ૧થી ૨ ડિગ્રી તાપમાનમાં વધારો જોવા મળશે. આગામી ૨૪ કલાક દરમિયાન અમદાવાદનું તાપમાન ૧૪-૧૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૧૪ ડિગ્રી રહેવાની સંભાવના છે. તાજેતરમાં હવામાનમાં આવેલા પલટા વિશે તેમણે જણાવ્યું હતું કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના લીધે તાપમાનમાં વધારો જોવા મળ્યો હતો. તેની અસર દૂર થતાં પાછું તાપમાન સામાન્ય થવા લાગ્યું છે. સાથે જ તેમણે કહ્યું કે, ઉત્તરના ભાગોમાં હિમવર્ષા થતાં ત્યાંથી ઠંડી ગુજરાત તરફ આવતાં તાપમાનમાં ઘટાડો થયો છે. આ સ્થિતિ આગામી બે-ત્રણ દિવસ સુધી સૌરાષ્ટ્ર-કચ્છમાં યથાવત જોવા મળશે. જે બાદ તાપમાનમાં થોડોક વધારો જોવા મળી શકે છે.

## ભરૂચના દહેજની GFL કંપનીમાં ગેસ લીકેજથી આગ : ચારના મોત

। (એજન્સી) ભરૂચ, તા.૩૦ ।

ભરૂચ જિલ્લાના દહેજમાં આવેલ જીએફએલ કંપનીમાં ગેસ લીકેજ થયા બાદ લાગેલ આગમાં બળીને ચાર કામદારોના મોત થયા છે. જીએફએલ કંપનીના CMS પ્લાન્ટમાં આ દુર્ઘટના સર્જાઈ હતી. વાલ્વ લીકેજ થતા કામદારોને ગેસ ગળતર બાદની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. જો કે, આ ઘટનાને લઈને દહેજ એસડીએમ એ યોગ્ય તપાસ અને વળતર માટેની સૂચનાઓ આપી હતી. જી એફ એલ કંપનીએ, મૃતક કામદારના નજીકના પરિવારજનને રૂપિયા ૨૫ લાખ વળતર પેટે આપવાની જાહેરાત કરી હતી.ઔદ્યોગિક કોરીડોરમાં આવેલ ભરૂચ જિલ્લાના દહેજ સ્થિત, જીએફએલ કંપનીમાં એક અકસ્માત સર્જાયો હતો. જીએફએલ કંપનીના CMS પ્લાન્ટમાં ગેસનો વાલ્વ લીકેજ થતા ગંભીર બનાવ બન્યો હતો. વાલ્વ લીકેજના કારણે પ્રસરેલા ગેસથી એકાએક આગની જ્વાળાઓ ઉઠી હતી. જેમાં કામદારો ચપેટમાં આવી જતા ચાર કામદારના મોત થયા છે.દહેજની જીએફએલ કંપનીના CMS પ્લાન્ટમાં સર્જાયેલ દુર્ઘટનાની ગંભીરતા જોતા, એસ ડી એમ અને દહેજ મરીન પોલીસના અધિકારીઓ સિવિલ હોસ્પિટલ પહોચી ગયા હતા.

ભારત માતા કી જયના નારાથી સમગ્ર વિસ્તાર ગુંજ્યો

## રાયજાદા બ્રિગેડિયર તરીકે સેવા આપી નિવૃત થતા વતનમાં ભવ્ય સ્વાગત થયું

। (એજન્સી) કેશોદ, તા.૩૦ ।

મા ભોમની જીવનભર રક્ષા કરી ગુજરાતને ગૌરવ અપાવનાર સેનાના એક ઉચ્ચ અધિકારીની સેના નિવૃતિ પર આખા ગુજરાતને ગૌરવ છે. જૂનાગઢના સોંદરડાના વતની એવા નિરવસિંહજી રાયજાદા ભારતીય સેનામાં બ્રિગેડિયર તરીકે સેવા આપી નિવૃત થયા છે. વર્ષો સુધી દેશની સેનામાં મહત્વની જવાબદારીઓ નિભાવી રાષ્ટ્ર સેવાનું એક અધ્યાય પૂર્ણ કરી નિવૃત થનારા રાયજાદાજીનું સમગ્ર વિસ્તારે ભવ્ય સ્વાગત કર્યુ છે.

કેશોદના પાન દેવ લેઉવા પાટીદાર સમાજથી સોંદરડા સુધીની રેલીમાં અનેક ઠેકાણે નિરવસિંહજીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. ભારત માતા કી જયના નારાથી આખો વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. આ જમીનમાં રમીને ઉછરી સેનામાં સામેલ થઈ દુશ્મનોના દાંત ખાંટા કરનાર નિરવસિંહજી રાયજાદાની સેવા પર સમગ્ર ગુજરાતે ગર્વની લાગણી વ્યક્ત કરી છે. સોંદરડાના વતની બ્રિગેડિયર નિરવકુમાર કૃષ્ણસિંહ ૩૦ નવેમ્બર ૨૦૨૪ ના રોજ આર્મીમાંથી નિવૃત થયા બાદ આજે વતન આવી પહોંચ્યા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કેશોદથી બાઈક તેમજ કાર રેલી સ્વરૂપે તેમના વતન સોંદરડા પહોંચ્યા હતા. જ્યાં સમસ્ત ગામે અને રાયજાદા રાજપૂત સમાજે તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

નીરવ સિંહે ૩૫ વર્ષ પહેલા ભારતીય સેનામાં સેકન્ડ લેફ્ટનન્ટ તરીકે શરૂઆત કરી બ્રિગેડિયર સુધી પહોંચી તેઓ ૩૦ નવેમ્બર ૨૦૨૪ ના રોજ નિવૃત થયા હતા. તેમણે સૈનિક સ્કૂલ બાલાચડીમાંથી શિક્ષણ લીધું હતું અને ત્યારબાદ નેશનલ ડિફેન્સ એકેડેમી ખડકવાસલા ત્રણ વર્ષ ટ્રેનિંગ કર્યા બાદ તેમણે ઈન્ડિયન મિલેટ્રી એકેડમી દેહરાદુનમાં એક વર્ષ ટ્રેનિંગ લીધી હતી. તેઓએ ધાંગધ્રાથી સેકન્ડ લેફટનન્ટ તરીકેની શરૂઆત કરી આજે ભોપાલ ખાતે એસએસબી ઈન્ટરવ્યૂના બોર્ડ પ્રેસિડેન્ટ તરીકે ૩૦ નવેમ્બરના રોજ નિવૃત્તિ થયા હતા.૩૫ વર્ષની લાંબી કારકિર્દી દરમિયાન તેમણે દેશની અલગ-અલગ બોર્ડર ઉપર ફરજ બજાવી છે. જેમાં સિયાચીન ગ્લેસીયર, જમ્મુ અને કશ્મીર તેમજ સિક્કિમ બોર્ડરનો સમાવેશ થાય છે. નિરવસિંહજીએ પોતાની કારકિર્દી દરમિયાન અનેક મેડલ મેળવ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

તેમની પ્રોસ્ટેટ સર્જરી કરવામાં આવી હતી

# બેંજામિન નેતન્યાહૂની તબિયત લથડી, હોસ્પિટલમાં દાખલ

## ઈઝરાયેલના નાયબ વડા પ્રધાન અને ન્યાય પ્રધાન યારીવ લેવિને અસ્થાયી રૂપે વડા પ્રધાનનો ચાર્જ સંભાળ્યો હતો



। (એજન્સી) જેરૂસાલેમ, તા.૩૦ ।

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ હોસ્પિટલમાં દાખલ છે. તેમની સતત બગડતી તબિયતને કારણે તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. જ્યાં તેની પ્રોસ્ટેટ સર્જરી કરવામાં આવી હતી. ઓપરેશન સફળ થયું અને પ્રોસ્ટેટ કાઢી નાખવામાં આવ્યું છે. દરમિયાન, જ્યારે નેતન્યાહુ હોસ્પિટલમાં રહે છે, ત્યારે તેમના નજીકના સહયોગી યારીવ લેવિન, જે તેમની સરકારમાં નાયબ વડા પ્રધાન અને ન્યાય પ્રધાન પણ છે, કાર્યકારી વડા પ્રધાન તરીકે સેવા આપશે. ઈઝરાયેલની સરકારી કચેરીના જણાવ્યા અનુસાર, બુધવારે નેતન્યાહુને યુરિનરી ટ્રેક્ટ ઈન્ફેક્શન હોવાનું નિદાન થયું હતું. જે બાદ તેની તબીબી સારવાર શરૂ કરવામાં આવી હતી. ૭૫ વર્ષીય નેતન્યાહૂ વિશ્વના સૌથી વૃદ્ધ નેતાઓમાં સામેલ છે. નેતન્યાહુ ઉપરાંત યુએસ પ્રમુખ જો બિડેન, ૮૨, નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ૭૮, બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વા, ૭૯ અને પોપ ફ્રાન્સિસ ૮૮વર્ષના છે. નેતન્યાહુએ તાજેતરના વર્ષોમાં સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓનો સામનો કર્યો છે. તેમના નજીકના લોકોએ જેરુસલેમ પોસ્ટને જણાવ્યું કે, સતત યુદ્ધમાં ફસાયેલા ઈઝરાયેલના વડાપ્રધાન હોવાને કારણે તેઓ ઘણા દિવસોથી પોતાના સ્વાસ્થ્ય પર ધ્યાન આપી રહ્યા ન હતા. તેના વકીલ અમિત હદાદે સર્જરી પહેલા કોર્ટને જાણ કરી હતી ,કે તે ઓપરેશન માટે જઈ રહ્યો છે. તેણે ઘણા દિવસો સુધી હોસ્પિટલમાં રહેવું પડશે જેથી તેને જુબાની આપવા આવતા અટકાવવામાં ન આવે. કોર્ટે તેને મંજૂરી આપી હતી. આ વર્ષની શરૂઆતમાં, માર્ચમાં, નેતન્યાહૂએ જનરલ એનેસ્થેસિયા હેઠળ હર્નીયાની સર્જરી કરાવી હતી. આ દરમિયાન પણ ઈઝરાયેલના નાયબ વડા પ્રધાન અને ન્યાય પ્રધાન યારીવ લેવિને અસ્થાયી રૂપે વડા પ્રધાનનો ચાર્જ સંભાળ્યો હતો. જુલાઈ ૨૦૨૩માં, નેતન્યાહુને ડિહાઈડ્રેશનનો અનુભવ થયાના એક અઠવાડિયા પછી, એરિથમિયાથી પીડિત તેમને પેસમેકર લગાવવા માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ઘટના બાદ ઈઝરાયલમાં ઘણા લોકોમાં વડાપ્રધાનના સ્વાસ્થ્યને લઈને ઘણી અટકળો ચાલી રહી હતી. જાન્યુઆરીમાં જાહેર કરાયેલા એક મેડિકલ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે નેતન્યાહુનું પેસમેકર યોગ્ય રીતે કામ કરી રહ્યું છે અને તે "સંપૂર્ણપણે નોર્મલ છે.

### ન્યૂઝ બ્રિફ

## ઇથિયોપિયામાં ટ્રક નદીમાં ખાબકતાં ૬૦થી વધુના મૃત્યુ

। (એજન્સી) આફ્રિકા, તા.૩૦ ।

આફ્રિકન દેશ ઈથિયોપિયામાં એક મોટી દુર્ઘટના સર્જાઇ છે. અહીં મુસાફરોથી ભરેલી ટ્રક નદીમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ૬૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. દક્ષિણ સિદામા ક્ષેત્રના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ભયાનક અકસ્માત બોના જિલ્લામાં થયો હતો. પ્રાદેશિક સંચાર બ્યુરોએ રવિવારે મોડી રાત્રે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને બોના જનરલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. સરકારી માલિકીની ઈથિયોપિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (EBC) અનુસાર, તમામ લોકો એક લગ્ન સમારોહમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ઈથિયોપિયામાં ગંભીર માર્ગ અકસ્માતો સામાન્ય છે. નબળા ડ્રાઈવિંગ ધોરણો અને જર્જરિત વાહનો અહીં સલામત પરિવહનમાં સૌથી મોટી અડચણ છે. લગભગ છ વર્ષ પહેલા ૨૦૧૮માં ઈથિયોપિયામાં એક મોટો અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં વિદ્યાર્થીઓથી ભરેલી બસ ખાઈમાં પડી હતી, જેમાં ૩૮ લોકોએ જીવ ગુમાવ્યા હતા. અહેવાલ અનુસાર, તમામ લોકો ઈસુઝુ ટ્રકમાં મુસાફરી કરી રહ્યા હતા.

## જજોના સગા-સંબંધીઓ જજ નહીં બને! કોલેજિયમમાં નામ આગળ ન મૂકવા પર વિચારણા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂકને લઈને ઘણી વખત એવી છાપ ઉભી થઈ છે કે પસંદગી પ્રક્રિયામાં પ્રથમ જનરેશનના વકીલોને મહત્ત્વ આપવામાં આવતું નથી. તેના બદલે, જે લોકો બીજી જનરેશનના વકીલો છે અને જેમના પરિવારના સભ્યો પહેલેથી જ જજ છે તેઓને જજ તરીકે બઢતી આપવામાં આવે છે. હવે આ ધારણાને ખતમ કરવાની પહેલ કોલેજિયમ તરફથી આવી શકે છે. હવે મળતી માહિતી મુજબ, કોલેજિયમ એવા લોકોના નામ આગળ મૂકવાથી બચશે, જેમના પરિવારના સભ્યો અથવા સંબંધીઓ પહેલાથી જ હાઈકોર્ટ અથવા સુપ્રીમ કોર્ટના જજ છે. જો આમ થશે તો કોલેજિયમ દ્વારા જજોની પસંદગી કરવાની પ્રક્રિયામાં મોટો ફેરફાર થશે. ઉલ્લેખનીય છે કે, ન્યાયાધીશોમાં મોટી સંખ્યામાં એવા લોકો છે જેમના પરિવારના સભ્યો અથવા સંબંધીઓ ભૂતકાળમાં પણ કાયદાકીય વ્યવસાય સાથે જોડાયેલા છે. મળતી માહિતી મુજબ, કોલેજિયમમાં સમાવિષ્ટ કેટલાક ન્યાયાધીશોએ જ પ્રસ્તાવ મૂક્યો હતો કે આવા લોકોના નામ, જેમના પરિવારના સભ્યો અથવા સંબંધીઓ પહેલાથી જ ન્યાયાધીશ રહી ચૂક્યા છે અથવા તેઓના નામ આગળ ન મૂકવા જોઈએ. જ્યારે આ અંગે ચર્ચા થઈ ત્યારે એ વાત પણ ઉઠી કે આવો નિર્ણય લેવાથી અમુક લાયકાત ધરાવતા લોકો પણ નીકળી જશે, જેઓ યોગ્ય છે.

કોંગ્રેસ નેતાઓની ગેરહાજરી દેખાતાં રાજકીય વિવાદ

# પૂર્વ પીએમ મનમોહન સિંઘની અસ્થિઓ યમુનામાં વિસર્જિત

## શીખ પરંપરા મુજબ રવિવારે પૂર્વ પીએમ ડો.મનમોહન સિંઘની અસ્થિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંઘની અસ્થિઓને રવિવારે યમુના નદીમાં શીખ વિધિ સાથે વિસર્જિત કરવામાં આવી હતી. દિલ્હીના નિગમ બોધ ઘાટ ખાતે શનિવારે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. રવિવારે અસ્થિ વિસર્જન દરમિયાન કોંગ્રેસના કોઈ નેતા ન દેખાતાં ભાજપે પ્રહારો કર્યા છે. તેનો આક્ષેપ હતો કે, અસ્થિ વિસર્જન વખતે કોંગ્રેસના કોઈ નેતા આવ્યા ન હતા, કોંગ્રેસના નેતાઓ માત્ર ફોટો પડાવવા માટે જ



અંતિમ સંસ્કારમાં હાજર હતા. શીખ પરંપરા મુજબ રવિવારે પૂર્વ પીએમ ડૉ.મનમોહન સિંઘની અસ્થિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ડૉ. મનમોહન સિંઘના પત્ની ગુરશરણ કૌર અને પરિવારના અન્ય સભ્યો નિગમ બોધ ઘાટથી અસ્થિ અને અવશેષો લઈને ગુરુદ્વારા મજનૂ કા ટીલા પહોંચ્યા હતાં. અહીં શબદ કીર્તન, પારાયણ અને પ્રાર્થના કરવામાં આવી હતી. આ પછી અસ્થિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. ડૉ. મનમોહન સિંઘની અસ્થિ વિસર્જનનો વિડિયો પોસ્ટ કરતી વખતે કોંગ્રેસે ગુરુદ્વારા પાસે યમુના ઘાટ પર વિસર્જન કર્યું હતું. આપણે બધા મનમોહન સિંઘજીની દેશ પ્રત્યેની સેવા, સમર્પણ અને તેમની સાદગીને હંમેશા યાદ રાખીશું. કોંગ્રેસની પોસ્ટ બાદ ભાજપે કોંગ્રેસ પર જોરદાર હુમલો કર્યો હતો.

આંદોલનને બદનામ કરવાનો અને દબાવવાનો કેન્દ્ર પર આક્ષેપ

# ડલ્લેવાલને બળજબરીથી ખસેડવા કે નહીં તે કેન્દ્ર નક્કી કરે : ખેડૂતો

## પંજાબ સરકારના અધિકારીઓની એક ઉચ્ચ સ્તરીય ટીમ ડલ્લેવાલને મળી હતી, મેડિકલ સારવાર લેવાની વિનંતી કરી હતી

। (એજન્સી) ચંડીગઢ, તા.૩૦ ।

પંજાબ અને હરિયાણાની ખનૌરી બોર્ડર પર ૩૪ દિવસથી આમરણાંત ઉપવાસ કરી રહેલા ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલની તબિયત લથડી રહી છે ત્યારે ખેડૂત નેતાઓ જણાવ્યું હતું કે તેઓ ગાંધીવાદી માર્ગ અપનાવીને આંદોલન રહ્યા છે અને ડલ્લેવાલને બળજબરીથી ઉઠાવી જવા કે નહીં તેનો નિર્ણય કેન્દ્ર સરકારે કરવાનો છે. ડલ્લેવાલને હોસ્પિટલમાં શિફ્ટ ન કરવા બદલ સુપ્રીમ કોર્ટે પંજાબ સરકારની ઝાટકણી કાઢી તે



પછી ખેડૂત નેતાઓ આ નિવેદન આપ્યું હતું. તાજેતરમાં પંજાબ સરકારના અધિકારીઓની એક ઉચ્ચ સ્તરીય ટીમ ડલ્લેવાલને મળી હતી અને મેડિકલ સારવાર લેવાની વિનંતી કરી હતી. જોકે ડલ્લેવાલે મેડિકલ સારવાર લેવાનો ઈનકાર કર્યો હતો. રવિવારે ખનૌરી ખાતેથી ખેડૂત નેતા અભિમન્યુ કોહરે જણાવ્યું હતું કે અમે સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે કેન્દ્ર પહેલા દિવસથી જ અમારા આંદોલનને બદનામ કરવાનો અને દબાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. ખેડૂતો હઠીલા છે તેવો દુષ્પ્રચાર કરી રહી છે, પરંતુ હકીકતમાં કેન્દ્ર સરકાર ખેડૂતોની માગણીઓ પર ધ્યાન આપી રહી નથી. અમે આ સિદ્ધાંતોનું પાલન કરી રહ્યા છીએ. હવે તે સરકાર અને બંધારણીય સંસ્થાઓ પર નિર્ભર છે કે તેઓ ડલ્લેવાલને હાંકી કાઢવા બળનો ઉપયોગ કરવા માંગે છે કે નહીં.

-૨૦ ડિગ્રીમાં ચાલી રહી છે ઓપરેશનલ તૈયારીઓ

# હાડ થીજવતી ઠંડી વચ્ચે ભારતીય સેના અડગ

। (એજન્સી) લદાખ, તા.૩૦ ।

લદાખની હાડ થીજવતી ઠંડી, બરફના તોફાન, હિમપ્રપાતનો ખતરો અને ચીન -પાકિસ્તાનના કાવતરાં છતાં પણ ભારતીય સૈનિકો સરહદો પર અડગ છે. લેહના ઉપરના વિસ્તારોમાં માઈનસ ૨૦ ડિગ્રીથી ઓછા તાપમાનમાં સેનાના કામ્બેટ એન્જીનીયર્સ ઓપરેશનલ તૈયારીઓને તેજ બનાવી રહ્યા છે. અભ્યાસ દરમિયાન કોમ્બેટ એન્જીનીયર્સ સેનાના કાફલાને બોર્ડર સુધી પહોંચવા માટે ટુંક સમયમાં પુલ બનાવવાની તાલીમ આપી રહ્યા છે. બીજી તરફ, સિયાચીન ગ્લેશિયર અને પૂર્વી લદાખના સૌથી ઊંચા વિસ્તારોમાં સૈનિકો હાલમાં ન્ઝ પર વિશેષ પેટ્રોલિંગ કરીને ઉચ્ચ સ્તરની તકેદારી દર્શાવી રહ્યા



છે. યુદ્ધના મેદાનમાં કોમ્બેટ એન્જિનીયર્સ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સરહદ તરફ સેનાની આગળ વધવામાં કોઈ અડચણ ન આવે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી તેમની છે. હાલના સમયમાં લેહમાં ૧૨ હજારથી વધુની ઊંચાઈ પર ભારે ઠંડી વચ્ચે સેનાના ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સની એન્જિનિયરિંગ રેજિમેન્ટના અધિકારીઓ અને સૈનિકો મોરચો સંભાળી રહ્યા છે. ઉચ્ચતમ વિસ્તારોમાં સેનાની એન્જિનિયરિંગ રેજિમેન્ટની કવાયત એ અધિકારીઓ અને સૈનિકોના તમામ હવામાન પરિસ્થિતિઓમાં યુદ્ધ માટે તૈયાર રહેવાના આત્મવિશ્વાસનું પ્રતીક છે. લદાખ જેવા મુશ્કેલ વિસ્તારમાં યુદ્ધના મેદાનમાં કોમ્બેટ એન્જિનિયર્સ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેમની પાસે ઝડપથી કાર્યવાહી કરવાની અને સેનાની ટેક્ક અને વાહનોને સરહદની નજીક લાવવા માટે પુલ, ટ્રેક અને હેલિપેડ વગેરે બનાવવાની ક્ષમતા છે. લદાખની કડકડતી શિયાળામાં જવાનોનું મનોબળ હંમેશા ઉંચુ રહે છે. સૈનિકોને સિયાચીન ગ્લેશિયર જેવા વાતાવરણમાં કામ કરવાની તાલીમ આપવામાં આવે છે. અહીં જીવન સરળ નથી. જાન્યુઆરીમાં સિયાચીન ગ્લેશિયરનું તાપમાન માઈનસ ૫૦ ડિગ્રી થઈ જાય છે. સિયાચીન ગ્લેશિયરની સાથે પૂર્વ લદાખના ગાલવાન જેવા વિસ્તારોમાં ભારતીય સૈનિકો ઉચ્ચસ્તરની સતર્કતા જાળવી રહ્યા છે અને દરેક પડકારનો સામનો કરવા તૈયાર છે. ડિસેમ્બરની ઠંડી વચ્ચે ઓપરેશનલ તૈયારીઓને ઝડપી બનાવવા માટે ઉત્તરી કમાન્ડના આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ એમવી સુચેન્દ્ર કુમાર અને ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સના કોર્પ્સ કમાન્ડરે પણ ઘણી મુલાકાતો કરી ચૂક્યા છે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલ સાથે લદાખની રોડ કનેક્ટિવિટી ખોરવાયા બાદ એરફોર્સના વિમાન ચંદીગઢથી ઉડાન ભરીને લદાખમાં સેનાની જરૂરિયાતોને પૂરી પાડે છે.

## કુંભ મેળામાં આકાશથી માંડી પાણીમાં પણ ચુસ્ત સુરક્ષા

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૩૦ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભ ૨૦૨૫ની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. મહાકુંભ મેળામાં આકાશથી માંડી નદીના ઊંડાણ સુધી સુરક્ષા વ્યવસ્થા તૈનાત કરવામાં આવી છે. સંસ્કૃતિ મંત્રાલયે રવિવારે જણાવ્યું હતું કે, પ્રથમ વખત પ્રયાગરાજ મહાકુંભમાં સંગમ ક્ષેત્રમાં ૨૪ કલાક નજર રાખવા માટે ૧૦૦ મીટર સુધી ગોતાખોરી કરવામાં સક્ષમ અંડરવોટર ડ્રોન તહેનાત કરવામાં આવશે. મંત્રાલયે જણાવ્યું કે, તીર્થયાત્રીઓ અને અન્ય મુલાકાતીઓની સુવિધા માટે ભારતની સંસ્કૃતિ અને વિવિધતા પ્રદર્શિત કરવા ૯૨ માર્ગોનું રિનોવેશન, ૩૦ બ્રિજ અને ૮૦૦ બહુભાષીય સંકેતો લગાવવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ઉત્તરપ્રદેશ સરકાર પ્રયાગરાજમાં મહાકુંભ ૨૦૨૫નું ભવ્ય, સુરક્ષિત અને આધ્યાત્મિક રૂપે સમૃદ્ધ આયોજન કરવાની ખાતરી કરી રહી છે. ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલનારા આ ૪૫ દિવસીય કુંભ મેળામાં વિશ્વભરમાંથી ૪૦ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ આવવાની સંભાવના છે.

દુબઈમાં તેનો લક્ઝુરિયસ વિલા પણ મળ્યો હતો

# ટ્રાન્સપોર્ટ કોસ્ટેબલની બે નંબરની કમાણી જોઈને EDના અધિકારીઓ પણ ચોંક્યા

## શાહપુરામાં નિર્માણાધીન એક શાળા અને ઈન્દોરના વિજયનગર પાસે હોટલ પણ મળી આવી છે, જે સૌરભની હોવાનું કહેવાય છે

। (એજન્સી) ભોપાલ, તા.૩૦ ।

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલના પૂર્વ ટ્રાન્સપોર્ટ કોન્સ્ટેબલ સૌરભ શર્માને લઈને સતત નવા ખુલાસા થઈ રહ્યા છે. સૌરભ શર્મા પાસે અપાર સંપત્તિ છે, જે તેમના પરિવારના સભ્યો અને નજીકના લોકોના નામે છે. તપાસ દરમિયાન તેમની સંપત્તિ વિશે જે માહિતી મળી છે તે આશ્ચર્યજનક છે. વિદેશમાં રોકાણના પુરાવા શોધવાની સાથે દુબઈમાં તેનો લક્ઝુરિયસ વિલા પણ મળ્યો હતો, જેની કિંમત ૧૫૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આ સાથે જ તેના ફેમિલી બિઝનેસને લઈને પણ મોટો ખુલાસો થયો છે. એક પારિવારિક વ્યવસાયમાં ૫૦૦ કરોડના ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. સૌરભની પત્ની, સસરા, માતા અને પુત્ર તમામના નામે કાળું નાણું છે. ઈન્દ્ર સાગર ડેમનું ટેન્ડર પત્ની દિવ્યા અને ચેતનના નામે હતું. ઈન્દોરમાં ત્રણ ઘર અને ગ્વાલિયરમાં ૧૮ એકર જમીન દિવ્યા અને ચેતનના નામે છે. આ સિવાય પુત્ર અભિરલના નામે લાખો રૂપિયાની એફડી મળી છે. માતા ઉમાના નામે સુખી



સેવાનિયામાં એક વેરહાઉસ, સસરા ચેતન, કોલારમાં એક શાળા, મયુર વિહારમાં ૪ બંગલા, અરેરા કોલોની, ૧૧ નંબર, પ્રધાન મંડપમ મળી આવ્યા છે. હોશંગાબાદ રોડ, ઔબેદુલ્લાગંજ રોડ પર ૩ પેટ્રોલ પંપ પણ મળી આવ્યા છે. શાહપુરામાં નિર્માણાધીન એક શાળા અને ઈન્દોરના વિજયનગર પાસે એક હોટલ પણ મળી આવી છે, જે સૌરભની હોવાનું કહેવાય છે. આ ઉપરાંત સૌરભના ભાગીદાર શરદ જયસ્વાલના નામે ઈ-૮માં ૩.૩૦ કરોડની કિંમતનું મકાન પણ મળી આવ્યું છે. તમને જણાવી દઈએ કે સૌરભ પાસેથી કરોડો રૂપિયા રોકડા, ૫૪ કિલો સોનું અને અનેક ક્વિન્ટલ ચાંદી મળી આવ્યા બાદ હંગામો મચી ગયો હતો.

## પંજાબ સરકાર જ નથી ઈચ્છતી કે ડલ્લેવાલને તબીબી સહાય મળે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

સુપ્રીમ કોર્ટે આશરે એક મહિનાથી અનશન પર બેઠેલા ખેડૂત નેતા જગજીત સિંહ ડલ્લેવાલને હોસ્પિટલમાં ન ખસેડવા બદલ શનિવારે પંજાબ સરકારની આકરી ઝાટકણી કાઢી હતી. સર્વોચ્ચ અદાલતે આ ખેડૂત નેતાને મેડિકલ સહાય આપવાનો વિરોધ કરતાં આંદોલનકારી ખેડૂતોના ઈરાદા પર પણ સવાલો ઉઠાવ્યાં હતાં. એક અસાધારણ સુનાવણીમાં ન્યાયાધીશ સૂર્યકાન્ત અને સુધાંશુ ધુલિયાની વેકેશન બેન્ચે પંજાબ સરકારને ડલ્લેવાલને હોસ્પિટલમાં ખસેડવા માટે સમજાવવા માટે ૩૧ ડિસેમ્બર સુધીનો સમય આપ્યો હતો અને જરૂર પડે તો કેન્દ્ર પાસેથી લોજિસ્ટિકલ સપોર્ટ મેળવવાની છૂટ આપી હતી. પંજાબ સરકારે કહ્યું હતું કે ખેડૂતોએ ડલ્લેવાલને ઘેરી લીધા છે. ડલ્લેવાલે પણ કોઈપણ પ્રકારની તબીબી સહાયનો ઈનકાર કરતાં ચીમકી આપી છે કે જો તેમને બળજબરીપૂર્વક હોસ્પિટલમાં લઈ જવાશે તો ખેડૂતો અને પોલીસ બંનેની જાનહાનિ થઈ શકે છે. સુપ્રીમ કોર્ટે પંજાબના એડવોકેટ જનરલ ગુરમિન્દર સિંહને સવાલ કર્યા હતાં કે આવી સ્થિતિ કોને ઊભી કરી છે. આંદોલનસ્થળને કિલ્લો બનાવવાની મંજૂરી કોણે આપી? ન્યાયાધીશ સૂર્યકાન્તે જણાવ્યું હતું કે શાંતિપૂર્ણ આંદોલનને સમજી શકાય છે, પરંતુ તાત્કાલિક તબીબી સહાયની જરૂર હોય તેવા વ્યક્તિને હોસ્પિટલમાં ખસેડવાનો વિરોધ એવી બાબત છે કે જે ક્યારેય સંભાળી નથી.

અભિનેતા અલ્લુ અર્જુનની મુશ્કેલી વધી

# રેગ્યુલર જામીન અરજી પર 3 દિવસ પછી થશે નિર્ણય

## ૧૩ ડિસેમ્બરે અલ્લુ અર્જુનને તેલંગાણા હાઈકોર્ટે એક દિવસ પછી ચાર અઠવાડિયા માટે વચગાળાના જામીન આપ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

અલ્લુ અર્જુન આ દિવસોમાં તેની ફિલ્મ 'પુષ્પા ૨'ને લઈને ઘણા સારા અને વિવાદાસ્પદ કારણોસર ચર્ચામાં છે. અભિનેતાને આજે સોમવારે તેની ફિલ્મના પ્રીમિયર દરમિયાન નાસભાગમાં એક મહિલાના મૃત્યુના કેસમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા હૈદરાબાદની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ કેસમાં આરોપી અર્જુને હાઈકોર્ટમાંથી વચગાળાના જામીન મળ્યા બાદ રેગ્યુલર જામીન માટે અરજી કરી હતી, પરંતુ સુનાવણી બાદ હજુ સુધી નિર્ણય આવ્યો નથી. સંધ્યા થિયેટર કેસમાં કોર્ટે અલ્લુ અર્જુનના નિયમિત જામીન પરનો નિર્ણય ત્રણ દિવસ માટે મુલતવી રાખ્યો છે. ૧૩ ડિસેમ્બરે ધરપકડ કરાયેલા અલ્લુ અર્જુનને તેલંગાણા હાઈકોર્ટે એક દિવસ પછી ચાર અઠવાડિયા માટે વચગાળાના જામીન આપ્યા હતા. ૪ ડિસેમ્બરે સંધ્યા થિયેટરમાં નાસભાગ મચી હતી, જેમાં મહિલાનો પુત્ર ઘાયલ થયો હતો. અલ્લુ અર્જુન, તેની સુરક્ષા ટીમ અને થિયેટર મેનેજમેન્ટ સામે કેસ નોંધવામાં આવ્યો



હતો. નામપલ્લી કોર્ટમાં આજે અલ્લુ અર્જુનની જામીન અરજી પર સુનાવણી થઈ હતી. પોલીસે અલ્લુ અર્જુનની જામીન અરજી સામે કાઉન્ટર દાખલ કર્યું હતું. હવે કોર્ટ ત્રણ દિવસ પછી ૩જી જાન્યુઆરીએ અલ્લુ અર્જુનના નિયમિત જામીન પર નિર્ણય જાહેર કરશે. અલ્લુ અર્જુનના વકીલ સિનિયર કાઉન્સિલ નિરંજન રેડ્ડીએ તેમની જામીન અરજી પર દલીલ કરી હતી. જ્યારે પબ્લિક પ્રોસિક્યુશન દ્વારા અલ્લુ અર્જુનની જામીન અરજી ફગાવવાની માંગ કરવામાં આવી હતી. બંને પક્ષોની દલીલો પૂર્ણ થયા બાદ નામપલ્લી કોર્ટે ચુકાદો ૩ જાન્યુઆરી સુધી મુલતવી રાખ્યો હતો.

## તંત્રી લેખ...

## ૫.૬ ડિગ્રી તાપમાન સાથે નલિયા બન્યું ઠંડુગાર

રાજ્યભરમાં હવે શિયાળની ઠંડી બરાબર જામી છે, ત્યારે આજના તાપમાનની વાત કરીએ તો કેટલાય શહેરો ઠંડાગાર બન્યા છે. ડિસેમ્બરની વિદાય અને જાન્યુઆરીની શરૂઆતમાં ઠંડીનું જોર વધવાની આગાહી કરવામાં આવી રહી છે. તાજા અપડેટ પ્રમાણે, આજે ફરી એકવાર નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યુ છે, આજે નલિયામાં ૫.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. આ સાથે જ રાજ્યમાં ૧૨ શહેરોનો પારો ૧૫ ડિગ્રીથી નીચે રહ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, રાજ્યમાં હજુ પણ આગામી દિવસોમાં તાપમાનનો પારો ગગડશે, અને રાજ્યના કેટલાક શહેરોમાં ઠંડીનું મોજુ ફરી વળશે, આજના અપડેટ વિશે વાત કરીએ તો, ઉત્તર ભારતથી વાતા ઠંડા પવનના કારણે રાજ્યમાં કાતિલ ઠંડીનો જબરદસ્ત અનુભવ થઈ રહ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છમાં ગાત્રો થીજાવતી ઠંડી પડી રહી છે. આજે નલિયામાં ૫.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે, અને આ સાથે નલિયા ફરી એકવાર રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યુ છે, તો વળી કેશોદમાં આજે ૮.૧ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ છે. અમદાવાદમાં દિવસભર વાઈ રહેલા પવનના કારણે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. રાજ્યમાં આજે નલિયા સહિત ૧૨ શહેરમાં લઘુતમ તાપમાનનો પારો ૧૫ ડિગ્રીથી નીચે નોંધાયો છે. આગામી ત્રણ દિવસ હવામાનમાં કોઈ ખાસ મોટા ફેરફારની શક્યતા નહીંવત છે. હવામાન વિભાગ અને આગાહીકારોની આગાહી પ્રમાણે, રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં હજુ પણ માવઠાનું સંકટ તોળાઈ રહ્યું છે, જો રાજ્યમાં આજે માવઠું થશે તો ખેડૂતો અને ખેતીને નુકસાન પહોંચી શકે છે, અત્યારે ખેડૂતોનો વરિયાળી, બટાટા, ઘઉં, ચણા, જીરૂ અને રાયડો પાક છે, જો વરસાદ પડશે તો આ તમામ પાકોમાં મોટુ નુકસાન પહોંચી શકે છે. શીતપ્રકોપ ની અસર શહેરના જુદા જુદા સતત -ધમધમતા રાજમાર્ગો પર રાત્રીના પગરવ સાથે પાંખી ચહલ પહલ જોવા મળી હતી.ખાસ કરી સાંજે શહેરમાં ગરમ પીણાનુ વેચાણ કરતા દુકાનદારોને ત્યાં ખાસ્સો તડાકો જોવા મળ્યો હતો.

## પાકિસ્તાન આર્મી બાંગ્લાદેશમાંથી ભારતમાં આતંક ફેલાવી શકે

બાંગ્લાદેશમાંથી શેખ હસીનાને ભગાડ્યા પછી નવી રચાયેલી મુહમ્મદ યુનુસની સરકાર એક તરફ ભારત તરફ આકરું વલણ અપનાવી રહી છે ત્યારે બીજી તરફ પાકિસ્તાનના ખોળામાં બેસવા માંડી છે. નોબલ પ્રાઈઝ વિજેતા મુહમ્મદ યુનુસની સરકાર ભારત સાથેના સંબંધોમાં કાપ મૂકી રહી છે ત્યારે પાકિસ્તાનને અછોવાનાં કરી રહી છે. તેના ભાગરૂપે ઢાકાથી-ઈસ્લામાબાદ વચ્ચેની ડાયરેક્ટ ફ્લાઈટ ફરી શરૂ કરી દેવાઈ અને પછી પાકિસ્તાનીઓ માટે વિઝામાં પણ રાહત જાહેર કરી દેવાઈ. હવે બાંગ્લાદેશના લશ્કરને પાકિસ્તાન આર્મીના અધિકારીઓ ટ્રેનિંગ આપવાના છે અને બાંગ્લાદેશ નેવી પાકિસ્તાન નેવી સાથે મળીને સંયુક્ત ક્વાયત પણ કરવાનું છે. પાકિસ્તાન દર ૨ વર્ષે સાથી દેશો સાથે કવાયત કરે છે. આ વખતે ૨૦૨૫ના ફેબ્રુઆરીમાં કરાચી બંદરથી પાકિસ્તાન અને બાંગ્લાદેશ નૌકાદળની સંયુક્ત કવાયત શરૂ થવાની છે. આ સંયુક્ત કવાયતને અમન-૨૦૨૫ નામ આપવામાં આવ્યું છે. .બાંગ્લાદેશ નેવી દોઢ દાયકા પછી પહેલી વાર આ ક્વાયતમાં જોડાશે. બાંગ્લાદેશમાં જનરલ ઈરશાદનું શાસન હતું ત્યારે પાકિસ્તાન અને બાંગ્લાદેશનાં લશ્કર સંયુક્ત ક્વાયત કરતાં હતાં. બેગમ ખાલીદા ઝિયાના શાસનમાં પણ આ સિલસિલો ચાલુ રહ્યો હતો પણ શેખ હસીનાને પાકિસ્તાન માટે નફરત હતી. શેખ હસીનાના ૧૫ વર્ષના કાર્યકાળ દરમિયાન બાંગ્લાદેશે પાકિસ્તાન આર્મીથી દૂર રહેવાનું પસંદ કરેલું ને કોઈ પણ ક્વાયતમાં ભાગ લીધો ન હતો. શેખ હસીના તો એ હદે પાકિસ્તાનનાં વિરોધી હતાં કે ૨૦૨૨માં પાકિસ્તાનના યુદ્ધ જહાજ તૈમૂરને ફ્યુઅલ ભરાવવા માટે ચટગાંવ બંદરે રોકાવાની મંજૂરી પણ આપી ન હતી. તૈમુરે ફ્યુઅલ ભરાવવા માટે છેક મ્યાનમાર સુદી લાંબું થવું પડેલું અને મ્યાનમારના ક્યોકફૂ પોર્ટ પર રોકાવું પડ્યું હતું. શેખ હસીના પાકિસ્તાન સાથે કોઈ પણ પ્રકારના સહકારની વિરુદ્ધ હોવાથી પાકિસ્તાનીઓ તેમનાથી દૂર ભાગતા હતા. આ કારણે જ પાકિસ્તાનીઓએ હસીનાને ઊથલાવવામાં સક્રિય ભૂમિકા ભજવી અને શેખ હસીના ખસ્યાં કે તરત જ પાકિસ્તાનીઓએ બાંગ્લાદેશમાં આવનજાવન શરૂ કરી દીધી. આઘાતની વાત એ છે કે, બાંગ્લાદેશની મુહમ્મદ યુનુસ સરકાર પણ પાકિસ્તાનની બગલમાં ભરાઈ રહી છે અને તેના ભાગરૂપે જ પાકિસ્તાની લશ્કર સાથે ૫૩ વર્ષ પછી બાંગ્લાદેશ ફરી સંબંધો સ્થાપિત કરીને બેસી ગયું છે. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ હમણાં બાંગ્લાદેશ ગયા ત્યારે યુનુસે શરીફને લાલ જાજમ પાથરીને આવકાર્યા હતા. આ યાત્રા દરમિયાન પાકિસ્તાન આર્મીના જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફ કમિટીના ચેરમેન જનરલ સાહિર શમશાદ મિર્ઝાએ મોકલેલા બાંગ્લાદેશ આર્મીને ટ્રેનિંગના પ્રસ્તાવ પર પણ ચર્ચા થઈ હતી. મિર્ઝાઓ નવેમ્બરમાં બાંગ્લાદેશને ટ્રેનિંગનો પ્રસ્તાવ મોકલ્યો હતો. યુનુસ તો લશ્કરની કઠપૂતળી છે તેથી બાંગ્લાદેશના આર્મી ચીફ જનરલ વકાર-ઉઝ-ઝમાને આ પ્રસ્તાવને સ્વીકાર્યો એટલે તેમણે પણ લીલી ઝંડી આપી દીધી. યુનસે લીલી ઝંડી આપતાં જનરલ વકારે પાકિસ્તાન આર્મીને ટ્રેનિંગ માટે ઔપચારિક આમંત્રણ આપ્યું છે. પાકિસ્તાન તો ટાંપીને જ બેઠું છે એટલે તરત કાર્યક્રમ બનાવી દેવાયો. આ કાર્યક્રમ પ્રમાણે, પાકિસ્તાન આર્મીના મેજર જનરલ રેન્કના અધિકારીની આગેવાનીમાં એક વિશેષ ટીમ ૨૦૨૫ના ફેબ્રુઆરીથી બાંગ્લાદેશી લશ્કરને તાલીમ આપશે. ફેબ્રુઆરીમાં શરૂ થનારી ટ્રેનિંગનો પ્રથમ તબક્કો મૈમનસિંહ કેન્ટોનમેન્ટમાં આર્મી ટ્રેનિંગ એન્ડ ડોક્ટ્રિન કમાન્ડ હેડક્વાર્ટર ખાતે યોજાવાનો છે ને આશ્ર્ચર્યજનક વાત એ છે કે, ટ્રેનિંગનો પહેલો તબક્કો એક વર્ષ સુધી ચાલવાનો છે. આર્મીમાં ભરતી કરાય ત્યારે પણ છ મહિનાની તાલીમ હોય છે ને છ મહિનામાં તો કોઈ પણ નવો નિશાળિયો સૈનિક તરીકે તૈયાર થઈ જાય. હવે બાંગ્લાદેશ આર્મી કંઈ નવા નિશાળિયાઓનું બનેલું તો છે નહીં કે તેને વરસ લગી તાલીમ આપવી પડે. આ સંજોગોમાં પાકિસ્તાન આર્મીની એક વરસ લગી બાંગ્લાદેશમાં હાજરી ભારત માટે ખતરાની ઘંટડી છે. મહત્ત્વની વાત પાછી એ છે કે, આ વરસની તાલીમ પછી પાકિસ્તાન આર્મી બાંગ્લાદેશ આર્મીના તમામ ૧૦ કમાન્ડમાં તાલીમ આપવાની છે. હવે દરેક કમાન્ડમાં એક-એક વરસ તાલીમ આપે તો બાંગ્લાદેશમાં ૧૦ વરસ લગી તો પાકિસ્તાન આર્મીના ધામા પાકા જ થઈ ગયા. ભારત માટે ખતરાની ઘટંડી એ રીતે છે કે, મૈમનસિંહ કેન્ટોનમેન્ટ ભારતના મેઘાલયની એકદમ નજીક છે.

**દરેક પ્રાંત કે રાજ્ય તેની ભૌગોલિકતાને આધારે તેનો પહેરવેશ નક્કી કર્યો હતો, એ આબોહવા કે વાતાવરણમાં સારી રીતે જીવી શકાય**

# આધુનિકતાને નામે સમજ્યા વગરનું પરિવર્તન આપણને જ ભારે પડ્યું!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આપણી સંસ્કૃતિ ભૌગોલિકતાને આધારે ભાષા, પહેરવેશ, ધર્મ, અને તેની ખાણી પીણી, એમ ઘણી વિવિધતા ધરાવે છે, એટલે કે દરેક પ્રાંત કે રાજ્ય તેની ભૌગોલિકતાને આધારે તેનો પહેરવેશ નક્કી કર્યો હતો, એ આબોહવા કે વાતાવરણમાં સારી રીતે જીવી શકાય એટલે એ પ્રકારની ખાણીપીણી સ્વીકારાઈ હતી.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ૨૦૨૪ ની સાલનો આજે છેલ્લો દિવસ છે, ૨૪ વર્ષ પહેલા આપણે એકવીસમી સદીમાં પ્રવેશ કરી ચૂક્યા છીએ, અને દેખીતી રીતે જોઈએ તો પહેલા કરતાં ઘણો સારો સમય આવી ગયો છે. એટલે કે સમયનું ચક્ર ઘણું આગળ નીકળી ગયું છે, આજે શહેરો મોટા મોટા થતાં જાય છે, ગામડાનું પણ આધુનિકરણ થઈ ગયું છે. દરેક વર્ણ અને વર્ગ શિક્ષણના મહત્વને અપનાવ્યું છે. સ્ત્રીને પણ ઘણી સફળતા મળી છે,અને સ્વતંત્રતા પણ મળી છે. સમાજ બૌદ્ધિકતાની દ્રષ્ટીએ ઘણો આગળ વધી ગયો છે. ક્યાંક ક્યાંક લોકો સમાજ પ્રત્યેની જવાબદારી સ્વીકારતા થયા છે, તો ક્યાંક ક્યાંક આપણા મૂળ સંસ્કાર એટલે કે, યોગ આર્યુવેદ વગેરે જાગૃત થાય એ માટે પણ કામ કરે છે, પણ બીજું પાસું થોડું ખતરનાક છે કે લોકોની ભાષા પહેરવેશ ખાણી પીણી બધું જ આધુનિકતા ને નામે બદલાઈ ગયું છે, અને લોકો એને જ વિકાસ કે યુગ પરિવર્તન કહે છે. પણ ક્યાંક હજી ૧૮મી સદી જેવી જ માનસિકતા દેખાય છે, અને એમાં પણ ખાસ કરીને સ્ત્રીઓની બાબતમાં ભારતીય સમાજ અમુક વાસ્તવિકતા સ્વીકારી શક્યો નથી. ક્યારેક અહમને નામે, ક્યારેક આગ્રહના નામે, તો ક્યારેક ક્યારેક પરંપરાને નામે સ્ત્રીનું શોષણ થતું આવ્યું છે. કોઈ ઘરમાં વડીલ જનરેશન ગેપની સાથે ચાલી ન શકે તો ત્યાં તેનું શારીરિક અથવા માનસિક શોષણ થાય, તો ક્યાંક વચલી પેઢીનો મરો થાય, અને ક્યાંક યુવા પેઢીનો, આવું બધું ચાલ્યા કરે છે. તો આપણને એમ થાય કે પુરુષ અને સ્ત્રી એ સમાજના બંને સશક્ત અંગો છે,એ બે માંથી એક અંગની જોઈએ તે પ્રમાણમાં પુષ્ટિ ન થાય તો સમાજ સ્વસ્થ બની શકે નહીં. ભારતીય સંસ્કૃતિ એ વિકાસને નામે કે આધુનિકતાને નામે ઘણું બધું અપનાવ્યું છે. પરંતુ આપણી જે મૂળ સંસ્કૃતિ હતી, એને ભૂલ્યા વગર જો નવું અપનાવ્યું હોત અથવા તો નવાનો પણ સ્વીકાર કર્યો હોત, તો સામાજિક રીતે પણ વિજ્ઞાનની જેટલી જ તરક્કી દેખાત, પણ અમુક મૂલ્યો ચૂકી જવાથી સામાજિક સ્તરે એટલો વિકાસ દેખાતો નથી, અને જેટલું થવું જોઈએ એટલું યુગ પરિવર્તન થતું નથી, આ તેનું મુખ્ય કારણ છે. આજે તો ૩૧મી ડિસેમ્બર એટલે પાર્ટી અને સેલિબ્રેશનનો દિવસ છે. જુદા જુદા વર્ગ અને વયજૂથના લોકોએ હવે આ સંસ્કૃતિને અપનાવી લીધી છે, અને આપણે ટીવી સિરિયલો કે ફિલ્મોમાં જોઈએ છીએ, તેમ સમાજમાં પણ દરેક વર્ગ પોતાની રીતે ન્યુ ઈયરની ઉજવણી કરતો દેખાય છે. સ્વાગતનું



આપણી સંસ્કૃતિમાં ખૂબ જ મહત્વ છે, એટલે થાય તેમાં કોઈ તકલીફ પણ નથી, પરંતુ એની પણ એક ચોક્કસ મર્યાદા હોવી જોઈએ એ દરેક જણાએ સમજવું બહુ જરૂરી છે. આપણી સંસ્કૃતિ ભૌગોલિકતાને આધારે ભાષા , પહેરવેશ, ધર્મ, અને તેની ખાણીપીણી, એમ ઘણી વિવિધતા ધરાવે છે. એટલે કે દરેક પ્રાંત કે રાજ્ય તેની ભૌગોલિકતાને આધારે તેનો પહેરવેશ નક્કી કર્યો હતો, એ આબોહવા કે વાતાવરણમાં સારી રીતે જીવી શકાય એટલે એ પ્રકારની ખાણીપીણી સ્વીકારાઈ હતી, અને એ રીતે બધાએ પોતપોતાની ભાષાને અપનાવી હતી,તેમજ ધર્મને પણ અપનાવ્યો હતો. પરંતુ દરેક ભારતીય માટે માનવતાનો ધર્મ ઉચ્ચસ્તરે રહેતો, આ આપણી મૂળ સંસ્કૃતિ હતી, અને તેથી જ શાળાઓમાં આપણા સંસ્કૃતિ ઉજાગર કરતાં સાંસ્કૃતિક પ્રોગ્રામો થાય છે, પણ ઘણીવાર એવું થાય કે ઘરની વસ્તુઓનું એટલું મૂલ્ય થાય નહીં, કારણકે આપણી નજર બહાર વધારે ફરવા લાગી છે. વિશ્વ સ્તરે આજે અંગ્રેજી ભાષાને ખૂબ જ મહત્વ અપાય છે, અને આપણે તેને વિકાસને નામે અપનાવીને કંઈ જ ખોટું કર્યું નથી. આપણા ભૂલકાઓનું ભવિષ્ય સુધારવા, તેને નાનપણથી ઈંગ્લીશ મીડીયમમાં દાખલ કર્યા. પરંતુ એને કારણે આપણી મૂળ ભાષાનું પ્રભુત્વ છૂટતું જાય છે, એ નજર અંદાજ થઈ ગયું. એવી જ રીતે પહેરવેશની વાત કરીએ તો, આપણે અત્યાધુનિક કહેવડાવવા માટે જાતભાતના પરિધાન ધારણ કર્યા, પણ મૂળ પહેરવેશ તરફ ઓરમાયુ વર્તન થવા લાગ્યું. એટલે કે અમુક પરણીને જતી દીકરી કોઈ ઘરમાં એને પરંપરા મુજબ એ વસ્ત્ર પહેરવાના આવે તો એ ટ્રેડિશન અપનાવી શકતી નથી, અને ત્યાં ઘર્ષણ અથવા મન મોટાવ કે મન ભેદના કિસ્સા શરૂ થાય છે. કારણ કે આધુનિક યુવતી પોતાના નિર્ણયો પોતાની રીતે લેતી દેખાય છે, અને એ ખોટું નથી. પરંતુ જ્યાં અને જેટલું આપણે એડજસ્ટ થઈ શકતાં હોઈએ, એટલું બધી જ પેઢી એ સહર્ષ થવું એ વિચાર યુગ પરિવર્તન લાવે છે. પણ એવું દરેક ઘર પરિવારમાં થતું નથી, એટલે સીધી રીતે એમ કહી શકાય કે શિક્ષણને કારણે મળેલી સ્વતંત્રતા પણ ક્યારેક ભારે પડે છે. હજી સુક્ષ્મ છણાવટ કરીએ તો, પહેલા તો ગુજરાતી સમાજમાં જ આંતરજ્ઞાતિય લગ્ન થતાં, એ પણ સમાજ સ્વીકારી શકતો નહીં. જ્યારે આજે એ પરિસ્થિતિ રહી નથી. એટલે કે ગુજરાતી છોકરીઓ પંજાબી, મહારાષ્ટ્રીયન, સાઉથ ઈન્ડિયન, કે પછી યુપી ક્યાંય કોઈ પ્રાંતના યુવક સાથે લગ્ન કરે છે, અથવા તો ત્યાની યુવતીઓ સાથે ગુજરાતી યુવકો લગ્ન કરે છે, અને આ બધું હવે સાવ સામાન્ય થઈ ગયું છે. આ ઉપરાંત ક્રિશ્ચયન, પારસી, કે મુસ્લિમ ધર્મ વાળા સાથે પણ યુવક-યુવતીઓ લગ્ન કરતા થઈ ગયા છે. એટલે અલગ અલગ સંસ્કૃતિ, અલગ-અલગ ભૌગોલિક પ્રાંત, અને અલગ અલગ ધર્મ અને અલગ અલગ ભાષા, આ ચારેય મોરચે જોઈએ તેટલું એડજેસ્ટમેન્ટ થઈ શકતું નથી, અને એને કારણે પણ સંબંધોમાં મન મોટાવ રહે છે, એટલે પરિવારોમાં કાયમ ઘર્ષણ થયા કરે છે. ખાણીપીણીના નામે પણ આપણે કેટલુંય અપનાવી લીધું, એટલે કે પંજાબી ચાઈનીઝ, કોન્ટિનેન્ટલ, ફાસ્ટ ફુડ, કેક પેસ્ટ્રી ખાતાં થઈ ગયાં! અરે એ છોડો ફેશન ને નામે નોનવેજ પણ ખાતાં થઈ ગયાં. આપણે પચાવી શકીશું કે નહીં એવું કંઈ વિચાર્યા વગર અપનાવી લીધું, અને એને કારણે શારીરિક સ્વાસ્થ્ય કથળ્યું. આ ઉપરાંત અન્ન તેવો ઓડકાર એવી પણ આપણે ત્યાં એક કહેવત છે એ રીતે મનોવિકાર પણ આવ્યાં. જેમાં મૂળભૂત વિકાર એટલે કે જાતની વધુ પડતી આળપંપાળ થઈ અને કામ વૃત્તિ વધી, અને જે સતત આપણને ભોગમાં પ્રવૃત રાખે છે, એટલે યોગ પ્રત્યેની દ્રષ્ટિ ચૂકાઈ ગઈ. વ્યક્તિગત હોય કે સામાજિક હોય પણ સ્વસ્થતા માટે શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય એ બંને જરૂરી છે. એટલે સમાજ શારીરિક રીતે પણ સશક્ત હોય, અને માનસિક રીતે પણ દરેકે દરેક વર્ગ કે વર્ણ જ્યારે સશક્ત બને, ત્યારે સમાજ સાચો વિકાસ કરી શકે, અને ત્યારે જ સાચું યુગ પરિવર્તન થયું, એવું કહી શકાય. આપણી માતૃભાષા, અને રાષ્ટ્ર ભાષાનું ગૌરવ વધે તેવું કરવાનું છે. આપણા પહેરવેશનું મૂલ્યાંકન કરવાનું છે. સ્વસ્થ રહી શકીએ એવી પૌષ્ટિક ખાણીપીણી અપનાવવી જોઈએ. માનવતાનનો ધર્મ અપનાવવો પડશે. આપણે સૌ આપણી સંસ્કૃતિનાં મૂળ આધાર સ્તંભ જેવા ધર્મ, ભાષા, પહેરવેશ, અને ખાણીપીણી, આપણને શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રાખે એ રીતે કરી શકીએ, એવી એક અન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે નવા વર્ષમાં, તો સૌને મારા આજના દિવસને વંદન અને જય સીયારામ.

**સેવા એ હૃદયના ભાવ છે, હૃદયના ભાવ વગર કરેલી સેવા ફળતી નથી, જીવ શુદ્ધ થઈ પરમાત્માની સેવા કરે છે**

# હસતા ચહેરાઓનો અર્થ એ નથી કે એમાં દુઃખની ગેરહાજરી છે, પણ એનો અર્થએ છે કે એમનામાં પરિસ્થિતિને સંભાળવાની ક્ષમતા છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સંસારમાં જ્યાં સુધી દેહનું ભાન છેત્યાં સુધી મનુષ્ય સંસારને છોડી શકતો નથી અને મન માયાને સ્પર્શ કરે છે તે મન મનમોહનની સેવામાં જઈ શકતું નથી, જ્યાં સુધી સ્વરૂપ સેવામાં મન એકાગ્ર ન થાય ત્યાં સુધી નામ સેવા કરો, સ્વરૂપ સેવામાં આનંદ આવતો નથી કેમ કે મન વ્યગ્ર છે, મનુષ્યનું મન સંસાર વ્યવહાર ના વિષયોમાં એવું લીન રહે છે કે, પાપ કરે છે તેનું પણ તેને ભાન રહેતું નથી.**

સંસારનો મોહ દૂર ન થાય ત્યાં સુધી ભક્તિ થતી નથી. કોઈ પણ રીતે મનને સંસારના વિષયોમાંથી હઠાવી પ્રભુ પ્રેમમાં જોડી રાખો! અરે, જેને દેહ કહીએ છીએ તે દેહ પણ આપણો નથી. કારણ તેને પણ આપણે રાખી શકવાના નથી, તો બીજું કોણ આપણું?માટે પિતાજી, ગંગાકિનારે ઠાકોર જીની સેવા કરો.મનને વિક્ષેપ થાય ત્યારે તેણે શ્રીકૃષ્ણલીલા કથામાં લઈ જાવ. ભાવના કરશો તો હૃદય પીગળશે. પરદોષદર્શન સેવામાં- સત્કર્મમાં વિઘ્નરૂપ છે. માટે પરદોષ દર્શનનો ત્યાગ કરો!અને ભગવાનનો આશરો લઈ ભગવાનમય બની જીવો ભગવાનમય જીવન ગાળવા માટે ધ્યાન, જપ અને પાઠ અતિ આવશ્યક છે. ઉત્તમ પાઠના જ અંગ છેઃ મધુરતા, સ્પષ્ટ અક્ષરનો ઉચ્ચાર, પદચ્છેદનું જ્ઞાન, ધીરજ, લયનું સામર્થ્ય અને મધુર કંઠ. પાઠ શાંત ચિત્તે કરવો. ઉતાવળથી સમજ્યા વગર પાઠ ન કરવો.આત્મદેવ ગંગાકિનારે આવ્યા અને માનસી સેવા કરવા લાગ્યા એકાંત માં બેસી મનને એકાગ્ર કરે છે.ચંચળ મનને વિવેક રૂપી બોધથી સાચવવું અને સંકલ્પ વિકલ્પથી દૂર રાખવું. માનસિક સેવામાં મનની ધારા અતૂટ રહેવી જોઈએ. એવી સેવા માં દિવ્યતા રહેલી છે.ઉચ્ચ સ્વર થી જપ પાઠ કરવાથી મનની એકાગ્રતા થાય છે. ચિત્ત વૃત્તિનો નિરોધ થાય છે. આત્મદેવ સતત ભાગવત ધ્યાનમાં તન્મય છે. નિવૃત્તિમાં સતત સત્કર્મ થવું જોઈએ. નહીંતર નિવૃત્તિમાંથી પાપ બહાર આવે છે. આત્મદેવ દસમા સ્કંધનો નિત્ય પાઠ કરે છે. આત્મ દેવ ખરેખરો દેવ બને છે. જીવ અને શિવ એક બને છે. જીવ અને ઈશ્વરનું મિલન થાય છે. પરમાત્માના બે સ્વરૂપ એક અર્ચા સ્વરૂપ અને બીજું નામ સ્વરૂપ. સામગ્રીથી જેની સેવા થાય એ અર્ચાસ્વરૂપ. શ્રીમદ્ ભાગવતએ ભગવાનનું નામ સ્વરૂપ છે.નામસ્વરૂપ વિના સ્વરૂપ સેવા થતી નથી.નામ સ્વરૂપમાં જ્યાં સુધી નિષ્ઠા ન થાય ત્યાં સુધી સ્વરૂપ સેવામાં પ્રીતિ થતી નથી. મન શુદ્ધિ વગર સ્વરૂપ સેવા માં આનંદ મળતો નથી. સંસાર સાથે સ્નેહ કરે છે,ત્યાં સુધી તેમને સ્વરૂપ સેવામાં આનંદ મળતો નથી સંસાર સાથે સ્નેહ કરો, પણ વિવેક પૂર્વક સ્નેહ કરો. અગ્નિ બાળે છે, પણ તેનો વિવેક પૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો તે લાભ કરે છે તેવું સંસારનું છે. સંસારમાં જ્યાં સુધી દેહનું ભાન છેત્યાં સુધી મનુષ્ય સંસારને છોડી શકતો નથી અને મન માયાને સ્પર્શ કરે છે તે મન મનમોહનની સેવામાં જઈ શકતું નથી.જ્યાં સુધી સ્વરૂપ સેવામાં મન એકાગ્ર ન થાય ત્યાં સુધી નામ સેવા કરો. સ્વરૂપ સેવા માં આનંદ આવતો નથી કેમ કે મન વ્યગ્ર છે.મનુષ્યનું મન સંસાર વ્યવહારના વિષયોમાં એવું લીન રહે છે કે, પાપ કરે છે તેનું પણ તેને ભાન રહેતું નથી. સ્વરૂપ સેવા કરતાં હૃદય પીગળે, આંખો ભીની



થાય, આનંદ આવે અને સાત્ત્વિક ભાન જાગે તો સેવા સફળ થઈ છે એમ સમજશો. સેવા એ હૃદયના ભાવ છે.હૃદયના ભાવ વગર કરેલી સેવા ફળતી નથી. જીવ શુદ્ધ થઈ પરમાત્માની સેવા કરે છે. ઠાકોરજી પ્રસન્ન થાય છે.મનમાં અનેક જન્મોના મેલ ભર્યા છે. સ્વરૂપ સેવામાં મનશુદ્ધિ આવશ્યક છે. મનને શુદ્ધ કરવા નામ સેવાની જરૂર છે. મનને શુદ્ધ કરે છે ભાગવત. કળિ યુગમાં નામ સેવા પ્રધાન છે. શ્રીમદ્ ભાગવતએ ભાગવતનું નામ સ્વરૂપ છે. નામ એ જ બ્રહ્મ છે. નામ એ જ પરમાત્મા છે. વધુ શું કહું? નામ એ પરમાત્મા કરતાં પણ શ્રેષ્ઠ છે. ઈશ્વર દેખાતા નથી. જે દેખાતા નથી તેની સાથે સ્નેહ કરવો કઠણ છે. નામ સ્વરૂપ સ્પષ્ટ દેખાય છે. જે વ્યક્તિનાં પ્રત્યક્ષ દર્શન નથયાં હોય તેના નામને પકડી રાખો તો તેના દર્શન થશે જ થશે. ઈશ્વર નું સ્વરૂપ સર્વ માટે અનુકૂળ અને સુલભ નથી. પણ સ્વરૂપ સુલભ છે.જ્ઞાની પુરુષો નામમાં નિષ્ઠા રાખે છે ને નામનો આશ્રય કરે છે. રામજીએ થોડા જીવોનો ઉદ્ધાર કર્યો હશે ત્યાર પછી તેમના નામે અનેકોનો ઉદ્ધાર કર્યો છે. શ્રી કૃષ્ણ પૃથ્વી ઉપર વિરાજેલા,ત્યારે તેમણે જે જીવો નો ઉદ્ધાર કર્યો તેના કરતાં તેના નામે અનેકોને તાર્યા છે. મોટામાં મોટું પાપ કર્યું? આપણને ઈશ્વરના નામમાં નિષ્ઠા નથી તે. નામ સાધન સરળ છે. ભાગવત એ ભગવાનનું સ્વરૂપ છે. ભાગવતનો આશ્રય એ નામનો આશ્રય. ભાગવતનો આશ્રય કરે તે ભગવાન બને છે.સંસ્કૃતનું જ્ઞાન હોય તો જ રોજ દસમ સ્કંધનો, વિષ્ણુસહસ્ત્ર નામનો,શિવમહિમ્ન સ્તોત્રનો પાઠ અર્થ જ્ઞાન સાથે કરો પ્રભુ જલ્દી કૃપા કરતા નથી. સ્વેચ્છાથી દુઃખ સહન કરે તેને યમરાજ દુઃખ આપી શકતા નથી. આત્મદેવ એકઆસને દસ-બાર કલાક બેસતા. એક આસને બેસો જે લીલાની કથા ચાલતી હોય તે લીલા પ્રત્યક્ષ થઈ રહી છે તેમ વિચારો તો આનંદ આવશે. દશ્ય માંથી દષ્ટિ હઠી જાય અને દષ્ટિમાં સ્થિર થાય,તો આનંદ પ્રગટે. ગોકર્ણને લાગ્યું કે, ધુંધુકારીનું વર્તન મને વિક્ષેપ કરશે.એટલે તેઓ પણ વનમાં જાય છે. બીજી બાજુ ધુંધુ કારી વેશ્યાઓને રાજી કરવા ચોરીઓ કરવા લાગ્યો. એક એક ઈન્દ્રિયનો ધણી જીવ છે પરંતુ જો ઈન્દ્રિય ઘણી થાય, એટલે કે મનુષ્ય ઈન્દ્રિયને આધીન થાય તો તેનું જીવન બગડે છે. મન ઈશ્વર સાથે મૈત્રી કરે, ત્યારે સુખ થાય છે અને વિમુખ થાય ત્યારે દુઃખ થાય છે. ધુંધુકારી અનર્થથી અર્થોપાર્જન કરે છે, તે રાજાને ઘરે ચોરી કરવા લાગ્યા. દાગીનાઓ લાવી વેશ્યા ઓને આપ્યા. વેશ્યાઓ વિચાર કરે છે કે, આ જીવતો રહેશે તો આપણે પણ તેની સાથે કોઈ વખત પકડાઈ જઈશુંને ધન ખોઈ બેસી સજા પામીશું માટે આને મારી નાખીએ. વેશ્યાઓએ ધુંધુકારીને દોરડા વડે બાંધ્યો. ગળે ફાંસો આપ્યો, તો પણ ધુંધુકારી મરતો નથી. અતિ પાપીને જલ્દી મોત આવતું નથી. વેશ્યાઓ બળતા અંગારા ધુંધુ કારીના મોઢામાં નાખે છે અને તેને મારી નાખે છે. પંચેન્દ્રિયો,પંચ વિષયો અંતકાળમાં જીવને આમ મારે છે. પછી વેશ્યાઓએ તેના શરીરને અગ્નિ સંસ્કાર પણ કર્યો નહીં, દાટી દીધું ધુંધુકારી પોતાના કુકર્મોને કારણે ભયંકર પ્રેત બન્યો. પાપી યમપુરી માં પણ જતો નથી, તે પ્રેત બને છે. ગોકર્ણે ધુંધુકારીના મરણના સમાચાર સાંભળ્યા. તેઓ ગયાજીમાં આવ્યા છે. ગોકર્ણે ધુંધુકારી પાછળ ગયાજીમાં શ્રાદ્ધ કર્યું. ગયા શ્રાદ્ધ શ્રેષ્ઠ છે. ત્યાં વિષ્ણુ પાદ છે.તેની કથા એવી છે કે ગયા સુર કરીને એક રાક્ષસ હતો. તેણે તપથી બ્રહ્માને પ્રસન્ન કર્યા. બ્રહ્મા એ કહ્યું કે વરદાન માગ ત્યારે તે બ્રહ્મા ને કહે છે કે, તમે શું વરદાન આપવાના હતા? તમારે મારી પાસે કાંઈ માગવું હોય તો માગો. બ્રહ્મા એ વિચાર્યું કે, આ અસુર આમ મરવાનો નથી. પણ આના શરીર ઉપર લાંબા સમય સુધી યજ્ઞ કરીશું તો એ મરશે, એટલે બ્રહ્માએ યજ્ઞ માટે તેનું શરીર માગ્યું. યજ્ઞકુંડ ગયાસુરની છાતી પર કરવામાં આવેલો. સો વર્ષ સુધી યજ્ઞ ચાલ્યો, પણ ગયા સુર મર્યો નહીં. યજ્ઞની પૂર્ણાહુતિ પછી તે ઊઠવા ગયો,ત્યારે બ્રહ્મા ચિંતાતુર બન્યા.બ્રહ્માએ નારાયણ નું ધ્યાન કર્યું.નારાયણ ભગવાન પ્રગટ થયા અને ગયાસુરની છાતીમાં બે ચરણો પધરાવ્યાં. ગયાસુરે મરતી વેળા ભગવાન પાસે વરદાન માગ્યું કે, આ ગયામાં જે કોઈ શ્રાદ્ધ કરશે તેના પિતૃઓની મુક્તિ થાય. ભગવાને વરદાન દીધુંકે,તારા શરીર ઉપર જે પિંડદાન કરશે, તેના પિતૃ ઓને ભક્તિ મળશે ભગવાને ગયાસુએ મુક્તિ આપી માટે ગયા જીમાં જે પિતૃ શ્રાદ્ધ કરશે તેના પિતૃઓને મુક્તિ મળશે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે ૨૦૨૪ના વર્ષનો અંતિમ દિવસ વ્યસનના વાવાઝોડાથી બચીને આનંદ લુટશો ભગવદ્ ગીતા જ્ઞાનમાં આપણે દરરોજ સવારે કંઈક મેળવવા પ્રયત્ન કરીએ છીએ.જે આપ સૌ મેળવી હૃદય મનથી શાંતિનો અનોખો અહેસાસ કરતા હશો. બસ આપણું ધ્યેય કંઈક આજ છે. સૌનું કલ્યાણ થાઓ.. તેવી શુભેચ્છા સહ અસ્તુ.

# મને ૧૦૦ કરોડ આપો તો પણ હું સાસુનો રોલ નહીં જ કરું- અમીષા

## સની દેઓલ અને અમીષા પટેલની 'ગદર ૨' ને ધારી પણ નહોતી એવી સફળતા મળી, સની દેઓલનો યુગ જાણે ફરી શરૂ



સની દેઓલ અને અમીષા પટેલની 'ગદર ૨' ને ધારી પણ નહોતી એવી સફળતા મળી, સન્ની દેઓલનો યુગ જાણે ફરી શરૂ થઈ ગયો. આ ફિલ્મોમાં મૂળ વાત ભારત-પાકિસ્તાનના પ્રેમીઓ તારાસિંગ અને સકીનાની છે. ત્યારે સિક્વલમાં પોતાના મોટી ઉંમરના રોલ અંગે અમીષા પટેલ રાજી નહોતી. તેના તાજેતરના નિવેદને ચર્ચાઓને પ્રોત્સાહન આપ્યું હોય એવી સ્થિતિ થઈ છે.આ અંગે થોડાં દિવસ પહેલાં ફિલ્મના ડિરેક્ટર અનીલ શર્માએ કહ્યું હતું કે અમીષા પટેલને આ રોલ કરવામાં થોડી મુંઝવણ અને ખચકાટ હતાં. અમીષાએ કહ્યું હતું કે તેને પહેલા ભાગની યુવાન અમીષાને જ બનવું ગમશે, તે જિતેની મા બની શકે પણ ૧૦૦ કરોડ ફી આપો તો પણ સાસુનું ઘરડું પાત્ર ન ભજવી શકે. ત્યારે હવે અમીષાએ એક્સ પર કેટલીક ટ્વીટમાં પોતાનો જવાબ આપ્યો છે. તેણે લખ્યું, ''અનિલ શર્મા, આ માત્ર એક ફિલ્મ છે, કોઈ પરિવારની વાસ્તવિકતા નથી. પડદા પર હું શું કરવા માગુ છું અને શું નહીં તે હું નક્કી કરી જ શકું. મને તમારા પ્રત્યે ઘણું માન છે, પરંતુ હું ગદરમાં કે કોઈ પણ બીજી ફિલ્મમાં સાસુનો રોલ ક્યારેય નહીં કરું, તમે ૧૦૦ કરોડની ઓફર કરો તો પણ.'' અમીષાએ આગળ લખ્યું, ''જેમ તમે જાણો છો, મેં ગદર ૨માં માતાનો રોલ કર્યો કારણ કે ૨૩ વર્ષ પહેલાં મેં પહેલી ગદરમાં એ કરવાનું પસંદ કર્યું હતું. મને આ ફિલ્મનું ગૌરવ છે અને હંમેશા રહેશે. પરંતુ આ જીવનમાં, હું સાસુનો રોલ કરું એના કરતાં હું ઘેર આરામ કરવાનું પસંદ કરીશ. મને જીતેની મા બનવાનું ગૌરવ છે પરંતુ એ ત્યાં જ પૂરું થઈ જાય છે અને એ પણ માત્ર ગદર બ્રાન્ડ માટે જ. જો તમે મને ૧૦૦ કરોડ ઓફ કરો તો પણ સાસુ તરીકે તો ક્યારેય નહીં જ. મને તમારા માટે બહુ જ માન છે અનિલ જી અને તમે મારા પરિવારના સભ્ય જેવા છો પરંતુ મહેરબાની કરીને આ વિચારધારા પર પણ એક વખત ધ્યાન આપો.''પોતાના રોલ વિશે અમીષાએ આગળ લખ્યું, ''હું ખુશ છું કે શ્રી નિતિન કેન્નીએ સકીના-તારાની પત્ની અને જિતેની માના રોલ માટે મને પસંદ કરી. મારા માટે હંમેશા ગદર બ્રાન્ડ અમારા ત્રણની જ રહેશે. હું શું કરું? હું એક સંવેદનશીલ માતા છું.''

### રાહા કપૂર ફરીને ફ્લાઈંગ કિસ કરતી જોવા મળી હતી

# આલિયા ભટ્ટ અને રણબીરની પરી રાહાની નખરાળી અદાએ જીત્યા દિલ

આલિયા અને રણબીરની પ્રિય લાડલી રાહા કપૂરનો એક નવો વીડિયો સામે આવ્યો છે જેમાં તે એરપોર્ટ પર ફિલ્મ સ્ટારની જેમ બાય અને ફલાઈંગ કિસ આપી રહી છે.આલિયા ભટ્ટ અને રણબીર કપૂરની પ્રિય રાહા કપૂર પાપારાઝીની ફેવરિટ સ્ટાર કિડ બની ગઈ છે. રાહાનો એક નવો વીડિયો સામે આવ્યો છે જેમાં તેણે કંઈક એવું કર્યું છે જેને ફેન્સ વારંવાર જોઈ રહ્યા છે. હકીકતમાં, તેના સ્ટાર માતા-પિતાની આ લાડકી ૨ વર્ષની ઉંમરથી જ એરપોર્ટ પર ફિલ્મ સ્ટારની જેમ કામ કરતી જોવા મળી હતી. બન્યું એવું કે ગત શુક્રવારે રાત્રે રણબીર કપૂર અને આલિયા ભટ્ટ તેમની પરી રાહા સાથે નવા વર્ષની ઉજવણી માટે નીકળ્યા હતા. આ વીડિયોમાં રાહા એરપોર્ટ પર આલિયાના ખોળામાં જોવા મળી રહી છે.એરપોર્ટ પરથી ઘણી ઝલક સામે આવી છે જેમાં રાહા પહેલા પાપારાઝીને બાય કહેતી જોવા મળે છે અને પછી તે ફરીને ફલાઈંગ કિસ કરતી જોવા મળે છે.



રાહાને આમ કરતા જોઈને પાપારાઝી ખૂબ જ ખુશ થઈ જાય છે. રાહાની આ ક્રિયા જોઈને માતા આલિયા ભટ્ટ અને પિતા રણબીર પણ હસવા લાગ્યા.જો કે, આ પહેલીવાર નથી જ્યારે રાહાએ કેમેરા સામે આવું કર્યું હોય. તાજેતરમાં, ક્રિસમસની ઉજવણી દરમિયાન પણ, જ્યારે તેને પાપારાઝીની સામે આવવું પડ્યું, ત્યારે માતા આલિયા અવાજને કારણે ખૂબ ડરી ગઈ હતી. આલિયા વારંવાર ત્યાં હાજર લોકોને શાંત રહેવાનો સંકેત આપી રહી હતી. આ પછી રાહા કેમેરાની સામે આવતા જ તેણે હાય કહીને બધાનું દિલ જીતી લીધું હતું. જણાવી દઈએ કે આલિયા અને રણબીરની દીકરી રાહાનો જન્મ ૬ નવેમ્બર ૨૦૨૨ ના રોજ થયો હતો અને તેઓએ ૨૦૨૩ ના ક્રિસમસ પર વિશ્વને તેમના પ્રિય સાથે પરિચય કરાવ્યો હતો. રાહા જ્યારે પહેલીવાર કેમેરા સામે આવી ત્યારે એવી ચર્ચા થવા લાગી હતી કે રાહા બિલકુલ તેના દાદા ઋષિ કપૂર જેવી છે. ઘણા લોકો માને છે કે તે તેની માતા આલિયા જેવી છે

### 'પુષ્પા-૨' બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે

# આંખના પલકારો ઝપકવવાનું ભુલાવી દેશે ફિલ્મ'બગીરા'

હવે એક્શન ફિલ્મનો યુગ ચાલી રહ્યો છે. આ દરમિયાન ૨૫ કરોડ રૂપિયા ખર્ચીને, મેકર્સે એવી ફિલ્મ બનાવી છે, જેણે ઓટીટી પર હોબાળો મચાવ્યો છે. લોકો ઘરે બેસીને ફિલ્મની મજા માણી રહ્યા છે. ફિલ્મમાં ઘણા બધા એક્શન છે, જે તમને આંખના પલકારાં પણ મારવા નહીં દે.આ દિવસોમાં 'પુષ્પા ૨: ધ રૂલ' બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. ફિલ્મ દરરોજ જબરદસ્ત કમાણી કરી રહી છે. તે વર્ષ ૨૦૨૪ની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. તેમજ સાઉથની એક ફિલ્મ ઓટીટી પર જલવો વિખેરી રહી છે. આ ફિલ્મે પણ નંબર ૧ કબજે કર્યો છે. આ ફિલ્મનું નામ છે 'બગીરા'.'બગીરા' વર્ષ ૨૦૨૪માં રિલીઝ થયેલી કન્નડ ફિલ્મ છે. શ્રી મુરલીએ આમાં લીડ રોલ અદા કર્યો છે. તો પ્રકાશ રાજ, અચ્યુત કુમાર અને રુક્મિણી વસંત જેવા સ્ટાર્સ પણ આ ફિલ્મનો એક ભાગ છે. આ એક એક્શનથી ભરપૂર ફિલ્મ છે, જેણે ઓટીટી ની ટોપ ટ્રેન્ડિંગ લિસ્ટમાં સ્થાન મેળવ્યું છે. શ્રી મુરલીની આ ફિલ્મ દિવાળીના અવસર પર ૩૧ ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. તેની કહાની એક દબંગ પોલીસ અધિકારી વેદાંતની આસપાસ ફરે છે, જે ખૂબ જ ઈમાનદાર છે. તે કોઈપણ સંજોગોમાં અન્યાય સહન કરી શકતો નથી. ગુંડાઓ અને બદમાશો તેની સામે થરથર ધ્રૂજે છે. અને ઑન ધ સ્પૉટ મામલો રફેદફે કરી દેતા લોકો પર તેને જરાય દયા નથી. આ બધાની વચ્ચે કંઈક એવું બને છે કે વેદાંતને તેની ઓળખ છુપાવીને ગુંડાઓ અને બદમાશોને પાઠ ભણાવવો પડે છે. ગરુડ રામે ફિલ્મ 'બગીરા'માં વિલનનો રોલ અદા કર્યો છે. થોડા દિવસો પહેલા, તેને કન્નડ, તમિલ, મલયાલમ અને તેલુગુ ભાષાઓમાં ઓટીટી પર રિલીઝ કરવામાં આવી હતી. પરંતુ ફેન્સ તેના હિન્દી વર્ઝનની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. જો કે, આ રાહનો અંત આવ્યો છે. 'બગીરા' ૨૫મી ડિસેમ્બરે હિન્દી ભાષામાં રિલીઝ થઈ હતી અને તેણે ઓટીટી પર હિટ થતાં જ હલચલ મચાવી દીધી હતી. શ્રી મુરલીની એક્શનથી ભરપૂર ફિલ્મ 'બગીરા' ઓટીટી ડિઝની પ્લસ હોટસ્ટાર પર હિન્દીમાં રિલીઝ થઈ છે. નવાઈની વાત એ છે કે તે લોન્ચ થતાંની સાથે જ ટોપ ટ્રેન્ડિંગ બની ગયું છે. 'બગીરા' ભારતના ટોપ ૧૦ લિસ્ટમાં નંબર ૧ પર ટ્રેન્ડ કરી રહી છે.






**શ્રી મુરલીની આ ફિલ્મ દિવાળીના અવસર પર ૩૧ ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી**

# અગસ્ત્ય નંદા સાથે સુહાના ખાનની નેક્સ્ટ લેવલ દોસ્તી

## ફિલ્મોની વાત કરીએ તો સુહાના ખાન સુજોય ઘોષ દ્વારા નિર્દેશિત ફિલ્મ કિંગના શૂટિંગમાં વ્યસ્ત છે



તમામ બોલિવૂડ સ્ટાર્સ ક્રિસમસ સેલિબ્રેશન માટે સમાચારમાં હતા, ત્યાર બાદ હવે દરેકની નજર તેમની ન્યૂ યર પાર્ટી પર ટકેલી છે. જો કે, લોકોનું સૌથી વધુ ધ્યાન શાહરૂખ ખાનની પુત્રી સુહાના ખાન અને અમિતાભ બચ્ચનના પૌત્ર અગસ્ત્ય નંદાએ ખેંચ્યુ છે. તેમના ડેટિંગના સમાચાર ઘણા સમયથી લોકોમાં ફરતા હતા અને તાજેતરમાં જ બંને ફરી એકવાર સાથે જોવા મળ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે બંને નવા વર્ષની પાર્ટી માટે શાહરૂખ ખાનના ફાર્મ હાઉસ પર જઈ રહ્યા છે. બંને ગેટવે ઓફ ઈન્ડિયા પર સાથે જોવા મળ્યા હતા.તાજેતરમાં સુહાના અને અગસ્ત્ય બંને ન્યૂ યર પાર્ટીમાં સાથે જોવા મળ્યા હતા. બંને પાર્ટી માટે શાહરૂખ ખાનના આલીશાન અલીબાગ ફાર્મ હાઉસમાં જતા જોવા મળ્યા હતા. આ દરમિયાન બંને ખૂબ જ કેઝ્યુઅલ લુકમાં હતા, આ સમયે અગસ્ત્યએ આર્યન ખાનની ડાયવોલ બ્રાન્ડની કેપ પણ પહેરી હતી. અલીબાગ ફાર્મ હાઉસ, ડેજા વુ ફાર્મ્સ નામનું વૈભવી રીટ્રીટ છે. અહીં ભવ્ય પાર્ટીનું આયોજન કરવા માટે બોલીવુડ સ્ટાર્સની પસંદગી છે. ફિલ્મોની વાત કરીએ તો સુહાના ખાન સુજોય ઘોષ દ્વારા નિર્દેશિત ફિલ્મ કિંગના શૂટિંગમાં વ્યસ્ત છે, આ ફાર્મ હાઉસમાંથી અદભૂત નજારો જોઈ શકાય છે. સુહાના અને અગસ્ત્ય ફાર્મ હાઉસ તરફ જતા સમયે ગેટવે ઓફ ઈન્ડિયા પર જોવા મળ્યા હતા, જ્યાંથી તેઓ લોકેશન સુધી પહોંચવા માટે સ્પીડ બોટ લઈ ગયા હતા. ચાહકો આ કપલને ખૂબ પસંદ કરી રહ્યા છે, જો કે આ અફવા અંગે બંનેએ હજુ સુધી કંઈ કહ્યું નથી. જ્યારે તેઓ ઘણી વખત સાથે દેખાવા લાગ્યા ત્યારે બંને વિશે અફવાઓ ફેલાઈ હતી. બંને દિવાળી દરમિયાન પાર્ટીમાં સાથે જોવા મળ્યા હતા. જો કે, આ સિવાય અનન્યા પાંડેની કોલ મી બેના પ્રીમિયર દરમિયાન પણ બંને સાથે જોવા મળ્યા હતા.ફિલ્મોની વાત કરીએ તો સુહાના ખાન સુજોય ઘોષ દ્વારા નિર્દેશિત ફિલ્મ કિંગના શૂટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં તે સલમાન ખાન સાથે જોવા મળશે. આશા છે કે આ ફિલ્મ વર્ષ ૨૦૨૫માં સિનેમાઘરોમાં આવશે. જોકે, ફિલ્મનું ટાઈટલ બદલી શકાય છે. અગસ્ત્યની વાત કરીએ તો તે શ્રીરામ રાઘવનના નિર્દેશનમાં બની રહેલી ફિલ્મ ઈક્કીસમાં જોવા મળશે.

# કાર્તિક-કરણ વચ્ચે દોસ્તાના તૂ મેરી મેં તેરા, મેં તેરા તૂ મેરી

## કરણ જોહરે ખટરાગના પગલે 'દોસ્તાના ૨'માંથી કાર્તિક આર્યનની હકાલપટ્ટી કરી હતી, હવે સંબંધ સુધર્યા



કાર્તિક આર્યને પોતાના ફૅન્સની દિવાળી તો ઉજવી જ નાંખી, હવે તેણે ક્રિસમસ પર પોતાના ફેન્સને નવી સરપ્રાઈઝ આપી છે. તેણે કરણ જોહર સાથે પોતાની નવી રોન્ટિક કોમેન્ટિક ફિલ્મ 'તુ મેરી મેં તેરા, મેં તેરા તું મેરી'ની જાહેરાત કરી છે. ધર્મા પ્રોડક્શન્સની આ ફિલ્મ સમીર વિદ્વાન્સ દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે. કાર્તિકે રોમેન્ટિક કોમેડી ફિલ્મો દ્વારા જ બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી અને પોતાનું સ્થાન બનાવ્યું હતું. કરણ જોહરે ખટરાગના પગલે 'દોસ્તાના ૨'માંથી કાર્તિક આર્યનની હકાલપટ્ટી કરી હતી, હવે સંબંધ સુધર્યા. હવે ફરી એક વખત કાર્તિક આ જોનરમાં પાછો ફરી રહ્યો છે. પહેલાં કરણ જોહરે કાર્તિકને 'દોસ્તાના ૨' માટે કાસ્ટ કર્યો હતો અને પછી બંને વચ્ચે ખટરાગ થતાં કરણે કાર્તિકને ફિલ્મમાંથી કાઢી નાખ્યો હતો અને તેમની આ બબાલ ઘણી ચર્ચામાં રહી હતી. અંતે આ ફિલ્મ પણ બની શકી નહીં. પરંતુ હવે કાર્તિક અને કરણે પોતાના પ્રશ્નો એક તરફ મુકી દિધાં છે. તેમની આ નવી શરૂઆત અને નવા પ્રોમિસે લોકોને આશ્ચર્યમાં મુકી દીધાં હતાં. કાર્તિક આર્યન અને કરણ જોહરે ઈન્સ્ટાગ્રામ પર આ ફિલ્મનો પહેલો પ્રોમો જાહેર કર્યો હતો. જેમાં ફિલ્મના લીડ કેરેક્ટર રાયની પણ ઝલક મળે છે. રાય એક મમાઝ બોય છે, જેના ઘણા બ્રેક અપ થઈ ચૂક્યા છે. હવે તે પોતાની ચોથી ગર્લફ્રેન્ડને કોઈ પણ ભોગે ન જવા દેવાના મિશન પર છે. કરણ જોહરે પણ આ પ્રોમો ક્રિસમસ ગિફ્ટ તરીકે શેર કર્યો હતો.

# માતા અને પિતા અલગ થવાથી ખુશ હોય તો તેમાં ખોટું શું..?

## શ્રુતિ હાસને લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં માતા-પિતા કમલ હાસન-સારિકાના છૂટાછેડા વિશે વાત કરી હતી



શ્રુતિ હાસને લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં માતા-પિતા કમલ હાસન અને સારિકાના છૂટાછેડા વિશે વાત કરી હતી. શ્રુતિએ તેને ખૂબ જ ખરાબ ગણાવ્યું અને સાથે એમ પણ કહ્યું કે જો માતા-પિતા અલગ થવાથી ખુશ છે તો તે તેમના માટે પણ સારું છે.કમલ હાસન અને સારિકાના લગ્ન વર્ષ ૧૯૮૮માં થયા હતા, પરંતુ તેમના સંબંધો ૨૦૦૨માં તૂટી ગયા હતા અને વર્ષ ૨૦૦૪માં છૂટાછેડા થઈ ગયા હતા. તેમના માતા-પિતાના છૂટાછેડા પછી, પુત્રીઓ શ્રુતિ હસન અને અક્ષરા હસનનું જીવન અલગ પડી ગયું. શ્રુતિ હાસને લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં માતા-પિતા કમલ હાસન અને સારિકાના છૂટાછેડા વિશે વાત કરી હતી, સિંગર અને એક્ટ્રેસ શ્રુતિ હાસને તાજેતરમાં જ એક ઈન્ટરવ્યુમાં તેના માતા-પિતાના છૂટાછેડા વિશે વાત કરી હતી. તેણે જણાવ્યું કે તેના જીવન પર તેની શું અસર પડી. શ્રુતિએ એમ પણ કહ્યું કે જો માતા-પિતા અલગ રહેવાથી ખુશ છે, તો તે તેમના માટે પણ સારી વાત છે.શ્રુતિ હાસને જણાવ્યું કે પિતા કમલ હાસન અને માતા સારિકાના અલગ થયા પછી જ તેને આર્થિક રીતે સ્વતંત્ર હોવાનો અર્થ સમજાયો. અભિનેત્રી અનુસાર, તેના માતાપિતાના છૂટાછેડા પછી તેના જીવનમાં બધું બદલાઈ ગયું હતું. શ્રુતિએ કહ્યું, 'છૂટાછેડા ખૂબ જ ખરાબ નિર્ણય છે. તે ખૂબ પીડાય છે. માતા અને પિતાની સાથે બાળકો પણ પીડા અનુભવે છે. આજકાલ તે ઘણા ઘરોમાં સામાન્ય બની ગયું છે. એવું નથી કે છૂટાછેડા કે છૂટાછેડા પછી જ માતા-પિતાને પીડા થાય છે. આવા ઘણા ઘર છે જેમાં માતા અને પિતા સમાજ અને પ્રતિષ્ઠાના ડરથી સાથે રહે છે. કમલ હાસન અને સારિકાના લગ્ન વર્ષ ૧૯૮૮માં થયા હતા. કેટલીકવાર તે ઘરોમાં વધુ પીડા જોવા મળે છે કારણ કે તે છુપાયેલ છે. શ્રુતિએ વધુમાં કહ્યું, 'મારા માટે મહત્ત્વની વાત એ છે કે જ્યારે તેઓ (માતાપિતા) સાથે હતા અને ખુશ હતા, ત્યારે તેઓ સૌથી સુંદર યુગલોમાંથી એક હતા. તેઓ દરરોજ સાથે કામ કરતા. મમ્મી કોસ્ચ્યુમ ડિઝાઈન કરતી હતી અને આખો પરિવાર ફિલ્મોમાં હતો. શ્રુતિ હાસને લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં માતા-પિતા કમલ હાસન અને સારિકાના છૂટાછેડા વિશે વાત કરી હતી. પરંતુ વાલીઓ દ્વારા લેવામાં આવેલા નિર્ણયથી હું ખુશ છું. વ્યક્તિગત રીતે, બંને ખૂબ જ હિંમતવાન અને પ્રતિભાશાળી છે. હું ખુશ છું કે તેઓ હજુ પણ મારા માતા-પિતા છે અને જો તેઓ અલગથી ખુશ છે તો અમારા માટે પણ સારું છે.

### ફિલ્મની સ્ટોરી ૧૦ વર્ષ પછીની ઘટનાઓ પર આગળ વધવાની શક્યતા

# રણબીર- દીપિકા ફરી 'યે જવાની હૈ દિવાની'માં સાથે જોવા મળશે?

કરણ જોહરે પોતાના સોશિયલ મીડિયા પર એક ખાસ પોસ્ટ શેર કરી છે, જે એક કલ્ટ ક્લાસિક ફિલ્મ ગણાતી 'યે જવાની હૈ દિવાની'ની સિક્વલની જાહેરાત હોવાનું કેટલાંક લોકો માને છે. કરણ જોહરે એક વીડિયો શેર કર્યો હતો, જેમાં રણબીર અને દીપિકા જોવા મળે છે. કરણ જોહરે શેર કરેલા વીડિયોમાં રણબીર કપૂર અને દીપિકા પાદુકોણની 'યે જવાની હૈ દિવાની'ની કેટલીક ક્ષણો દેખાય છે. ધર્મા પ્રોડક્શન્સના એક્સ અકાઉન્ટ પર પણ વીડિયો શેર કરવામાં આવ્યો હતો અને તરત જ વાયરલ થઈ ગયો હતો. તેથી આ ફિલ્મના ઘણા ફૅન્સને લાગ્યું હતું કે કદાચ આ ફિલ્મની સિક્વલ માટેનો આ સંકેત છે. ધર્માના સોશિયલ મીડિયા પર શેર થઈ રહેલાં વીડિયોમાં દીપિકાના અવાજમાં ડાયલોગ સંભળાય છે કે 'યાદો મીઠાઈના ડબ્બા જેવી હોય છે.' આ વીડિયો સાથે કૅપ્શનમાં લખાયું હતું, ''મીઠાઈ કા ડબ્બા ખુલ ગયા હૈ, લાઈનમાં જોડાઈ જાવ દોસ્તો.. યે જવાની હૈ દિવાની''તેથી દર્શકોએ માન્યું હતું કે આ ફિલ્મની સિક્વલ માટેની પોસ્ટ છે. કોઈએ કમેન્ટમાં આ રીતે લલચાવીને મૂર્ખ ન બનાવવા કહ્યું હતું, તો કોઈએ ફરી એ જ કાસ્ટ સાથે બીજી માસ્ટરપીસ ફિલ્મની ડિમાન્ડ મુકી હતી. તો કોઈએ કહ્યું હતું કે રણબીર વિના તો આ ફિલ્મ બનાવવાનો વિચાર પણ ન કરતા. રણબીર અને કરણે આપેલા સંકેતોને જોતાં આધુનિક રોમેન્ટિક ફિલ્મની સીક્વલ બનવાની શક્યતા વધી છે, જોકે, એક વખત રણબીરે આ ફિલ્મની સિક્વલ વિશે કહ્યું હતું, ''મને લાગે છે યે જવાની હૈ દિવાનીની સિક્વલ સારી બની શકે, અયાન પાસે સારી સ્ટોરી પણ હતી, મને યાદ છે, પણ પછી એ એની બ્રહ્માસ્ત્રની સફરમાં લાગી ગયો. મને લાગે છે કે આ સ્ટોરી ફિલ્મની સ્ટોરીના દસ વર્ષ પછી આગળ વધે છે, જ્યાં બન્ની, નૈના, અવિ અને અદિતિ, તેમની અલગ લાઈફ જીવે છે. મને લાગે છે આ પ્રકારે પાત્રોને બતાવીને સારી ફિલ્મ બની શકે.'' રણબીરે સ્ક્રિપ્ટ બાબતે આપેલી માહિતી નક્કર રીતે આગળ વધી રહી હોવાનો સંકેત કરણ જોહરે આપ્યો હતો. કરણે ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત કરી છે કે હાલ તો આ ફિલ્મ રીરિલીઝ થઈ રહી છે અને ૩ જાન્યુઆરીથી ફરી થિએટરમાં જોઈ શકાશે. ધર્માના પેજ પરથી પણ આ જાહેરાત કરવામાં આવી હતી. રણબીર અને કરણે આપેલા સંકેતોને જોતાં આધુનિક રોમેન્ટિક ફિલ્મની સીક્વલ બનવાની શક્યતા વધી છે.



# ઝાલોદ બી.એમ. હાઈસ્કૂલમા ૧૯૯૧ના વર્ષમાં સાથે ભણતા મિત્રોનું પાંચમું સ્નેહ મિલન યોજાયું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદ બી.એમ. હાઈસ્કૂલના પ્રાંગણમાં સને ૧૯૯૧ ના વર્ષમાં ધોરણ ૧૦ માં સાથે ભણતા મિત્રો દ્વારા જૂની યાદો વાગોળવા માટે પાંચમું સ્નેહ મિલન યોજવામાં આવ્યું હતું. ૧૯૯૧ ના વર્ષમાં ધોરણ ૧૦ માં સાથે અભ્યાસ કરતા મિત્રો વોટ્સઅપ ગ્રૂપ સાથે સંકળાયેલ છે અને આ ગ્રુપમા અંદાજીત ૧૦૦ જેટલા મિત્રો સાથે સંકળાયેલ છે. ૧૯૯૧ માં ભણતા મિત્રો જૂની વાતો અને નાનપણ ની યાદો તાજા કરવા અવારનવાર સ્નેહમિલન યોજતા રહે છે. આજે તારીખ ૨૯-૧૨-૨૦૨૪ ના રવિવારના રોજ સવારે ૯ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી સ્કૂલમાં સહુ મિત્રો ભેગા થયેલ હતા.

આજે દરેક મિત્રોને નાનપણ જીવવું હતું દરેક મિત્રોના ચહેરા પર સહુને મળ્યાનો નિર્દોષ હાસ્ય હતું તેમજ દરેક મિત્રો એક બીજાને મળીને હાલચાલ પૂછવા લાગ્યા હતા અને ખરેખર દરેક મિત્રો આજે સ્કૂલમા રિષેશમા તેમજ પી.ટી ના ક્લાસમા રમાતી રમતો નાનપણ છે તે રીતે જ રમ્યા હતા જેમકે લંગડી, ખો ખો, સંગીત ખુરશી, પકડદાવ, ડાન્સ, ગરબા, ટીમલી, દોડ, પગ પર નાની લાકડી મૂકી બેલેન્સ જાળવી દોડવું, હાઉસી, ક્રિકેટ જેવી પરંપરાગત રમત સહુ મિત્રો ભેગા થઈ રમ્યા હતા. સહુ મિત્રો વર્ષો પછી સાથે મળતા એક બીજાને ભેટી પડ્યા હતા અને વાતો વાતોમાં જૂના સંસ્મરણો તાજી કરવા લાગ્યા હતા. સ્કૂલની મસ્તી અને બાળપણની મજા જો લેવી હોય તો સાચે જ જૂના મિત્રો સાથે જ મળે છે. દરેક મિત્રો આજે પોતપોતાના અંગત વ્યવસાય થી બહાર જતા રહેલ છે પણ ઝાલોદમા જૂની જિન્દગી દરેકને જીવવી હતી. તેથી દૂર દૂર રહેતા મિત્રો સંગાથ તેમજ મિત્રોનો સંગ મેળવવા આવી ગયેલ હતા. છેલ્લે દરેક મિત્રોને સમયનો અભાવ હોવાથી જવું પડે તેમ હતું પણ કોઈને મિત્રોનો સાથ છોડી જવું ન હતું. છેલ્લે છૂટા પડતાં દરેક મિત્રો એક બીજાને ગળે મળીને ફરી મળવાના કોલ સાથે છૂટા પડેલ હતા. આજની યાદો આંખોમાં વસાવતા દરેક મિત્રોના આંખોમાં હરખનો અનેરો આનંદ જોવા મળતો હતો.

# હજીરા સ્થિત ઓઈલ કંપનીઓના બલ્ક પેટ્રોલિયમ સ્ટોરેજ ખાતે જોઈન્ટ નેશનલ ડિઝાસ્ટર મોકડ્રીલ યોજાઈ

## ભુકંપના કારણે હજીરાની IOCL, BPCL અને HPCLના પેટ્રોલિમય સ્ટોરેજ ટેક્રોમાંથી પેટ્રોલિયમ લીકેજ થયું

। (માહિતી) સુરત, તા.૩૦ ।

સુરત જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી-નવી દિલ્હીદ્વારા ભુકંપના કારણે હજીરા સ્થિત ઈન્ડીયન ઓઈલ કો.લી., હિન્દુસ્તાન પેટ્રોલિયમ કો.લી. અને ભારત પેટ્રોલિયમ કો.લી.ના બલ્ક પેટ્રોલિયમ સ્ટોરેજ ફેસીલિટીઝ ખાતે જોઈન્ટ નેશનલ ડિઝાસ્ટર મોકડ્રીલ યોજાઈ હતી. IOCL ખાતે સવારે ૮:૦૦ વાગે ૮ રિક્ટર સ્કેલની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. ભૂકંપ આંચકાથી પેટ્રોલિયમ ભરેલી ૪, ૬ અને ૭ નંબરની ટેક્રમાં પેટ્રોલિયમ લીકેજ થયાનું જાણવા મળ્યું હતું. જેથી ચાર અલગ-અલગ ટીમો દ્વારા ટેક્રોનું ડેમેજ અસેસમેન્ટ (મૂલ્યાંકન) કરવામાં આવ્યું હતું. IOCL ટર્મિનલ ખાતે ૧૨ થી ૧૫ પેટ્રોલિયમ સ્ટોરેજ ટેક્રોમાં ૨૫ હજાર કિલો લિટરથી વધુ પેટ્રોલિયમ સ્ટોરેજ થાય છે. સ્ટોરેજ ટેક્રોમાં પેટ્રોલ, ડીઝલ સહિતના બાયો ડિઝલ જેવા જ્વલંતશીલ પદાર્થ સ્ટોરેજ કરવામાં આવે છે. ૦૮:૪૦ કલાકે પેટ્રોલિયમ ટેક્ર એમએસ માંથી પેટ્રોલ લીકેજ થયું હતું. ત્યાર બાદ ૦૯:૦૦ વાગ્યે ઈમરજન્સી સાયરન વાગ્યું હતુ કંપનીની ફાયર ફાઈટર ટીમે લીકેજ કંટ્રોલ કરવા ભારે જહેમત ઉઠાવી હતી. લીકેજ કંટ્રોલ કરવા કંપનીએ હજીરાની સહયોગી કંપનીની મદદ લીધી હતી.

ટેક્રમાંથી લીકેજ કંટ્રોલ ન થવાથી ૦૯:૩૦ વાગ્યે જિલ્લા ક્લેકટર તંત્રને જાણ કરવામાં આવી હતી. ભૂકંપના આંચકાથી સુનામી જેવી આપત્તિની સ્થિતિ સર્જાઈ ત્યારે આવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે જોઈન્ટ નેશનલ ડિઝાસ્ટરની મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. મોકડ્રીલના ભાગરૂપે ૧૨ વ્યક્તિનું સફળ રેસ્ક્યૂ કરવામાં આવ્યા હત. ૨ વ્યક્તિઓને વધુ સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. આ સાથે આકસ્મિક સમયે કોઈ પણ પ્રકારના



જાનમાલની નુકશાની ન થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર સહિત વિવિધ વિભાગના પ્રયાસથી સફળ જોઈન્ટ નેશનલ ડિઝાસ્ટર મોકડ્રીલ યોજવામાં આવી હતી. પેટ્રોલિયમ લીકેજનાં કારણે પર્યાવરણ, વન્યજીવન અને માનવજીવન પર ગંભીર આરોગ્ય વિષયક અસરોને અટકાવવા માટે વિશેષ જોઈન્ટ નેશનલ ડિઝાસ્ટરની સફળ મોકડ્રીલ યોજાઈ હતી. આપત્તિ વ્યવસ્થાપનની ટીમે સજાગતા દર્શાવી વિવિધ વિભાગો સાથે સંકલનમાં રહીને મોકડ્રીલ સફળ બનાવી હતી. આ મોકડ્રીલ દરમિયાન ડિસ્ટ્રિક્ટ ક્રાઈસીસ ગ્રુપ-સુરત, જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી, NDMAના સિનિયર કન્સલ્ટન્ટશ્રી આદિત્ય કુમાર રાય, કામરેજ પ્રાંત અધિકારી અને ઈન્ચાર્જ ઈન્સિડેન્ટ કમાન્ડર વી. કે. પીપળીયા, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ-સુરત કચેરીના ડેપ્યુટી ડિરેક્ટર, મોકડ્રીલમાં નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF), હજીરા વિસ્તારની મ્યુચ્યુઅલ એઈડ ઈન્ડસ્ટ્રીઝ એટલે કે અદાણી, ઓએનજીસી, એએમએનએસ, ક્રિભકો, એનટીપીસી, રિલાયન્સ, ગેઈલ, આરોગ્ય વિભાગ, પોલીસ સાથે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની આગેવાની હેઠળ આસિ. કમાન્ડન્ટશ્રી કુમાર સહિતની ટીમ ઓઈલ લિકેજની કટોકટીના નિવારણ માટેની કવાયતમાં જોડાયા હતા.

હજીરા સ્થિત BPCL ડેપો ખાતે મોકડ્રીલના ભાગરૂપે પેટ્રોલિયમ સ્ટોરેજ ફેસીલિટીઝના સ્ટોરેજ ટેક્રને ભુકંપથી નુકશાન થયું હતું. જેમાં કુલ ૧૬ પેટ્રોલિયમ સ્ટોરેજ ટેક્ર છે. જેમાં ઈથેનોલ, HFHSD હાઈ ફ્લેશ હાઈ સ્પીડ ડીઝલ, પેટ્રોલ સ્ટોરેજ કરવામાં આવે છે, ભુકંપના આંચકાથી ટેક્ર નંબર ૫ માં ડિઝલ, ૮ અને ૯ માં પેટ્રોલ મેજર લીકેજ થવાનું જાણવા મળ્યું હતું. સાથે ટેક્ર ૭ અને ૮ લીકેજ કંટ્રોલ દરમિયાન ડાયકોલમાં ક્રેક થવાથી લેવલ ૩ કોલ જાહેર કરતા જેમાં ફાયર, મેડિકલ, સિવિલ ડિફેન્સ સહિત એસડીઆર એફની ટીમે ડેપો માંથી પાંચ વ્યક્તિઓનું રેસ્ક્યૂ કર્યું હતું જેમાંથી બે વ્યક્તિઓને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાંખસેડવામાંઆવ્યાહતા.હજીરાસ્થિતHPCL ડેપો ખાતે મોકડ્રીલના ભાગરૂપે ભૂકંપ બાદ કંટ્રોલ રૂમની છતમાં ભારે તિરાડો જોવા મળી હતી. આગની અસરના આધારે વિસ્તારનું ઝોનિંગ કરવામાં આવ્યું છે. ડાઈક ૧ અને ડાઈક ૪ને ડેન્જર ઝોન જાહેર કરીને ડેમેજ મૂલ્યાંકન શરૂ કરીને ડાઈક, ટીટી ગેન્ટ્રી, ટીએલએફ પંપ હાઉસ, ટીડબલ્યુડી પંપ હાઉસ, VRU, OWS વિસ્તારની પુષ્ટિ કરવામાં આવી હતી. ટાંકીના નિરીક્ષણ પર એવું જણાયું હતું કે, એમએસ ટાંકી નંબર ૨૪ જેમની ક્ષમતા ૧૨૩૫ કિલો લિટર છે જેમાં સ્ટોક ૭૦૦ કિલો લિટરનો જથ્થો સ્ટોરેજ હતો અને ટાંકી વાલ્વ યોગ્ય રીતે બંધ નથી અને ફ્લેંજમાંથી ઉત્પાદન લીક થઈ રહ્યું છે. કોમ્બેટ ટીમ ટાંકી ડાઈક પર પહોંચી અને લીકેજને પકડવાનો પ્રયાસ કર્યો. જો કે અનેક પ્રયાસો પછી પણ લીકેજને પકડી શકાયું ન હતું અને એમએસ લીકેજ ચાલુ રહ્યું અને આશરે ૨ કિલો લીટર એમએસ ડાઈકની લીકેજ થયો હતો. ફાયર ફાઈટીંગ દરમિયાન MEFG ઓપરેટીંગ વ્યક્તિએ સ્જીની વરાળ શ્વાસમાં જવાથી બેભાન થવાથી મેડિકલ ટીમે પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

# શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદમાં ઓવરસિઝ એમ્પ્લોયમેન્ટ અને કેરિયર ઇન્ફોરમેશન અંગે સેમિનાર યોજાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

મદદનીશ નિયામક રોજગાર કચેરી વડોદરાના રોજગાર અધિકારી તેમજ ઈ.ચા. દાહોદ જિલ્લા એમ્પ્લોયમેન્ટ ઓફિસર અલ્પેશભાઈ. એલ.ચૌહાણ, મદદનીશ નિયામક રોજગાર કચેરી વડોદરાથી ઓવરસીઝ કરિયર કાઉન્સિલર નિશાંતભાઈ જોશી તથા દાહોદ જિલ્લા રોજગાર કચેરી થી કરિયર કાઉન્સિલર હિરલબેન સલોટ ઉપસ્થિત રહીને પાસપોર્ટ કઢાવવાની પ્રવિધી, દેશ - વિદેશમાં અભ્યાસ અને રોજગારીની તકો, લોન, વિઝા, સેફ એન્ડ લીગલ માઈગ્રેસન અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કૉલેજના કાર્યકારી આચાર્ય ડૉ.આશિષ મોદી દ્વારા બધાનું સ્વાગત કર્યું હતું તથા ડૉ. અજીતસિંહ પરમાર દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઝાલોદ નગરના મીરાલાલ પેટ્રોલ પંપની આગળ પૂરપાટ આવતી સ્વીટ ગાડીના ચાલકે એક્ટિવા ચાલકને અડફેટે લઇ ઘાયલ કર્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

આજ રોજ ૩૦-૧૨-૨૦૨૪ ના રોજ અંદાજીત ૧૨ વાગ્યા પછી દાહોદ તરફ થી આવતી ફોર વ્હીલર સ્વીફ્ટ GJ-07-DG-7479 નો ચાલક પૂરપાટ રીતે ગફલત રીતે હંકારી લીમડી રોડ તરફથી ઝાલોદ રોડ પર થી પસાર થઈ રહેલ હતો ત્યારે મીરાલાલ પેટ્રોલ પંપ થી આગળ જતાં આ ગાડીના ચાલકે લીમડી રોડ તરફ જતી એક્ટિવા ચાલકને રોંગ સાઈડમાં જઈને ટક્કર મારી હતી. આ ટક્કરમા એક્ટીવા ચાલક ગાડી પર થી પડી જતાં તેને ગંભીર ઈજાઓ થઈ હતી. તાત્કાલિક એક્ટિવા ચાલકને ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરવામાં આવેલ હતો ત્યાં ડોક્ટર દ્વારા પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. એક્ટિવા ચાલકની હાલત હાલ સ્થિર હોવાનું જાણવા મળેલ છે. પોલિસ દ્વારા ફોર વ્હીલર ગાડી અને ગાડી સાથે એક વ્યક્તિની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરેલ છે.

# ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમની અંદર થી અસ્થિર મગજની મહિલા મળી આવી

## નગરના સામાજિક કાર્યકર્તા તેમજ અગ્રણીઓએ પોલિસનો સંપર્ક કરી મહિલાને સોંપી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

ઝાલોદ નગરમાં અસ્થિર મગજની મહિલા કેટલાય સમયથી નગરમાં ફરતી રહેતી હતી આ મહિલા સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે ખુલ્લામાં બેસી રહેતી હતી. સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલના કર્મચારી કિરીટભાઈ દ્વારા નગરના સામાજિક કાર્યકર્તા મનીષ પંચાલનો સંપર્ક કર્યો હતો તેમજ આ અસ્થિર મગજની મહિલા સાથે વિકૃત માનસિક ધરાવનાર અસામાજિક તત્વો દ્વારા હેરાનગતિ થતી હોવાનું પણ સાંભળવા મળેલ હતું. બધી જાણકારી બાદ મનીષ પંચાલ દ્વારા નગરની મહિલા સામાજિક કાર્યકર્તા અને પોલિસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. નગરના સહુ મહિલા સામાજિક કાર્યકર્તાઓ અને પોલિસ એ.એસ.આઈ રેખાબેન સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા.

ઝાલોદ નગરના ડી.વાય.એસ.પી ના માર્ગદર્શનથી પી. આઈ રાઠવા દ્વારા અસ્થિર મગજની મહિલાનું તબીબી પરીક્ષણ કરાવવામાં આવ્યું હતું. તબીબી પરીક્ષણમા મહિલાની તબિયત સારી હોવાનું જાણવા મળેલ હતું. મહિલા પોલિસ એ.એસ.આઈ રેખાબેન તેમજ નગરની મહિલા કાર્યકર્તાઓદ્વારા મહિલાની કાળજી કરી તેના વાળ કપાવી તેમજ તેને સ્વચ્છ કરી નવા કપડા પહેરાવી તૈયાર કરીને ઝાલોદ પોલિસ સ્ટેશન ખાતે અસ્થિર મહિલાને લઈ જવામાં આવી હતી.


મહિલા ને લાવવામાં આવી ત્યારે


મહિલાને તૈયાર કરી તેના પછીની

આ અસ્થિર મહિલા બરાબર બોલી શકતી નથી તેમજ તેની બોલવાની ભાષા બરાબર સમજાય તેવી નથી તેમજ આ અસ્થિર મહિલાને થોડું થોડું લખતા આવડતું હોવાથી તેણે પોતાનું નામ અંજુમન લખેલ હતું. તેમજ મહિલાની ભાષા પર થી મહિલા ઉત્તર પ્રદેશની હોવાનું તારણ કાઢવામાં આવેલ છે પરંતુ હજુ વધુ તપાસ પછી જ સાચી હકીકત આ અસ્થિર મગજની મહિલા વિશે ખબર પડી શકે તેમ છે. પોલિસ દ્વારા આ મહિલા સાથે વાતચીત કરી વધુ તપાસ કરવાની દિશામાં આગળ કાર્યવાહી હાથ ધરેલ છે અને જો આ મહિલા કઈ બતાવી ન શકે તો આ મહિલાને મોડાસા ખાતે અસ્થિર મગજની ચાલતી સંસ્થામાં મૂકવા પણ પોલિસ જઈ શકે તેમ છે.

# ઝાલોદ નગરના હિન્દુ યુવાનો દ્વારા સનાતન ધર્મધ્વજા અને રાષ્ટ્ર ધ્વજ સાથે યોજાતી પ્રભાત ફેરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩૦ ।

ઝલોદ નગરમાં સવારના ૬.૧૫ કલાકે ભરત ટાવર ચોક ખાતે સહુ લોકો ભેગા મળીને અહીંયા થી નિત્ય પ્રભાત ફેરી ઢોલક મંજીરા તેમજ ધાર્મિક ભજનની ધૂન સાથે પ્રભાત ફેરી કાઢવામાં આવે છે. પ્રારંભિક તબક્કે ૪ યુવાનો થી પ્રભાતફેરી નગરમાં ફરતી થઈ હતી તેનું આજે વિશાળ સ્વરૂપ જોવા મળે છે. આ પ્રભાતફેરીમા નાના ભુલકાઓ, યુવાનો, મહિલાઓ તથા વડીલો એકત્રિત થઈને નગરના વિવિધ માર્ગો પર થી પસાર થાય છે. પ્રભાતફેરી દરમ્યાન માર્ગ પર આવતા હિન્દુ મંદિરો પર રોકાઈ ત્યાં ભજન કીર્તન કરવામાં આવે છે. પ્રભાતફેરી નિત્ય ભરત ટાવર, શહિદ રાજેશ ચોક, મોચી દરવાજા, માંડલી ફળીયા, કોળીવાડા, મીઠાચોક, રામસાગર તળાવ, લુહારવાડાથી પરત ભરત ટાવર ખાતે આ પ્રભાતફેરીનું સમાપન કરવામાં આવે છે. આ માર્ગ પર રામદ્વારા મંદિર, ગીતા મંદિર, મહાકાળી માતા મંદિર, રાધેકૃષ્ણ મંદિર, લાલજી મંદિર, બાલ હનુમાન મંદિર, રામસાગર તળાવ ખાતે આવેલ રામેશ્વર મહાદેવ મંદિર, ખોડિયાર માતા મંદિર, સોમનાથ મહાદેવ મંદિર, મહાલક્ષ્મી માતા મંદિર,જૈન મંદિરની નિત્ય પરિક્રમા કરી ભક્તિ રસનો લ્હાવો ભક્તો પ્રભાતફેરી ફરી લઈ રહેલ છે. આ પ્રભાત ફેરીમા સનાતન ધર્મની ધર્મધ્વજા તેમજ ભારત નું ગૌરવ રાષ્ટ્રધ્વજ સાથે પ્રભાતફેરી કાઢવામાં આવતી હોય છે જેથી આજના યુવાનો તેમજ દરેક લોકોમા સનાતન ધર્મ વિશે જાગૃતતા આવે તેમજ રાષ્ટ્ર પ્રત્યે સમર્પણ રહે. રાષ્ટ્ર પ્રેમ તેમજ સનાતન ધર્મની આ અલખમાં આગામી ૩૧ ડિસેમ્બરના રોજ નગરની હિન્દુ ઉત્સવ સમિતિ દ્વારા ભવ્ય ભજન સંધ્યાનુ આયોજન પણ કરવામાં આવેલ છે.

# ઝઘડિયાના નવનિયુક્ત પ્રમુખ મુદ્દે ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પોતની નારાજગી વ્યક્ત કરી

। (માહિતી) નર્મદા, તા.૩૦ ।

નર્મદામાં નવા પ્રમુખોની નિયુક્તિને લઈ રાજકારણ ગરમાયું છે. ઝઘડિયાના નવનિયુક્ત પ્રમુખ મુદ્દે ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પોતની નારાજગી વ્યક્ત કરી નર્મદામાં નવા પ્રમુખોની નિયુક્તિને લઈ રાજકારણ ગરમાયું છે. ઝઘડિયાના નવનિયુક્ત પ્રમુખ મુદ્દે ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પોતની નારાજગી વ્યક્ત કરી. મનસુખ વસાવાએ પ્રમુખ મુદ્દે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું કે મેં મારી રજુઆત પ્રદેશ સુધી પહોંચાડી દીધી છે. વસાવાએ કહ્યું કે પ્રમુખ તરીકે પટેલ, ક્ષત્રિય, વસાવા સમાજ વધુ દાવેદારી ધરાવે છે. જ્યારે નવા નિયુક્ત કરાયેલા સંદીપ પટેલ પોતે પટેલ નથી પરંતુ અન્ય જ્ઞાતિમાંથી આવે છે. ઝગડીયામાં પ્રમુખની નિમણૂકને લઈને ભાજપમાં જ મતમતારં છે. રાજ્યમાં આગામી સમયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવાની તૈયારીઓ થવા લાગી છે. ત્યારે ભાજપમાં ચાલતો આતંરકલહ ધીરે-ધીરે સપાટી પર આવવા લાગ્યો છે.

# અંબાલાલ પટેલે ઉત્તરાયણને લઈને અગત્વની આગાહી કરી

। ગાંધીનગર, તા.૩૦ ।

હવામાન નિષ્ણાંત એટલે અંબાલાલ પટેલે ઉત્તરાયણને લઈને અગત્વની આગાહી કરી, પવનની ગતિ સારી રહેવાની આગાહી કરાઈ ઉતરાયણના તહેવારને લઈને હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે પવનની ગતિ વિશે આગાહી કરી છે. અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, "ઉતરાયણ દરમિયાન પવનની ગતિ સારી રહેશે, પરંતુ બપોર બાદ પવનની ગતિમાં થોડો ઘટાડો થશે. સાંજના સમયે પવનની ગતિમાં વધારો થશે, જે પતંગ ઉડાવનારાઓ માટે સાનુકૂળ રહેશે." અંબાલાલ પટેલે વધુમાં જણાવ્યું કે, ૧૫ જાન્યુઆરીના રોજ પતંગ રસિયાઓ માટે પવનની ગતિ ખાસ અનુકૂળ રહેશે, અને આ દિવસે સવાર અને સાંજના સમયે પવનની ગતિ તેજ રહેશે. ૧૪ અને ૧૫ જાન્યુઆરીની રાત્રે પવનની ગતિ મધ્યમ રહેવાની શક્યતા છે. ઉતરાયણ માટે આ આગાહી પતંગ ઉડાવનારાઓ માટે આનંદની વાત છે, કારણ કે તે પવનની ગતિ અને શ્રેષ્ઠ સમયે પતંગ ઉડાવવાનું આયોજન કરી શકે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. કોઈક ધાર્મિક સ્થળ અથવા સંતપુરૂષની મુલાકાત લો અને તમારા મગજને આશ્વાસન અને શાંતિ મળશે. આજે તમે તમારા પ્રેમી સાથે ક્યાંક ફરવા જવા ની યોજના બનાવશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે પોતાના ઈર્ષાળુ વર્તનને કારણે પરિવારના કોઈક સભ્ય તમને ચીડવશે. પણ ગુસ્સે થવાની જરૂર નથી અન્યથા પરિસ્થિતિ હાથની બહાર જઈ શકે છે. યાદ રાખો તમે જે બાબતનો ઈલાજ કરી શકતા નથી તેને સહન કરવું રહ્યું. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. લાયક ઉમેદવારો માટે વૈવાહિક જોડાણની શક્યતા.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. આજનો દિવસ તમારી આસપાસ ગુલાબની સુગંધ લાવશે. પ્રેમના અતિઆનંદને માણો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? કેટલાક લોકો તમારા મગજ પર સવાર થઈ શકે છે એમની બસ અવગણના જ કરો. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આનંદથી ભરેલો સારો દિવસ. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. તમારી લાગણીઓ પર અંકુશ મુકવો તમારી માટે મુશ્કેલ થઈ પડશે-પણ તમારી આસપાસના લોકોને કનડતા નહીં અન્યથા તમે એકલા પડી જશો. રૉમાન્સ માટે ઉત્સાહજનક દિવસ-સાંજ માટે કોઈક ખાસ યોજના બનાવો અને તેને શક્ય એટલી રૉમેન્ટિક બનાવો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. પરિવારના સભ્યો કદાચ તમારી અપેક્ષાઓ પૂર્ણ નહીં કરે. તમારા મનના તરંગો તથા મુનસફી પ્રમાણે કામ કરવાની આશા રાખશો નહીં અને તમે તમારી કામ કરવાની શૈલી બદલો અને પહેલ કરો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો. આજે તમારો પ્રણય સાથૂી તમને કશું ક અતિ સુંદર કરીને આશ્ચર્યચકિત કરી મુકશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે આજે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. તમારૂં બાળક જેવું તથા નિદોર્ષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. આનંદ આપીને તથા ભૂતકાળની ભૂલોને માફ કરીને તમે તમારા જીવનને લાયક બનાવશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. પત્ની સાથે ખરીદી અત્યંત માણવાલાયક હશે. આ બાબત તમારી વચ્ચેની સમજણને પણ વધારશે. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં. તમારી આસાપાસ શું થાય છે તેની તકેદારી રાખો.

## ન્યૂઝ બ્રિફ

### કઝાખસ્તાનના પેસેન્જર પ્લેન ક્રેશ મામલે પુતિને માફી માગી

। (એજન્સી) મોસ્કો, તા.૩૦ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કઝાખસ્તાન વિમાન દુર્ઘટના બદલ માફી માંગી છે. કારણ કે, રશિયાના મિસાઈલ એટેકથી પ્લેન ક્રેશ થયું હતું. રશિયાએ આ દુર્ઘટનાને 'દુઃખદ ઘટના' ગણાવતા કહ્યું હતુ કે, જ્યારે આ દુર્ઘટના થઈ ત્યારે એર ડિફેન્સ યુક્રેનિયન ડ્રોન હુમલાનો જવાબ આપી રહ્યું હતું. બુધવારે કઝાખસ્તાનના અક્તાઉમાં પ્લેન ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં બે પાઈલટ અને ક્રૂ મેમ્બર સહિત ૩૮ લોકોના મોત થયા હતા. દુર્ઘટના બાદ અઝરબૈજાન એરલાઈન્સ દ્વારા સર્વે કરવામાં આવ્યો હતો અને રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, રશિયન એર ડિફેન્સે ભૂલથી પ્લેન પર હુમલો કર્યો હતો. આ હુમલો સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ સિસ્ટમથી કરવામાં આવ્યો હતો. હવે રશિયાએ આ આરોપોને સ્વીકારી લીધા છે, જે અગાઉ યુક્રેનને દોષ આપવાનો પ્રયાસ કરી રહ્યું હતું. જો કે, યુક્રેને આરોપોને ફગાવીને તપાસની માંગ કરી હતી. પુતિન દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું.

### દક્ષિણ કોરિયામાં રાજકીય સંકટ વધુ ગંભીર બન્યું

। (એજન્સી) સિઓલ, તા.૩૦ ।

દક્ષિણ કોરિયામાં ફરી રાજકીય સંકટ સર્જાયું છે. અહીં ૧૪ દિવસમાં ત્રણ પ્રમુખ બદલાયા છે. સંસદમાં વડાપ્રધાન અને કાર્યકારી પ્રમુખ હાન ડુક-સૂ પર મહાભિયોગ ચલાવામાં આવ્યો હતો અને પદ પરથી દૂર કરવામાં આવ્યા હતા. તેમને હટાવવા માટે ૧૫૧ વોટની જરૂર હતી તેને બદલે મહાભિયોગમા તરફેણમાં ૧૯૨ વોટ પડ્યા હતા. મહાભિયોગને લઈને સંસદમાં ભારે હોબાળો જોવા મળ્યો હતો, સાંસદોએ એકબીજાના કોલર સુદ્ધાં પકડી લીધા હતા.કાર્યકારી પ્રમુખ વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ સામે એક પણ મત પડ્યો ન હતો કારણ કે શાસક પક્ષે મતદાનનો બહિષ્કાર કર્યો હતો. હવે નાણામંત્રી ચોઈ સાંગ-મોક કાર્યકારી પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળશે. ચોઈ સોંગે ૩ ડિસેમ્બરે માર્શલ લૉ લાગુ કરવાનો ખુલ્લેઆમ વિરોધ કર્યો હતો. તેમણે તેને દેશની અર્થવ્યવસ્થા માટે વિનાશક ગણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે યુન સુક યેઓલે ૩ ડિસેમ્બરના રોજ દેશમાં કટોકટી (માર્શલ લૉ) લાદી હતી. જો કે, વિપક્ષના પ્રયાસોને કારણે તે માત્ર ૬ કલાક માટે જ અમલમાં રહ્યો હતો. વિપક્ષી પાર્ટીએ સંસદમાં વોટિંગ દ્વારા માર્શલ લૉ પ્રસ્તાવને ગેરકાયદેસર ગણાવ્યો હતો. આ પછી દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યૂન સુક યેઓલને મહાભિયોગ કરીને હટાવવામાં આવ્યા હતા.

### ટોચના નેતાઓમાં વિચારધારાનો અભાવ : પ્રણવ દાનાં પુત્રી

# કોંગ્રેસમાં જૂના નેતાઓ અલગપણું અનુભવી રહ્યા છે : શર્મિષ્ઠા મુખરજી

## કોંગ્રેસ પાર્ટીની વિચારધારાને લઈને અવારનવાર પ્રશ્નો ઉપસ્થિત ઉઠતા રહે છે અને વિવિધ સ્તરે આક્ષેપો પણ થતા હોય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।




કોંગ્રેસ પાર્ટીની વિચારધારાને લઈને અવારનવાર પ્રશ્નો ઉપસ્થિત ઉઠતા રહે છે અને વિવિધ સ્તરે આક્ષેપો થતા હોય છે. પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના પુત્રી શર્મિષ્ઠા મુખર્જીએ રવિવારે આક્ષેપ કર્યો છે કે કોંગ્રેસના મૂલ્યોમાં પડતી આવી ગઈ છે અને પાર્ટીએ પોતાની દુર્ભાગ્યપૂર્ણ પરિસ્થિતિ પર આત્મમંથન કરવાની જરૂર છે. પાર્ટીની વર્તમાન સ્થિતિ પર ખેદ વ્યક્ત કરતા શર્મિષ્ઠાએ કહ્યું હતું કે આજે કોંગ્રેસના ઘણાં જૂના કાર્યકર્તાઓ પાર્ટીથી અલગપણાની લાગણી અનુભવી રહ્યા છે કારણ કે ટોચના નેતાઓમાં વિચારધારાનો અભાવ છે.શર્મિષ્ઠાએ એવો સવાલ પણ ઉઠાવ્યો હતો કે શા માટે તેમના પિતાના અવસાન પછી કોંગ્રેસ વર્કિંગ કમિટિ ી બેઠક બોલાવવામાં નહોતી આવી અને શા માટે કોઈ ઠરાવ પસાર કરવામાં આવ્યો નહોતો. તેમણે વધુમાં કહ્યું હતું કે જ્યારે તેમના પિતાના મૃત્યુ પછી બેઠક બોલાવવામાં ન આવી ત્યારે તેમને માઠું લાગ્યું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે, કોંગ્રેસે આનો જવાબ આપવો પડશે. હું ફક્ત એક હકીકત રજૂ કરી શકું છું. પરંતુ હું એ પણ કહેવા માંગુ છું કે મને ખબર નથી કે તે ઈરાદાપૂર્વક હતું કે માત્ર બેદરકારી હતી. જો રાહુલ ગાંધી અને તેમના નજીકના લોકોને ખબર નથી કે કોંગ્રેસે આ સ્થિતિમાં પહેલા કેવી રીતે કામ કર્યું હતું.

### દિલ્હી ચૂંટણી પહેલાં કેજરીવાલની મોટી જાહેરાત

# પૂજારીઓ અને ગ્રંથીઓને દર મહિને ૧૮૦૦૦ની સહાય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।



દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના અધ્યક્ષ અરવિંદ કેજરીવાલે દિલ્હીવાસીઓ માટે વધુ એક સ્કીમ જાહેર કરી છે. વરિષ્ઠો અને મહિલાઓ માટે મોટી યોજનાઓ જાહેર કર્યા બાદ પુજારીઓ અને ગ્રંથીઓ માટે એક યોજના શરૂ કરી છે. અરવિંદ કેજરીવાલે મંદિરના પુજારીઓ અને ગુરૂદ્વારાઓના ગ્રંથીઓ માટે પુજારી અને ગ્રંથી સન્માન યોજના જાહેર કરી છે.

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, આજે હું વધુ એક મહત્ત્વની જાહેરાત કરવા જઈ રહ્યો છું. યોજનાનું નામ છે પુજારી ગ્રંથી સન્માન યોજના. મંદિરોના પુજારીઓ અને ગુરૂદ્વારાઓના ગ્રંથીઓને સન્માન આપવાની જોગવાઈ હેઠળ દરમહિને રૂ. ૧૮૦૦૦ સહાયપેટે આપવામાં આવશે. દેશમાં પ્રથમ વખત પુજારી વર્ગ માટે નાણાકીય સહાય આપતી યોજના જાહેર થઈ છે.

પેઢી દર પેઢી કર્મકાંડ કરતાં પુજારીઓ અને તેમના પરિવાર પ્રત્યે આપણે ક્યારેય ધ્યાન આપ્યું નથી. કેજરીવાલે જણાવ્યું કે, આ યોજના માટે આવતીકાલે ૩૧ ડિસેમ્બરથી રજિસ્ટ્રેશન શરૂ થશે. કનોટ પ્લેસના હનુમાન મંદિરના પુજારીઓના રજિસ્ટ્રેશન કરાવી આ યોજનાનો શુભારંભ કરવામાં આવશે. ત્યારબાદ દિલ્હીના તમામ મંદિરો અને ગુરૂદ્વારાઓમાં રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થશે. આ યોજનાની જાહેરાત કરતાં અરવિંદ કેજરીવાલે કહ્યું કે, અગાઉ પણ મહિલા સન્માન સ્કીમની જાહેરાત બાદ તેના રજિસ્ટ્રેશન અટકાવવાનો પ્રયાસ ભાજપના કાર્યકરોએ કર્યો છે. મારી અપીલ છે કે, હવે તમે પુજારીઓ અને ગ્રંથીઓની આ યોજના અટકાવવાનો પ્રયાસ કરશો નહીં, નહિ તો પાપ લાગશે.

પુજારીઓ અને ગ્રંથીઓ તરફથી બદદુઆ મળશે. દિલ્હીમાં ચૂંટણી પહેલાં કેજરીવાલે મહિલા સન્માન યોજના અને સંજીવની યોજના જાહેર કરી હતી. જે હેઠળ દિલ્હીમાં ૧૮ વર્ષ કે તેથી વધુ વયની મહિલાઓને રૂ. ૧૦૦૦ પ્રતિ માસ મળશે. જો ૨૦૨૫માં આપ સરકાર ફરી સત્તા પર આવી તો આ રકમ વધારી રૂ. ૨૧૦૦ પ્રતિ માસ કરવાનું વચન પણ આપ્યું છે. તદુપરાંત સંજીવની યોજના હેઠળ સરકાર ૬૦ વર્ષ કે તેથી વધુ વયના લોકોની સારવાર ખર્ચનુ વહન કરશે.



મધ્યપ્રદેશના ઇન્દોરના મહુમાં આર્મી વોર કોલેજમાં કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહે મુલાકાત લીધી.

### 'CR450' પ્રોટોટાઇપ ટ્રેનથી મુસાફરી સુવિધાજનક થશે

# ચીનમાં વિશ્વની સૌથી ઝડપી હાઇસ્પીડ ટ્રેન, કલાક દીઠ ૪૫૦ કિમી.ની ઝડપે દોડશે

## બેઇજિંગ-શાંઘાઇ ટ્રેન સેવા સૌથી વધુ નફાકારક હતી, જ્યારે અન્ય શહેરોમાં નેટવર્ક હજુ પણ આકર્ષક બની શક્યું નથી

। (એજન્સી) બેઇજિંગ, તા.૩૦ ।

ચીન પોતાના રેલવે નેટવર્ક અને હાઈ-સ્પીડ ટ્રેનો માટે જાણીતું છે. ચીને રવિવારે પોતાનું હાઈ-સ્પીડ બુલેટ ટ્રેનનું અપટેડેટ મોડલ રજૂ કર્યું. આ હાઈ-સ્પીડ ટ્રેનના નિર્માતાનો દાવો છે કે પરીક્ષણ દરમિયાન આ હાઈ-સ્પીડ ટ્રેન ૪૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડશે, જેનાથી આ વિશ્વની સૌથી ઝડપી હાઈ-સ્પીડ ટ્રેન બની જશે.ચાઈના સ્ટેટ રેલેવ ગ્રુપ કંપની(ચાઈના રેલવે)ના જણાવ્યા પ્રમાણે, 'સીઆર૪૫૦' પ્રોટોટાઈપના નામથી આ ટ્રેન ઓળખાશે, આ ટ્રેનનું નવું મોડલ યાત્રાનો સમય હજુ વધુ ઓછો કરશે અને કનેક્ટિવિટીમાં સુધારો કરશે, જેનાથી દેશના હજારો યાત્રીઓ માટે મુસાફરી વધુ સુવિધાજનક અને સુગમ થઈ જશે. ચીનના સરકારી મીડિયાના અહેવાલ મુજબ,સીઆર૪૫૦ પ્રોટોટાઈપે ૪૫૦ કિલોમીટર પ્રતિ કલાકની પરીક્ષણની ગતિ હાંસલ કરી, જેમાં મુખ્ય પ્રદર્શન સંકેત, ઓપરેશન સ્પીડ, ઉર્જાનો વપરાશ, અંદરનો ઘોંઘાટ અને બ્રેકિંગ અંતર - એ એક નવા આંતરરાષ્ટ્રીય માપદંડો સ્થાપિત કર્યા છે. આ વર્તમાનમાં સેવામાં દોડી રહેલી સીઆર ૪૦૦ ફુક્સિંગ હાઈ-સ્પીડ રેલ(એચએસઆર) થી ખૂબ ઝડપી છે, જે ૩૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડે છે. ચીન રેલવે પ્રોટોટાઈપ માટે લાઈન પરીક્ષણોની એક શૃંખલાની વ્યવસ્થા ઊભી કરશે અને ટેકનિકલ ઈન્ડિકેટર્સને અનુકૂળ કરશે, જેથી એ સુનિશ્ચિત થઈ શકે કે સીઆર૪૫૦ જલદીમાં જલદીમાં કોમર્શિયલ સર્વિસમાં પ્રવેશ કરશે. તાજા સત્તાવાર આંકડા મુજબ, ચીનના ફુક્સિંગ હાઈ-સ્પીડ રેલ(એચએસઆર)ના ટ્રેકનું નેટવર્ક લગભગ ૪૭૦૦૦ કિલોમીટર સુધી પહોંચી ચુક્યું છે, જે દેશના પ્રમુખ શહેરોને જોડે છે. જોકે, આ નફાકારક નથી. ચીનનું કહેવું છે કે એસએસઆર નેટવર્કના વિસ્તારથી દેશના આર્થિક અને સામાજિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે.

### જનજીવનને વ્યાપક અસર

# પંજાબ, હરિયાણા સહિત ઉત્તર ભારતમાં શીત લહેર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩૦ ।

ઉત્તર ભારતના પંજાબ અને હરિયાણા સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં કાતિલ ઠંડી પડી રહી છે. તાપમાનનો પારો નીચે આવી જવાને લીધે આંશિકપણે જનજીવન પ્રભાવિત થયું છે. કાશ્મીરમાં હિમવર્ષા પછી સામાન્ય સ્થિતિ પરત ફરી રહી છે, કારણ કે વિમાન સેવા ફરીથી શરુ થઈ ગઈ છે અને રવિવારે કેટલાય રોડ-રસ્તાઓ પર વાહનોની અવરજવર શરુ થઈ છે. આ મોસમમાં સૌથી ભારે હિમવર્ષાના એક દિવસ પછી કાશ્મીરમાં જનજીવનમાં અસ્ત-વ્યવસ્થ થઈ ગયું હતું. ઉત્તરાખંડમાં ભેખડ ધસવાની ચેતવણી જારી કરાઈ હતી.હિમાચલ પ્રદેશના ઊંચાણવાળા વિસ્તારોમાં બરફવર્ષા થઈ, જેમાં કલ્પા અને કુફરીમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. નારકંડા, કેલોંગ અને રાજ્યના ઊંચાઈવાળા વિસ્તારોમાં અન્ય સ્થળો પર પણ બરફવર્ષા થઈ હતી. રાજસ્થાનમાં, રાજ્યના પૂર્વ ભાગોમાં કેટલાક સ્થળો પર હળવો વરસાદ પડ્યો, જ્યારે કેટલાક સ્થળો પર ભારે ધુમ્મસ છવાયેલું રહ્યું. કેટલાક સ્થાનો પર દિવસ પર ઠંડીનો અનુભવ થતો રહ્યો. જમ્મુ અને કાશ્મીર સરકારે શનિવારે પડેલી ભારે બરફવર્ષા પછી સેવાઓ શરૂ કરવા માટે લોકો અને મશીનરીને કામે લગાડી હતી. તાજેતરના દિવસોમાં સૌથી ભારે હિમવર્ષા પૈકીની એક હિમવર્ષાની થઈ, જે શુક્રવારે સાંજે શરુ થઈ અને શનિવારે પણ ચાલું રહી હતી.

### મહાકુંભના મેળામાં

# સુરક્ષા-સલામતી માટે સૌ પ્રથમવાર અન્ડર વોટર ડ્રોન તૈનાત કરાયા

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૩૦ ।

નવા વર્ષે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે યોજાઇ રહેલાં મહાકુંભના મેળામાં ચોવીસ કલાક સુરક્ષા પૂરી પાડવા અને સમગ્ર પ્રસંગની પ્રત્યેક ઘટના ઉપર ચાંપતી દેખરેખ રાખવા ત્રિવેણી સંગમના વિસ્તારમાં અંડર વોટર ડ્રોન (પાણીની અંદર) તૈનાત કરવામાં આવ્યા છે. આ ડ્રોન ૧૦૦ મીટરની ઉંડાઇ સુધી ડૂબકી લગાવવાની ક્ષમતા ધરાવે છે એમ સાંસ્કૃતિક મંત્રાલયે રવિવારે કહ્યું હતું. મહાકુભમાં આવનારા શ્રદ્ધાળુઓ, ભક્તો ને યાત્રાળુઓ તથા મુલાકાતીઓની સુગમતા માટે શહેરના ૯૨ રોડને રિપેર કરી નવા રંગરોગાન કરાઈ રહ્યા છે અને નદીઓ ઉપર ૩૦ જેટલા તરતા પુલ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ઉત્તર પ્રદેશ સરકાર પ્રયાગરાજ ખાતે યોજાઇ રહેલાં મહાકુંભ-૨૦૨૫ના મેળાને એક ભવ્ય, સલામત અને આધ્યાતિમક પ્રસંગ બનાવવાની તડામાર તૈયારીઓ કરી રહી છે એમ મંત્રાલયે કહ્યું હતું. ભારત અને વિશ્વરભમાંથી અંદાજે ૪૦ કરોડ શ્રદ્ધાળુઓ કુંભના આ મેળામાં આવે એવી સંભાવના રહેલી છે. ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધીના ૪૫ દિવસ ચાલનારા આ આધ્યાત્મિક ઉત્સવ થકી સમગ્ર વિશ્વ ભારતની ભવ્ય આધ્યાત્મિક પરંપરાઓ અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાથી પરિચિત થશે. સાંસ્કૃતિક મંત્રાલયે પ્રયાગરાજ ખાતે હાલ ચાલી રહેલી તડામાર તૈયારીઓની તમામ વિગતો જાહેર કરી છે.

## વિશેષ

### "ફિટ મીડિયા, ફિટ ઇન્ડિયા"

# માહિતી-પ્રસારણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં પત્રકારો માટે નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયા-રાજ્યના કુલ ૧,૫૩૨ પત્રકારોની સ્વાસ્થ્ય ચકાસણી

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે "ફિટ મીડિયા, ફિટ ઇન્ડિયા" અભિયાન અંતર્ગત પત્રકારો માટે નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પનો અમદાવાદ ખાતેથી કરાવ્યો હતો શુભારંભ

### સમાજના હિતાર્થે રાત-દિવસ દોડતા પત્રકારોનું સ્વાસ્થ્ય જળવાય તે માટે રેડક્રોસ કટિબધ્ધ - માહિતી વિભાગના સહયોગથી હેલ્થ ચેકઅપ કેમ્પ પરિણામલક્ષી બન્યા : શ્રી અજય પટેલ

। (માહિતી) અમદાવાદ ।





ભારતમાં પ્રેસ-મીડિયાને લોકશાહીની ચોથી જાગીર માનવામાં આવે છે. શિયાળો,, ઉનાળો હોય કે પછી ચોમાસું, પત્રકારો હરહંમેશ સમાચરો માટે દોડતા રહેતા હોય છે. દેશમાં લોકશાહીને જાળવી રાખવા માટે તટસ્થ -સચોટ માહિતી નાગરિકો સુધી પહોંચાડવાનું નેક કામ પત્રકારો કરે છે. એક સ્વસ્થ અને તંદુરસ્ત પત્રકાર સમાજને જાગૃત રાખવાનું કામ કરે છે ત્યારે તેમની સ્વાસ્થ્ય મહત્તા સમજીને રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા મીડિયા સંકલનની સાથે સાથે પત્રકારોને પૂરતું મહત્વ અને પત્રકારોને વીમા કવચ સહિતની વિવિધ સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. ગુજરાતના પત્રકારોનું સ્વાસ્થ્ય નિરંતર જળવાઈ રહે તે માટે માહિતી અને પ્રસારણ વિભાગ તેમજ ગુજરાત રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે રાજ્યભરમાં પત્રકારો/મીડિયા કર્મીઓ માટે "ફિટ મીડિયા, ફિટ ઈન્ડિયા" અભિયાન તાજેતરમાં હાથ ધરવામાં આવ્યું હતું. અમદાવાદ ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અભિયાનનો ૧૫ ઓક્ટોબરે અમદવાદથી રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી તેમજ માહિતી-પ્રસારણ વિભાગના સચિવ શ્રી અવંતિકાસિંહ તેમજ માહિતી નિયામક શ્રી કે. એલ. બચાણીના માર્ગદર્શન હેઠળ ગત તા. ૧૫ ઓક્ટોબરથી તા. ૧૯ ડિસેમ્બર દરમિયાન ગુજરાતના તમામ જિલ્લા મથકો ખાતે જિલ્લા માહિતી કચેરીઓ દ્વારા પત્રકાર/મીડિયા કર્મીઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ યોજાયેલા હેલ્થ ચેકઅપ કેમ્પ માં રાજ્યના કુલ ૧,૫૩૨ જેટલા પત્રકારો/મીડિયા કર્મીઓનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ હેલ્થ ચેકઅપ દરમિયાન પત્રકાર/મીડિયા કર્મીઓનું મુખ્યત્વે બ્લડ ટેસ્ટ, એક્સરે અને ઈસીજી સહિતના વિવિધ સામાન્ય ટેસ્ટ નિઃશુલ્ક કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિટામીન ઙ, વિટામીન મ્૧૨, કોલેસ્ટ્રોલ, થાઈરોઈડ અને ડાયાબીટીસ સહિતના વિવિધ ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. સાથે જ, હેલ્થ ચેકઅપ ટીમ દ્વારા પત્રકાર મિત્રોને આરોગ્ય સંબંધિત અને સ્વસ્થ જીવન સંદર્ભે જરૂરી માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું. ગુજરાત રેડક્રોસ સોસાયટીના અધ્યક્ષ શ્રી અજય પટેલે જણાવ્યું હતું કે, સમાજના હિતાર્થે રાત-દિવસ દોડતા પત્રકારોનું સ્વાસ્થ્ય જળવાય તે માટે રેડક્રોસ દ્વારા માહિતી વિભાગના સંકલનમાં આ કાર્યક્રમોનું સુદ્રઢ આયોજના કરવામાં આવ્યું હતું. આગાઉ પણ રેડક્રોસ સોસાયટી દ્વારા અમદાવાદના પત્રકારો માટે સ્વાસ્થ્ય ચકાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૧૮ જેટલા પત્રકારોનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. પત્રકારોની સ્વાસ્થ્ય ચકાસણીના પગલે અનેક પત્રકારોને ભવિષ્યમાં થનારા ગંભીર રોગોથી બચાવાયા છે. સાથે સાથે આવા અનેકવિધ અભિયાનો થકી રાજ્યના તમામ નાગરિકોને રાજ્ય સરકાર સુશાસનની અનુભૂતિ કરાવે છે એમ તેમણે ઉમેર્યુ હતું. સમગ્ર રાજ્યના પત્રકારોએ રાજ્ય સરકારની આ સેવાને બિરદાવતા જણાવ્યું હતું કે, રાજ્યનો મહિતી વિભાગ પત્રકારોના સ્વાસ્થ્ય જાળવણી માટે તત્પર છે તે અનુકરણીય છે. માહિતી-પ્રસારણ વિભાગ માટે પત્રકારોનું સ્વાસ્થ્ય અને તેમનું તંદુરસ્ત જીવન હરહંમેશ મહત્વપૂર્ણ વિષય રહ્યો છે. પત્રકારોના હિતાર્થે યોજાયેલા આ અભિયાનમાં સહયોગ આપવા બદલ માહિતી અને પ્રસારણ વિભાગે રેડક્રોસ સોસાયટીની સંપૂર્ણ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વર્ષ ૨૦૨૪ની ભારત સરકારની રાજ્ય માટેની જાહેરાતો અને મહત્ત્વની પહેલ

- વડોદરામાં C-295 એરક્રાફ્ટના ઉત્પાદન માટે ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સ થયું કાર્યરત.
- રૂપિયા ૧૨૩૮ કરોડના ખર્ચે તૈયાર થનાર નેશનલ મેરીટાઈમ હેરીટેજ કોમ્પલેક્ષ અને લાઈટ હાઉસ મ્યુઝિયમના નિર્માણને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી.
- કેન્દ્રીય કેબિનેટે સાણંદમાં કેયન્સ સેમિકોનના રૂપિયા ૩૩૦૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર પ્લાન્ટને મંજૂરી આપી, જેની ક્ષમતા રોજની ૬૦ લાખ ચીપ્સ ઉત્પાદનની હશે.
- ધોલેરા-ભીમનાથ ૨૩.૩૩ કિલોમીટર નવી બ્રોડગેજ રેલવે લાઈન પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકારે રૂપિયા ૪૬૬ કરોડની ફાળવણી કરી. જેના કારણે ધોલેરાને સીધી રેલવે કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે.
- રાજ્યમાં ૫૦૦ મેગાવોટના ઓફશોર વિન્ડ એનર્જી પાર્ક પ્રોજેક્ટની સ્થાપના માટેની વાયેબિલિટી ગેપ ફંડીંગ યોજનાને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી.
- ધોલેરામાં ટાટા ઈલેક્ટ્રોનિક્સ પ્રાઈવેટ લિમિટેડ અને પાવરચીપ સેમિકન્ડક્ટર મેન્યુફેચરીંગ કોર્પોરેશનના ૯૧૧ હજાર કરોડના રોકાણ સાથેની સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન યુનિટ, તેમજ સાણંદમાં સી. જી. પાવર, રેનેસાસ ઈલેકટ્રોનિક કોર્પોરેશન અને સ્ટાર્સ માઈક્રો ઈલેક્ટ્રોનિક્સના સંયુક્ત ઉપક્રમે ૭૬૦૦ કરોડના રોકાણના સેમિકન્ડક્ટર ATMP ફેબ્રિકેશન યુનિટને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી.
- રૂપિયા ૯ હજાર કરોડના ખર્ચે તૈયાર થનાર મુંદ્રા પાણીપત પાઈપ લાઈનનનો શિલાન્યાસ વડાપ્રધાનશ્રીના હસ્તે થયો.
- અમદાવાદ-ગાંધીનગર મેટ્રો કાર્યરત. આગળના ફેઝનું કામ પૂરગતિમાં કાર્યરત.
- દેશનો સૌપ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ગુજરાતમાં ઝડપથી આગળ વધી રહ્યો છે. ગુજરાતનું અમદાવાદ તથા મહારાષ્ટ્રનું મુંબઈ, એવા પહેલા શહેરો હશે, જે ઝડપી ગતિની આ બુલેટ ટ્રેનના પ્રત્યક્ષ સાક્ષી બનશે.
- રાજકોટ અને સુરત ખાતે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ થયાં કાર્યરત સાથે જ ઉડાન યોજના હેઠળ ભાવનગર, જામનગર, કંડલા, કેશોદ, મુંદ્રા અને પોરબંદર એરપોર્ટને કનેક્ટિવિટી મળી.
- જામનગર – બઠીંડા (ભટીંડા) ૧૩૧૬ કિલોમીટરના હાઈવેનું નિર્માણ જે બઠીંડા, બાડમેર અને જામનગર ત્રણ મોટી રિફાઈનરીઓને જોડે છે.
- દ્વારકાથી બેટ દ્વારકા સુધી રૂા. ૯૭૯ કરોડના ખર્ચે સુદર્શન સેતુનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૨.૩ કિમી લાંબા આ બ્રિજની સાથે-સાથે ૨.૪૫ કિમીના એપ્રોચ રોડ તથા પાર્કિંગની સુવિધા પણ વિકસિત કરવામાં આવી છે. તેના કારણે હવે દ્વારકાથી બેટ દ્વારકા સરળતાથી પહોંચી શકાશે.
- રૂા.૧૧૯૫ કરોડના ખર્ચે નિર્માણ થયેલ રાજકોટ AIIMSનું વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું.
- રૂા. ૧૨૦૦ કરોડના ખર્ચે સાબરમતી ગાંધી આશ્રમનો પુનઃવિકાસ.

**વર્ષ ૨૦૨૦૪ના રાજ્ય સરકારના મહત્ત્વના સકારાત્મક કાર્યો**

- ગુજરાતની જનતા માટે ગરવું ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત અને ગતિશીલ ગુજરાત એમ પચ્ના મંત્ર સાથે સર્વગ્રાહી દિશાદર્શન કરતું રૂા. ૩ લાખ ૩૨ હજાર કરોડનું માતબર બજેટ.
- વર્ષ ૨૦૨૪-૨૫માં જેન્ડર બજેટમાં મહિલા સશક્તિકરણની કુલ ૮૦૪ યોજનાઓ આવરી લેવામાં આવી.
- નારી ગૌરવ નીતિ ૨૦૨૪ જાહેર કરી.
- કુટિર ગ્રામોદ્યોગ પોલિસીની ઘોષણા કરવામાં આવી.
- ખરીદ નીતિ ૨૦૨૪ લાગૂ કરવામાં આવી.
- ગ્રીન હાઈડ્રોજન પોલિસી બનાવવામાં આવી.
- નવી ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪ની જાહેરાત.
- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું ૧૦મા સંસ્કરણનું સફળતાપૂર્વક આયોજન અને રૂા. ૪૫ લાખ કરોડથી વધુના ૯૮,૦૦૦ થી વધુ MoU થયા. સૌ પ્રથમ વખત જિલ્લા સ્તરે 'વાયબ્રન્ટ ગુજરાત, વાયબ્રન્ટ ડિસ્ટ્રિક્ટ'નું આયોજન.
- કેન્દ્રના નીતિ આયોગની પેટર્ન પર રાજ્યમાં ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT)ની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા રાજ્યની વિકાસ વ્યૂહરચનાઓને આગળ ધપાવશે.
- સપ્ટેમ્બર ૨૦૨૪માં નીતિ આયોગના જી-હબ ઈનિશિએટિવ હેઠળ સુરત ઈકોનોમિક ડેવલપમેન્ટ પ્લાન જાહેર.
- રાજ્યમાં શહેરીકરણ સુદૃઢ થાય તે માટે નવી ૯ મહાનગર પાલિકા અને ૧ નગરપાલિકાની રચના થશે.
- "કિસાન સૂર્યોદય યોજના" હેઠળ ૯૬ ટકા ગામના ખેડૂતોને દિવસે વીજળી મળતી થઈ. રાજ્યના ૧૮,૨૨૫ ગામ પૈકી ૧૭,૧૯૩ ગામમાં ૨૦.૫૧ લાખથી વધુ ખેતીવાડી વીજ જોડાણો કરાયા.
- રૂા. ૨૮૦૦ કરોડથી વધુના મૂલ્યની વિવિધ કૃષિ પેદાશોની ટેકાના ભાવે ખરીદી.
- ૧૧મી નવેમ્બરથી ૯૦ દિવસ સુધી મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કાર્ય આરંભાયું.
- ૨૪૬ તાલુકાઓમાં રવી કૃષિ મહોત્સવ દ્વારા ૨.૧૦ લાખથી વધુ ખેડૂતોએ મેળવ્યું આધુનિક ખેતીનું માર્ગદર્શન.
- ઈ-સેવાઓ વધુ સુલભ બને તે માટે PACS એટલે કે પ્રાથમિક કૃષિ ધિરાણ સંસ્થાઓને સામાન્ય સેવા કેન્દ્રો (CSCs) તરીકે વિકાસાવવા માટે GOIની પહેલ અન્વયે 3,233PACS ઓનબોર્ડ.
- નળકાંઠાના વિસ્તારમાં ૩૯ ગામોને સિંચાઈની સુવિધા મળી રહે તે માટે રૂા. ૪૦૦ કરોડથી વધુના કામોનો પ્રારંભ.
- 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળ ૨ કરોડ ૬૮ લાખ લોકોને ભોજન વિતરણ.
- 'શ્રમિક બસેરા યોજના'ની શરૂઆત, આગામી ત્રણ વર્ષમાં રૂ. ૧૫૦૦ કરોડના ખર્ચે ૩ લાખ જેટલા શ્રમિક બસેરાના નિર્માણનું આયોજન.
- રાજ્યની દીકરીઓ વધુ ભણે અને આગળ વધે તે માટે શરૂ કરાયેલી 'નમો લક્ષ્મી' યોજના દ્વારા લગભગ ૧૦ લાખ વિદ્યાર્થિનીઓને રૂા. ૧૩૮ કરોડથી વધુની સહાય ચૂકવાઈ.
- વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં ભણવા પ્રેરાય તે માટે શરૂ કરાયેલી 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' અંતર્ગત ૨.૫ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂા. ૨૮ કરોડથી વધુની સહાય ચૂકવાઈ.
- 'નમો શ્રી યોજના' હેઠળ ગર્ભવતી મહિલાઓને ૧૨ હજાર રૂપિયાની આર્થિક સહાય આપવાની યોજના દ્વારા ૧.૪૫ લાખ લાભાર્થીઓને સહાય.
- PMJAY-MA હેઠળ મળતી સહાય બમણી, હવે રૂ. ૧૦ લાખ સુધીની સારવાર નિઃશુલ્ક.
- પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (PMNDP) અંતર્ગત ગુજરાતમાં નવા ૧૮૮ ડાયાલિસિસ કેન્દ્રો કાર્યરત.
- રાજ્યમાં કુલ ૩૫ ડે કેર કીમોથેરાપી સેન્ટર્સ શરૂ કરવામાં આવ્યા. જેમાં ૬૩ હજારથી વધુ દર્દીઓના ૧,૬૯,૦૬૬ કીમોથેરાપી સેશન્સ.
- સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ પ્રાથમિક શાળાના ૪૧ લાખ વિદ્યાર્થીઓને પૌષ્ટિક અલ્પાહાર આપવા માટે 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'નો આરંભ.
- સુરતમાં વિશ્વના સૌથી મોટા કોર્પોરેટ ઓફિસ હબ ડાયમંડ બુર્સનું લોકાર્પણ.
- કેન્દ્ર અને રાજ્ય સરકારની ૬૮૦ થી પણ વધુ યોજનાઓની માહિતી નાગરિકોને "મારી યોજના" એક જ ડિજિટલ પ્લેટફોર્મ પરથી મળી રહેશે.
- યુવાનોના ઈનોવેટીવ વિચારોને ગુડ ગવર્નન્સમાં સાંકળવાની દિશામાં "સરદાર પટેલ ગુડ ગવર્નન્સ ફેલોશીપ"ની શરૂઆત કરી.
- ગુજરાતમાં 'એક પેડ માં કે નામ' અંતર્ગત ૧૭ કરોડ ૧૯ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર.
- મુખ્યમંત્રીશ્રીને મળતી ભેટ-સોગાદોના વેચાણ માટે પોર્ટલ લોન્ચ.
- રાજ્યના ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય
- ભ્રષ્ટ અને ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલી સંપત્તિઓને જપ્ત કરવા માટે ગુજરાત સ્પેશિયલ કોર્ટ્સ ઍક્ટ, ૨૦૨૪ અમલી.
- ગુજરાત માનવબલિ અને બીજી અમાનુષી, અનિષ્ટ તેમજ અઘોરી પ્રથા, કાળા જાદુ અટકાવવા નિર્મૂલન વિધેયક સર્વાનુમતે પસાર.
- ગુજરાત પોલીસે તાજેતરમાં સુરતમાં તેના પ્રથમ એન્ટી-નાર્કોટિક્સ યુનિટનું ઉદઘાટન કર્યું.
- રાજ્યની ૩૪ નગરપાલિકાઓમાં સિટિઝન સિવિક સેન્ટર કાર્યરત થતાં આ નગરોના નાગરિકોને સરકારી સેવાઓ મેળવવામાં સરળતા રહેશે.
- ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪માં વસૂલાત પાત્ર ફ્યુઅલ સરચાર્જમાં ૪૦ પૈસાનો ઘટાડો.
- યુનાઈટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા કચ્છનું ધોરડો ગામ "બેસ્ટ ટુરિઝમ વિલેજ" જાહેર.
- UNESCOના Prix Versailles એવોર્ડ અંતર્ગત ભુજનું સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ અને મ્યુઝિયમ વિશ્વના સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સામેલ.
- છોટાઉદેપુરના હાંફેશ્વર ગામને કેન્દ્રના પર્યટન મંત્રાલય દ્વારા હેરિટેજ કેટેગરીમાં શ્રેષ્ઠ ગ્રામીણ પર્યટન સ્પર્ધા ૨૦૨૪નો એવોર્ડ.
- વાવકુલ્લી-૨ પંચાયતને દેશની સર્વશ્રેષ્ઠ "સુશાસન યુક્ત પંચાયત" તરીકે પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત.
- ૭૫મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં ગુજરાતનો ટેબ્લો સતત બીજા વર્ષે પીપલ્સ ચોઈસ એવોર્ડમાં પ્રથમ ક્રમે
- ૨૦૨૪ના વર્ષના પ્રથમ દિવસે સમગ્ર ગુજરાતમાં એક સાથે ૧૦૮ સ્થળો ઉપર ૫૦,૦૮૬ લોકોએ સૂર્ય નમસ્કાર કરીને નવો ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ સ્થાપતિ કર્યો.

## ન્યૂઝ બ્રિફ

### ક્રિસમસના તહેવારોમાં યાત્રાળુઓની સાથે સાથે સહેલાણીઓનો પ્રવાહ પણ દ્વારકા તરફ ફંટાયો

। (એજન્સી) ખંભાળિયા, તા.૩૦ ।

યાત્રાધામ દ્વારકા છેલ્લા દાયકામાં ટુરીઝમના વિકાસ બાદ હિન્દુ ધર્મના પ્રથમ હરોળના યાત્રાધામની સાથે સાથે દરીયાઈ વિસ્તાર હોય વિશાળ અરબી સમુદ્રના કુદરતી સૌંદર્ય સમા આહલાદક વાતાવરણની મોજ લેવા સહેલાણીઓ માટે પણ હરવા ફરવાના સ્થળ તરીકે મહત્વનું ટુરીસ્ટ પોઈન્ટ બની રહ્યું છે. આથી દર વર્ષની જેમ આ વખતે પણ ક્રિસમસના તહેવારોથી શરૂ થયેલાં મીની વેકેશન સમા સમયગાળામાં યાત્રાળુઓની સાથે સાથે સહેલાણીઓનો પ્રવાહ પણ દ્વારકા તરફ ફંટાયો છે. અને છેલ્લાં એક સપ્તાહમાં સાડા છ લાખ ભક્તોએ દ્વારકાધીશના દર્શન કર્યા છે. ક્રિસમસના તહેવારોથી શરૂ થયેલા મીની વેકેશનના આ સમયગાળામાં યાત્રાળુઓની સાથે સાથે સહેલાણીઓનો પ્રવાહ પણ દ્વારકા તરફ ફંટાયો છે અને છેલ્લાં એક સપ્તાહથી અહીં યાત્રાળુઓનો અભૂતપૂર્વ ઘસારો જોવા મળી રહ્યો છે.

### ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર વધુ એક વખત અકસ્માત જોવા મળ્યો

। (એજન્સી) ભાવનગર, તા.૩૦ ।

ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર વધુ એક વખત અકસ્માત જોવા મળ્યો. બુધેલ ગામ નજીક કાર અને રિક્ષા વચ્ચે ટક્કર થતાં અકસ્માત સર્જાયો. ગમખ્વાર અકસ્માતમાં ત્રણથી વધુ લોકોને ઈજાઓ પંહોચી. અકસ્માતમાં રિક્ષામાં સવાર લોકોને ગંભીર ઈજા પંહોચતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા. ગંભીર અકસ્માતને પગલે ઘટનાસ્થળ પર લોકો ભેગા થઈ ગયા હતા. અકસ્માતની જાણ થતા પોલીસ કાફલો પણ ઘટના સ્થળે પંહોચ્યો. રાજ્યમાં સૌથી વધુ અકસ્માત નેશનલ હાઈવે પર થતા હોય છે. ભાવનગર-સોમનાથ નેશનલ હાઈવે પર એક મહિનાની અંદર જ ફરી ત્રીજો ગંભીર અકસ્માત જોવા મળ્યો. પંદર દિવસ અગાઉ ૧૭ ડિસેમ્બરના રોજ રેતી ભરેલા ડમ્પર અને લકઝરી બસનો અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં બસમાં સવાર ૬ લોકોના ઘટનાસ્થળ પર મોત નિપજ્યા હતા.

## પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનું સુરત એરપોર્ટ પર ઉષ્માભર્યું સ્વાગત





પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનું સુરત એરપોર્ટ પર મેયર દક્ષેશ માવાણી, પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત તથા જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીએ ઉષ્માભર્યું સ્વાગત કર્યુ હતું. પૂર્વ રાષ્ટ્રપતિ તેમના નિર્ધારિત કાર્યક્રમ અનુસાર સુરત એરપોર્ટ પર ઉતરાણ કરી દમણ જવા રવાના થયા હતા.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું સુરત એરપોર્ટ પર ઉષ્માભર્યું સ્વાગત





કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનું સુરત એરપોર્ટ ખાતે રાજયના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, મેયર દક્ષેશ માવાણી, પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત તથા જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીએ ઉષ્માભર્યું સ્વાગત કર્યુ હતું. કેન્દ્રીય ગૃહમંત્રી તેમના નિર્ધારિત કાર્યક્રમ અનુસાર સુરત એરપોર્ટ પર ઉતરાણ કરી ધરમપુર જવા રવાના થયા હતા.

## નારાયણ બિઝનેસ સ્કૂલ ખાતે માટે ભવ્ય પદવીદાન સમારોહ યોજાયો



। અમદાવાદ, તા.૩૦ ।

નારાયણ બિઝનેસ સ્કૂલ, અમદાવાદ ખાતે બેચ ૨૦૨૨-૨૦૨૪ના અનુસ્નાતક વર્ગના વિદ્યાર્થીઓ માટેના પદવીદાન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં મુખ્ય અતિથી તરીકે હિટાચી ઈન્ડિયાના બોર્ડ ઓફ ડાયરેક્ટરના સભ્ય, સી.એચ.આર. ઓ અને ડીએન્ડઆઈ લીડ શ્રી અશુતોષ અંશુ અને ઝેબર ઈન્ડસ્ટ્રીઝના ફાઉન્ડર શ્રી રમેશ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

નારાયણ બિઝનેસ સ્કૂલના ફાઉન્ડર અને ડાયરેક્ટર ડૉ. અમિત ગુપ્તાના પ્રારંભિક પ્રવચન સાથે સમારંભની શરૂઆત કરવામાં આવી હતી. આયોજિત પદવીદાન સમારંભની અધ્યક્ષતા શ્રી અશુતોષ અંશુ, શ્રી રમેશ દેસાઈ તેમજ ડૉ. અમિત ગુપ્તા, ડીન એકેડેમિક્સ ડૉ. પૂર્વી ગુપ્તા અને વિશાલ તિવારી (VP - ગ્રોથ એન્ડ સ્ટ્રેટેજી) દ્વારા કરવામાં આવી હતી. મંચસ્થ અગ્રણીઓના હસ્તે વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની મહેનત અને સમર્પણને બિરદાવવા માટે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓનેએકેડેમિક એવોર્ડ્સ અંતર્ગત ૫ ગોલ્ડ, ૬ સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને સ્પેશિયલ એચીવમેન્ટ એવૉર્ડ, સ્ટુડન્ટ ઓફ ધ યર અને કોર્પોરેટ એક્સેલેન્સ એવૉર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય અતિથી શ્રી અશુતોષ અંશુએ તેમના પ્રાસંગિક સંબોધનમાં વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતુ અને વિદ્યાર્થીઓને તેમનાં કારકિર્દી નિર્માણ માટે કેળવણી અને મહેનતની મહત્તા પર ભાર મૂક્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ગરિમા મિશ્રા દ્વારા કરવામાં આવ્યું હતું.

સમારંભ દરમિયાન વિદ્યાર્થીઓ, તેમના માતાપિતા અને પ્રોફેસર્સના ચહેરા પર ગૌરવ છવાયેલ જોવા મળી રહ્યું હતું. આ પદવીદાન સમારંભ નારાયણ બિઝનેસ સ્કૂલના વિદ્યાર્થીઓ માટે નવા માર્ગ પર આગળ વધવા માટે એક યાદગાર ક્ષણ બની રહી.

## લીલી પરિક્રમાની જેમ પાવાગઢની પરિક્રમાનો મહિમા રહેલો છે

। (એજન્સી) પાવાગઢ, તા.૩૦ ।

ગિરનારની લીલી પરિક્રમાની જેમ પાવાગઢની પરિક્રમાનો પ્રારંભ થયો છે. સોમવારથી બે દિવસ માટે શરૂ થયેલી પરિક્રમામાં હજારો માઈ ભક્તો જોડાયા છે. છેલ્લા નવ વર્ષથી માઈ ભક્તો દ્વારા પાવાગઢની ૪૪ કિલોમીટરની પરિક્રમાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પાવાગઢ ખાતે મહાકાળી માતાના મંદિરે ૫૦૦ વર્ષ બાદ ધ્વજા રોહણ અને જીર્ણોદ્ધાર થયા બાદ ભક્તોનો ભારે ઘસારો જોવા મળે છે. આ પરિક્રમા વિશે જેમ જેમ લોકોને ખબર પડી રહી છે, તેમ તેમ દર વર્ષે ભક્તોની સંખ્યા પણ વધી રહી છે. પાવાગઢની તળેટીમાં આવેલા વાઘેશ્વરી માતાના મંદિરેથી તાજપુરા આશ્રમના પૂ.લાલ બાપુ, રામજી મંદિરના રામ શરણ બાપુ તેમજ અન્ય સાધુ સંતો અને ધારાસભ્ય સહિત આગેવાનોની ઉપસ્થિતિમાં બે દિવસની ૯ મી પાવાગઢની પરિક્રમાનો પ્રારંભ થયો છે. શિયાળામાં ઠંડક રહેતી હોવાથી ભક્તોને ખાસ કોઈ તકલીફ પણ નથી પડતી. પહાડોની વચ્ચે કુદરતી સૌંદર્યને માણતા માણતા અને માતાજીનું નામ લેતા ભક્તો હર્ષોલ્લાસ સાથે આ યાત્રા કરે છે. પરિક્રમામાં વડોદરા, પંચમહાલ તેમજ આસપાસના જિલ્લામાંથી સેંકડો ભક્તો ઉમટ્યા છે. વહેલી સવારથી જ ઠેર ઠેર સંઘો ભજન મંડળીઓ સાથે પરિક્રમામાં સામેલ થયા.

### વિકાસના કામ માટે મુખ્યમંત્રીએ ખોલ્યો ખજાનો

# ૧૭ નપા અને ૭ મનપા માટે મંજૂર કરાયા ૧ હજાર કરોડ

### શહેરીજન જીવન સુવિધા વધારવાના કામો માટે કુલ રૂ. ૧૦૦૦.૮૬ કરોડ ફાળવવાની એક જ દિવસમાં મંજૂરી

। (એજન્સી) ગાંધીનગર, તા.૩૦ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સમ્યક શહેરી વિકાસની નેમ સાકાર કરતાં રાજ્યની ૭ મહાનગરપાલિકાઓ, ૩ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ અને 'ક' તથા 'ડ' વર્ગની નાની નગરપાલિકાઓ સહિત ૧૭ નગરપાલિકાઓમાં શહેરીજન જીવન સુવિધા વધારવાના કામો માટે કુલ રૂ. ૧૦૦૦.૮૬ કરોડ ફાળવવાની એક જ દિવસમાં મંજૂરી આપી છે.

ગુજરાતના વર્લ્ડ ક્લાસ ડેવલોપમેન્ટને પરિણામે વધતા જતા વ્યાપાર-ઉદ્યોગને કારણે વધી રહેલા શહેરીકરણ અને શહેરોમાં ઉત્તરોત્તર વધતી જન સંખ્યાની સુવિધા સુખા-કારી માટે તત્કાલીન મુખ્યમંત્રી તરીકે ૨૦૧૦માં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની રાજ્ય સરકારે આ યોજનાની સફળતાને પગલે ૨૦૨૬-૨૭ સુધી તેને ચાલુ રાખી છે.

મુખ્યમંત્રીએ આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ ઘટકો અંતર્ગત આ ૧૦૦૦.૮૬ કરોડ રૂપિયાના બહુવિધ કામો માટે મંજૂરી આપી છે. મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે કુલ ૧૪૧.૩૭ કરોડ રૂપિયા મંજૂર થયા છે તેમાં નવી રચાયેલી મુન્દ્રા-બોરાઈ નગર પાલિકાને ચોમાસામાં ભારે વરસાદથી માર્ગોને થયેલા નુકશાનની મરામત અને નવા માર્ગો માટે ૭ કરોડ ૭૫ લાખ સહિત વાઘોડિયા નગરપાલિકા માટે ૪.૪૬ કરોડ, ડભોઈ માટે ૧.૭૫ કરોડ તેમજ ૩ મહાનગરપાલિકાઓ જુનાગઢને રૂ. ૨૫ કરોડ, જામનગરને રૂ. ૪૭.૫૩ કરોડ તથા ભાવનગરને રૂ. ૫૪.૮૮ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ખાનગી સોસાયટી જન ભાગીદારી ઘટકમાં ૭૦:૨૦:૧૦ના ફાળા સાથે ખાનગી સોસાયટીઓમાં પેવર બ્લોક, ઘરગટર જોડાણ, પાણીની પાઈપલાઈન નાખવા જેવા વિવિધ કામો માટે નાણાં ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત વડોદરા અને ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં કુલ ૧.૬૦ કરોડ ઉપરાંત 'બ', 'ક' અને 'ડ' વર્ગની નગરપાલિકાઓ ધાનેરા, વિરમગામ, દ્વારકા, આણંદ, કડી, નડિયાદ અને માણસા માટે કુલ ૩૪.૭૮ કરોડ મુખ્યમંત્રીએ મંજૂર કર્યા છે. મુખ્યમંત્રીશ્રએ આઉટગ્રોથ એરીયા ડેવલોપમેન્ટ અન્વયે નગરપાલિકા, મહાનગર પાલિકા વિસ્તારોને અડીને આવેલા વિસ્તારોમાં સી.સી. રોડ, સ્ટ્રીટ લાઈટ, પાણીની પાઈપલાઈન, ડામર રોડ બનાવવા જેવા કામો માટે જુનાગઢ અને ભાવનગર, રાજકોટ મહાનગરપાલિકા ઉપરાંત ચોટીલા, ધાનેરા, દહેગામ, ભરૂચ અને પાલનપુર નગરપાલિકાઓને કુલ મળીને ૧૪૮.૧૧ કરોડ રૂપિયા ફાળવવા અનુમતિ આપી છે.